॥ હરિઃૐ ॥



# પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ-૮

# એકીકરણ સમીકરણ

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિ:ૐ ॥

# પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ-૮
## એકીકરણ સમીકરણ

સ્વજન : શ્રી રમણભાઈ બી. અમીન
સંપાદક : ડૉ. રમેશભાઈ મ. ભટ્ટ

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૦ | ૧૫૦૦ |
| બીજી | ૨૦૦૬ | ૨૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૨ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૨૨ + ૧૪૨ = ૧૬૪

❑ કિંમત : **રૂ. ૧૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

પૂજ્ય શ્રીમોટા પ્રત્યે ભક્તિ અને સમર્પણભાવે રંગાયેલ શ્રી રતિભાઈ રંગૂનવાળાનો સમગ્ર પરિવાર, જેઓ હરિઃૐ આશ્રમ, સુરતની તમામ જરૂરિયાતો માટે હંમેશાં ખડેપગે તૈયાર હોય છે, માતાપિતાના સુસંસ્કારો વડે ઉછરેલ અને વિશેષમાં પરિવારનાં માતુશ્રી જેઓએ બાળકોના ઉછેરમાં તેમ જ પૂજ્ય શ્રીમોટાની પ્રવૃત્તિમાં સમગ્ર પરિવારને સવિશેષ, સક્રિયપણે, જાગ્રત ભાવનાથી સંકળાયેલો રાખ્યો છે, એ 'મા'ની આજે ગેરહાજરીમાં પણ તેઓએ સીંચેલા સંસ્કારોના બળ વડે આખો પરિવાર પૂજ્ય શ્રીમોટાને સમર્પિત રહ્યો છે, જેમની સ્મૃતિમાં જ્યેષ્ઠ પુત્ર શ્રી ડૉ. નિરંજનભાઈ રંગૂનવાળા તરફથી શ્રીમોટા ચરણેની ઓડિયો સીડી આશ્રમને ભેટ આપવામાં આવી છે, તે

પરમ વંદનીય, પૂજનીય 'મા'

**સદ્‌ગત શ્રીમતી કમુબા રતિલાલ રંગૂનવાળા**

તથા

**સદ્‌ગત શ્રી રતિલાલભાઈ ગિરધરલાલ રંગૂનવાળાને**

સ્મરીને **'એકીકરણ સમીકરણ'** પુસ્તકની આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન પ્રેમપૂર્વક સમર્પણ કરતાં આનંદ અને આભારની લાગણી અમો વ્યક્ત કરીએ છીએ.

તા. ૧-૪-૨૦૧૨ **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી હરિઃૐ આશ્રમ, સુરત.

॥ હરિ:ૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

ઈ.સ. ૧૯૭૪-૧૯૭૫ દરમિયાન પૂજ્ય શ્રીમોટા, ફાજલપુરના ફાર્મ હાઉસમાં આરામ માટે રહેલા. એ જ વર્ષોના ગાળામાં થોડોક સમય એલેમ્બિક હૉસ્પિટલમાં હતા. તથા બેંગ્લોર પણ ગયેલા. તેઓશ્રીના નિવાસના એ દિવસો દરમિયાન વહેલી પરોઢે ચાર થી પાંચ સુધી અમારે એમની પાસે જવું અને સત્સંગ કરવો એમ નક્કી કરેલું. તેઓશ્રીએ મને એકબે પ્રશ્નો સાથે જ આવવાનું સૂચવેલું. આથી, મારા મનમાં થતાં પ્રશ્નો હું પૂછતો. ક્યારેક ધીરજબહેન પણ કંઈક પૂછે. ચિ. જ્યોતિબહેન પણ સત્સંગમાં રસપૂર્વક ભાગ લે.

પૂજ્ય શ્રીમોટાએ આ સત્સંગ ટેપ પર ઉતારી લેવાય તો બધાંને ખપમાં આવે એમ જણાવીને ટેપરૅકૉર્ડર પણ સાથે રાખવાની સંમતિ આપી હતી. આથી, તેઓશ્રી સાથે થયેલો સત્સંગ ટેપ પર રૅકૉર્ડ કરેલો. એવી પચાસેક કેસેટ્સ ભરાયેલી. આ કેસેટ્સ બાર વર્ષ લગી-૧૯૮૭ સુધી અમારા અંગત ઉપયોગમાં આવી હતી. પૂજ્ય શ્રીમોટાની વાણી પૂજ્ય શ્રીમોટાનાં હજારો સ્વજનો સુધી પહોંચે એવી ભાવના મને રહ્યા કરતી હતી. ૧૯૮૭માં આવી જ ભાવના શ્રી રમેશભાઈએ મારી સમક્ષ વ્યક્ત કરી. એમણે એ કેસેટ્સમાંની પૂજ્ય શ્રીમોટાની વાણીનું સંકલન-સંપાદન કરીને હસ્તપ્રત મને વાંચવા આપી. પૂજ્ય શ્રીમોટાની જે અમૃતવાણીનું પાન અમે કરેલું, એનું અક્ષરરૂપ વાંચીને મેં પ્રસન્નતા અનુભવી હતી.

ટેપ પર ઊતરેલી પૂજ્ય શ્રીમોટાની વાણીને ઉતારીને એનું વાચનક્ષમ રૂપ આપવું એ ઘણા જ પરિશ્રમનું કામ છે. એ કામ શ્રી રમેશભાઈએ છ વર્ષ દરમિયાન ઉમળકાથી કર્યું. પરિણામે પૂજ્ય

શ્રીમોટા સાથેનો સત્સંગ જુદા જુદા વિષયોનાં આઠ પુસ્તકોરૂપે પ્રગટ થઈ શક્યો.

પૂજ્ય શ્રીમોટા સાથેના સત્સંગનું આ પુસ્તક **'એકીકરણ સમીકરણ'** તેઓશ્રીના પરમાત્માનુભવની નિરંતરતાને બુદ્ધિગ્રાહ્ય બનાવતું પુસ્તક છે. કોઈ પણ નિમિત્તે સમર્થનો સમાગમ થયો છે, એના દ્વારા સહજ રીતે થઈ રહેલી ગૂઢ પ્રક્રિયાનો નિરંતર સાથ રહે છે, એવી દૃઢ પ્રતીતિ આ સત્સંગથી અનુભવાય છે.

પૂજ્ય શ્રીમોટાની વાણીનું અક્ષરરૂપ પ્રગટ કરીને ધન્યતા અનુભવું છું. અગાઉના સાત ગ્રંથોની જેમ આ ગ્રંથ પણ પ્રેરક બની રહેશે એવી મને શ્રદ્ધા છે.

વડોદરા, **રમણભાઈ બી. અમીન**

તા. ૩-૪-૧૯૯૦

॥ હરિઃૐ ॥

# આભારદર્શન

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૭૪-૧૯૭૫ દરમિયાન શ્રી રમણભાઈ અમીન સાથે સત્સંગ કરેલો. એ સત્સંગને ટેપ પર રૅકૉર્ડ કરાયો હતો. એ પરથી આજ સુધીમાં સાત પુસ્તકો પ્રગટ થયાં અને આ આઠમા પુસ્તક **'એકીકરણ સમીકરણ'** સાથે એ પૂરેપૂરો સત્સંગ અક્ષરરૂપે પ્રકાશિત થઈને પૂરો થાય છે.

શ્રી રમણભાઈ સાહેબે પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનો પ્રત્યે પોતાનો પ્રેમભાવ દર્શાવ્યો છે અને આ પુસ્તકો હરિઃૐ આશ્રમને અર્પણ કરીને પૂજ્ય શ્રીમોટા પ્રત્યેનો ભક્તિભાવ વ્યક્ત કર્યો છે. આ માટે અમે એમને ધન્યવાદ પાઠવીએ છીએ અને એમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આ રૅકૉર્ડેડ સત્સંગનું સંકલન-સંપાદન ડૉ. રમેશભાઈ ભટ્ટે ઉત્સાહપૂર્વક કર્યું છે. પૂજ્ય શ્રીમોટા તથા હરિઃૐ આશ્રમ પ્રત્યેના એમના ભાવની અમે દિલથી કદર કરીએ છીએ.

આ સત્સંગ શ્રેણીનાં આઠેય પુસ્તકો લાઇટ પબ્લિકેશન્સ લિમિટેડમાં નવા ગોઠવાયેલા કૉમ્પ્યૂટરાઇઝ્ડ ટાઇપ સેટિંગથી તૈયાર થયાં છે. પુસ્તકોનાં નિર્માણ કાર્યમાં શ્રીમતી જ્યોતિબહેન એસ. પટેલ તથા રેશ્માબહેન પટેલે કાળજીપૂર્વકનું નિરીક્ષણ કર્યું છે. એમનો અમે ઘણો આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોએ સત્સંગ શ્રેણીનાં આ પ્રકાશનોને આવકાર્યાં છે એનું અમને ગૌરવ છે. આ પુસ્તક પણ અધ્યાત્મરસિકોને પ્રેરી રહેશે એવી અમને શ્રદ્ધા છે.

**વ્યવસ્થાપક ટ્રસ્ટી,**

તા. ૩-૪-૧૯૯૦ હરિઃૐ આશ્રમ,

નડિયાદ.

॥ હરિઃૐ ॥

# ઉપનિષદ

## (સંપાદકીય)

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૭૪-૧૯૭૫ દરમિયાન શ્રી રમણભાઈ અમીન સાથે કરેલો સત્સંગ, આ આઠમા પુસ્તક **'એકીકરણ સમીકરણ'**ના પ્રકાશન સાથે પૂરો થાય છે. ૧૯૮૭ થી ૧૯૯૨નાં પાંચ વર્ષ દરમિયાન સત્સંગનું શ્રવણ, લેખન, સંકલન, સંપાદન કરતાં કરતાં પૂજ્ય શ્રીમોટાનું અલૌકિક, અનોખું અને ગૂઢ સાંનિધ્ય પામ્યા કરાયું એથી ધન્યતાનો અનુભવ રહ્યા કર્યો છે.

પૂજ્ય શ્રીમોટાના બધા જ પ્રકાશિત ગ્રંથોમાં, આ આઠ ગ્રંથોનો સંદર્ભ વિશિષ્ટ છે. પૂજ્ય શ્રીમોટાનું વિપુલ પત્રસાહિત્ય તેર ગ્રંથોમાં પ્રકાશિત થયેલું છે. એમાં જિજ્ઞાસુને તેઓશ્રીએ ઉદ્‌બોધીને લખ્યું છે. એ પછીના અનેક પદ્યગ્રંથો કોક ને કોક નિમિત્તે 'પોતાના' અનુભવને વ્યક્ત થવા લખાયા તથા પ્રગટ પણ થયા. હરિઃૐ આશ્રમ, સુરતમાં મૌનએકાંતમાં બેસનાર સમક્ષ તેઓશ્રીએ જે ઉદ્‌બોધન કરેલું, એમાં નિશ્ચિત સમૂહ હાજર રહેતો. એમાં પ્રાસંગિકતા હતી. એ ઉપરાંત, તેઓશ્રીના ઉત્સવો દરમિયાન થયેલાં ઉદ્‌બોધનો-જેનું અક્ષરરૂપ પ્રગટ થઈ રહ્યું છે-એક વિશાળ સમુદાયને ઉદ્‌બોધન હતું. પૂજ્ય શ્રીમોટાની વાણી કોઈ પણ નિમિત્તે પ્રગટ થતી હોય તોપણ એ રહસ્યમય છે, કેમ કે દ્વંદ્વાતીત, ગુણાતીત, ભાવાતીત, કાળાતીત અનુભવમાં પ્રતિષ્ઠિત 'પુરુષ'ની હૃદયવાણી છે. તેઓશ્રીએ એક સત્સંગમાં કહેલું કે 'એ' કાળાતીત છે. એટલે એવો માનવી, જો કદાચ બોલતો હોય તો માત્ર આ કાળ પૂરતું જ છે એમ નથી હોતું. એના વિશે બહુ ઊંડો વિચાર કરવો જોઈએ. એનું કંઈ પણ બોલવાનું એ રહસ્યવાળું છે. એનો ઊંડો

મર્મ રહેલો છે, એ કોઈના ખ્યાલમાં આવી શકે એમ નથી. એનું પ્રત્યેક કર્મ હેતુપૂર્વકનું છે, પણ એ હેતુ વિચારતો નથી. એણે વિચારેલો છે નહિ. આપમેળે છે.

એનો એક જ હેતુ છે. અનુભવીનો બીજો કોઈ હેતુ નથી. સર્વકોઈને-જે કોઈ મળે એને-ભગવાનનો સ્પર્શ થાય એ જ એનો હેતુ છે. માત્ર જીવનમાં કોઈ ને કોઈ રીતે એને ભગવાનનો સ્પર્શ થાય.

આ બધા જ પ્રકારનાં પ્રકાશનોમાં આ આઠ પુસ્તકોમાં સંકલિત-સંપાદિત થયેલી વાણીનો સંદર્ભ વિશિષ્ટ રહ્યો છે. (૧) આ સત્સંગ માટેનો સમય બ્રાહ્મમુહૂર્તનો હતો. વહેલી પરોઢે ચાર વાગ્યે સત્સંગ શરૂ થતો. આ સમય વિશેષ સાંકેતિક છે. (૨) આ સત્સંગનું સ્થળ વિશેષ નોંધપાત્ર છે. મોટાભાગનો સત્સંગ એકાંત સ્થળે અને રમણીય સ્થળે થયો છે. ફાજલપુરમાં મહી નદીને કિનારે ઊંચાઈ પર આવેલા શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં આ સત્સંગ થયો હતો. આ ઉપરાંત, એલેમ્બિક હૉસ્પિટલમાં પૂજ્ય શ્રીમોટા સારવાર હેઠળ હતા ત્યારે ત્યાં પણ સત્સંગ થયો હતો. અને ક્યારેક બેંગ્લોરમાં સત્સંગ થયેલો. (૩) આ સત્સંગમાં જિજ્ઞાસુ શ્રેયાર્થી તરીકે મુરબ્બી શ્રી રમણભાઈ મુખ્ય હતા. ક્યારેક ક્યારેક એમાં પૂજ્ય ધીરજબહેન અને શ્રીમતી જ્યોતિબહેન સામેલ થતાં હતાં. પૂજ્ય શ્રીમોટાની પાસે આ સત્સંગ દરમિયાન ચાર પાંચ વ્યક્તિઓ જ રહેલી.

પરમ પુરુષની પાસે બેસીને બ્રાહ્મમુહૂર્તમાં એકાંતમાં થયેલો આ સત્સંગ એ ઉપનિષદ પ્રકારનો છે. સાચા અર્થમાં એ ગુરુ શિષ્ય વચ્ચેનો સંવાદ છે. શિષ્યનો જિજ્ઞાસુભાવ ગુરુના પરમ ભાવમાં ઝીલાતાં આનંદલીલા વ્યક્ત થાય છે. આવી બાહ્યાંતર સમીપતા-નિકટતાનો અર્થ જ ‘ઉપનિષદ’ શબ્દમાં રહેલો છે. આ

અર્થમાં આ સત્સંગગ્રંથો આધુનિક સમયનાં ઉપનિષદો છે, એમ કહેવામાં યથાર્થતા રહેલી છે. શ્રેયાર્થીની આંતરિક મથામણ સત્પુરુષ સમક્ષ વ્યક્ત થાય છે, એનો આનંદ 'એવા' પુરુષને ઘણો હોય છે. મુરબ્બી શ્રી રમણભાઈએ પૂછેલા પ્રશ્નોમાં ક્યાંય પણ બૌદ્ધિક ચર્ચા પામવાનો અણસાર સરખો પણ નહિ અનુભવાય. પરિણામે આ સત્સંગ હૃદય હૃદયની સમીપતા, હૃદય હૃદયનું ઉપનિષદ પણ બની રહે છે. પૂજ્ય શ્રીમોટાએ આ સત્સંગ દરમિયાન વ્યક્ત કર્યું છે કે 'આપ પધારો છો તો મને આનંદ થાય છે, અને એકબે પ્રશ્નો લઈને જ આવવું, એટલે આપણાથી એના પર બોલવું હોય તો બોલાય.' આમ, આ ઉપનિષદ ગાથા રચાય છે. જેમાં પૂજ્ય શ્રીમોટાનો પ્રશ્નો સાથે આવવાનો આદેશ તથા પરમાત્માની વાણીરૂપે સહજ અભિવ્યક્તિનો આનંદ પ્રગટ થાય છે.

આ ઉપરાંત, પૂજ્ય શ્રીમોટાએ એમ પણ સૂચવેલું કે 'તમારું આ જે ટેપ રૅકૉર્ડર હોય તે લેતા આવવું. આ તો બધાંને ખપમાં આવે એટલે ઉતારી લેવાનું.' આ ઉપનિષદવાણી ટેપ પર ઊતરે જેથી બધાંને ખપમાં આવે એવી એક વ્યાપક ભાવના પણ હતી. ૧૯૭૪-૧૯૭૫માં રૅકૉર્ડ થયેલો, આ સત્સંગ આઠ પુસ્તકો દ્વારા બધાંને ખપમાં આવે એ રીતે ૧૯૯૩માં પૂરેપૂરો પ્રગટ થાય છે. પૂજ્ય શ્રીમોટાએ ૨૩મી જુલાઈ, ૧૯૭૬માં દેહત્યાગ કર્યો. જે સ્થળે દેહત્યાગની રહસ્યમય ગૂઢ વિધિ રચાઈ હતી, એ જ સ્થળે આ સત્સંગ થયો. દેહત્યાગ પૂર્વે આટલા લાંબા સમય દરમિયાનનો આવો આધ્યાત્મિક સત્સંગ પહેલો હતો અને સત્સંગની પૂર્ણાહુતિના દિવસે પૂજ્ય શ્રીમોટાએ ગદ્‌ગદ થતા ઉદ્‌ગાર કાઢ્યા છે કે 'આજ સુધી આવા પ્રશ્નો કોઈએ પૂછ્યા નથી.'

પૂજ્ય શ્રીમોટાની વાણી, તેઓશ્રીનો પ્રત્યેક શબ્દ ટેપ પર રૅકૉર્ડ થયા જ કરે એવો ૧૯૬૯માં મારો ઉત્સાહ હતો. પૂજ્ય

શ્રીમોટાને કોઈક ચાહકે જાપાનનું ટેપ રૅકૉર્ડર ભેટ આપ્યું હતું. પૂજ્ય શ્રીમોટા પોતાને મળતી વસ્તુઓ વેચીને એ રકમ લોકકલ્યાણની યોજના ખાતે જમા કરાવતા. એ રૅકૉર્ડર ખરીદવા માટે મેં ઇચ્છા વ્યક્ત કરી ત્યારે તેઓશ્રીએ ખરીદવાનો હેતુ પૂછ્યો. મેં હેતુ જણાવ્યો. ત્યારે તેઓશ્રીએ સ્પષ્ટ 'ના' કહી દીધી. એ પછી મેં ઘણીવાર નોંધેલું કે તેઓશ્રી ઇચ્છે કે સંમત હોય તો જ તેઓશ્રીની વાણી રૅકૉર્ડ કરી શકાતી. વળી, મેં એ પણ જોયું હતું કે કોઈ પણ વ્યક્તિ માત્ર કૌતુક ખાતર પ્રશ્નો પૂછે, તોપણ તેઓશ્રી એનો ઉત્તર ટાળતા. આ બધાંમાં સદ્‌ગત પ્રો. એ. જી. ભટ્ટનો અપવાદ હતો. પૂજ્ય શ્રીમોટા સામેથી પ્રો. એ. જી. ભટ્ટને પ્રશ્નો પૂછવા પ્રેરતા. પ્રો. ભટ્ટ સાહેબ શાસ્ત્રોના પ્રખર અને ઊંડા અભ્યાસી હતા. આથી, શાસ્ત્રોમાં વર્ણવેલી હકીકતનો મેળ પૂજ્ય શ્રીમોટાના અનુભવ સાથે કેવો મળે છે, એનું ભક્તિભાવપૂર્વક સમર્થન મેળવતા હતા. પૂજ્ય શ્રીમોટાએ પોતાના દેહત્યાગના કેટલાક દિવસો અગાઉ હરિઃૐ આશ્રમ, નડિયાદમાં મને કહ્યું કે 'ઇંદુકુમારને સંદેશો આપો કે ભટ્ટ સાહેબને લઈને આવે અને સાથે ટેપ રૅકૉર્ડર પણ લાવે. બોલવાનું બંધ થાય એ પહેલાં પેટ ભરીને સત્સંગ કરવો છે.' આ સત્સંગ દરમિયાન હાજર રહેવાની મને અનુમતિ અપાઈ હતી. એ સત્સંગ રૅકૉર્ડ થયેલો. **'જીવતા નર સેવીએ'** એ નામના પુસ્તકમાં એ સત્સંગ પ્રગટ કરવામાં આવ્યો છે, એમાં સ્વ. શ્રી ઇંદુકુમારે પણ આ હકીકત દર્શાવી છે.

મુરબ્બી શ્રી રમણભાઈ અમીન સાથેનો સત્સંગ એ પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ પૂર્વેનો લાંબા ગાળા સુધી નિયમિત ચાલેલો પહેલો અને છેલ્લો સત્સંગ છે, એ વિધાનમાં કોઈને ક્રમદોષ લાગે માટે ઉપરની હકીકત વિસ્તારથી રજૂ કરી છે. આમાં મુખ્ય મુદ્દો સત્સંગ રૅકૉર્ડ કરી લેવાનું પોતાના તરફથી જ સૂચન થયું છે એમાં

છે. વળી, એ 'બધાંને ખપ'માં આવે, એવા હેતુથી એમ સૂચવાયું છે. પૂજ્ય શ્રીમોટાના સત્સંગની આ શ્રેણીનાં આજ સુધી પ્રગટ થયેલાં પુસ્તકો ઘણા જિજ્ઞાસુઓને પ્રેરક બન્યાં છે. હજીય ભાવિમાં આ સત્સંગ અનેક જીવોને ખપમાં આવવાનો હોય એવાં એંધાણ પણ મળ્યાં છે.

પૂજ્ય શ્રીમોટાના સત્સંગની આ બધી જ કેસેટ્સનું શ્રવણ નિયમિત વહેલી પરોઢે ડૉ. શરદભાઈ સી. દેસાઈએ (મુંબઈ) કરેલું. એમણે જ આ સત્સંગને 'ઉપનિષદ' તરીકે ઓળખાવેલો અને એ ઉપરાંત, આ પ્રકાશિત ગ્રંથોને 'આધ્યાત્મિક સાધનાની અભ્યાસ-પોથીઓ' તરીકે ઓળખાવી છે. ડૉ. દેસાઈએ પૂજ્ય શ્રીમોટાને પ્રત્યક્ષ જોયા નથી. છતાં મૌનએકાંતના પ્રયોગોથી તથા પૂજ્ય શ્રીમોટાના ગ્રંથોના પરિશીલનથી પૂજ્ય શ્રીમોટાને આધ્યાત્મિક વિજ્ઞાનના વિજ્ઞાની તરીકે પ્રમાણીને પોતાના જીવનના ગુરુપદે સ્થાપ્યા છે. પૂજ્ય શ્રીમોટાનો આ સત્સંગ અક્ષરરૂપે તો જળવાશે જ, પણ આ અવાજ પણ જળવાઈ રહે તો ભવિષ્યમાં કોઈ સદ્‌ભાવી જીવને એ પ્રેરે પણ ખરો. આપણા દેશની એકમાત્ર સંસ્થા એન.સી.પી.એ. જે ટાટા પરિવારે સ્થાપી છે, એમાં આપણા દેશ અને દુનિયાનાં ગીત-સંગીતની જૂની રેકૉર્ડસ ગોલ્ડન સ્પુલ પર ઉતારીને જાળવવાની જોગવાઈ છે. એ સંસ્થામાં પૂજ્ય શ્રીમોટાનો આ અવાજ દીર્ઘકાળ પર્યંત જળવાઈ રહે (ઓછામાં ઓછાં ૫૦૦ વર્ષ લગી) એ માટેના એમણે પ્રયત્નો કર્યા. એમણે પોતાના જ વિકાસ ખાતર ભક્તિભાવથી ખૂબ પરિશ્રમ લઈને સત્સંગની પચાસ કેસેટ્સમાંથી અઠ્ઠાવીસ કેસેટ્સમાં વિષય પ્રમાણે સત્સંગને ફરીથી રેકૉર્ડ કર્યો. એ બધી જ કેસેટ્સમાંથી પૂજ્ય શ્રીમોટાનો અવાજ 'ગોલ્ડન સ્પુલ-માસ્ટર રેકૉર્ડ' પર ઉતારવામાં આવ્યો અને એને અદ્યતન ટેક્નિકથી એન.સી.પી.એ.માં જાળવવામાં આવ્યો છે. એનું ઇન્ડેક્ષ કાર્ડ તૈયાર કરવામાં આવ્યું છે.

પૂજ્ય શ્રીમોટાએ આ સત્સંગને ટેપ પર રૅકૉર્ડ કરી લેવાનું કયા હેતુથી સૂચવ્યું હશે, એ પણ ઉપરની હકીકત પરથી આપણને સમજાય છે. આ હકીકત પરથી આ સત્સંગનું મૂલ્ય પણ આપણને સમજાશે.

જ્યારે આ ઉપનિષદ ગ્રંથોના છેલ્લા ગ્રંથનું પ્રકાશન થાય છે ત્યારે આ હકીકત એક ઈતિહાસ તરીકે આપવી જરૂરી છે. આ અર્થમાં પૂજ્ય શ્રીમોટાના આ ગ્રંથોનો વિશિષ્ટ સંદર્ભ છે એમ આરંભમાં જણાવ્યું છે. આ સત્સંગશ્રેણીમાં આઠ પુસ્તકો પ્રગટ થયાં છે. આ આઠેય પુસ્તકોનું સ્વતંત્ર મૂલ્ય છે. આમ છતાં આ પુસ્તકમાં વ્યક્ત થયેલા અનુભવ વિષયની વિશદતા અને અનુભવની કક્ષાઓના પૃથક્કરણની સ્પષ્ટતા રજૂ થઈ છે તથા અનુભવના સહજ સામર્થ્યથી જીવમાત્રમાં-વસ્તુમાત્રમાં-પ્રકૃતિતત્ત્વમાં એકસાથે તત્ત્વરૂપે પોતાના સ્વરૂપને અનુભવીને બધાંને 'તે' રૂપ કરવાની સાહજિકતાને સમર્થ રીતે વ્યક્ત કરી છે. એ વાંચતાં ચિત્ત એકાગ્ર બની રહે છે અને આવા અમૂર્ત અનુભવને સમજતાં બુદ્ધિ ખીલી ઊઠે છે. આવા અનુભવની સંભવિતતા ખૂલતી જણાય છે. પૂજ્ય શ્રીમોટાની દિવ્ય વાણીથી હૃદય અલૌકિક આહ્લાદ અનુભવે છે. આમ છતાં પ્રાણની તત્પરતાનો તથા દિવ્ય જીવન અનુભવવાનો દિલના ઉમળકાનો અભાવ આ સત્સંગ દરમિયાન કઠ્યા કરે છે. જોકે પૂજ્ય શ્રીમોટાનો પરમ પ્રેમ જીવમાત્રને મનનચિંતવન દ્વારા રસનિષ્પત્તિ કરવાની રીત સમજાવીને જીવનના વિકાસની સાધના માટે જબ્બર આત્મવિશ્વાસ પ્રેરે છે અને છેલ્લે કશું ન બને તો કરુણાભાવથી તેઓશ્રી 'પોતાની' સાથે 'દિલની સોબત' કરવાનું સૂચવે છે. દિલની સોબતથી રૂપાંતર કેવી રીતે થાય એની સમજૂતી આ ગ્રંથમાં છે. સંસારવહેવારમાં અન્ય વ્યક્તિઓ સાથે આપણે જેવી લાગણી રાખીએ છીએ એવી જ લાગણી આવા અનુભવી

સાથે રખાય તોપણ ફરક પડે છે. આવો સત્સંગ જે કેળવી શકે છે, એનાથી બીજી કોઈ સાધના ના થાય તોપણ આ જીવનમાં એ ધન્ય બને છે.

આવા અનુભવી પુરુષ સાથેની સોબતથી ચિત્ત પર કેવી પ્રક્રિયા થતી હોય છે અને પ્રભુમય જીવન માટેનાં સંસ્કારબીજ કેવી રીતે મુકાતાં હોય છે એનું વિવરણ થયું છે. અવચેતન મનમાં ચેતનનિષ્ઠ પુરુષના સંસ્કારો અંત સમયે ઉદય થઈને એ જીવાત્માના મૃત્યુને ભવ્ય બનાવે છે અને નવા જન્મમાં દિવ્ય જીવનના અનુભવ માટેની ભૂમિકા દઢ કરે છે. આવા પ્રકારની ગૂઢ પ્રક્રિયા આ પુસ્તકમાં રજૂ થઈ છે.

પૂજ્ય શ્રીમોટા અનુભવજ્ઞાનની નિરંતરતાની વાત વારંવાર કરે છે. જ્ઞાન અનંત હોય તો જ્ઞાની ક્યારેય સ્થિર ન હોય. આથી, પૂજ્ય શ્રીમોટાને પરમાત્મપદનો અનુભવ ૧૯૩૯માં થયો, એ પછી આ સત્સંગ થયો ત્યાં સુધી ૧૯૭૫ સુધી જે વિસ્તાર અને ગહનતા અનુભવાતાં હતાં, એ ભૂમિકા પરથી તેઓશ્રીના હૃદયની વાણી વહે છે. આવા પરમ અનુભવની પ્રક્રિયા અને પૃથક્કરણ તેઓશ્રીએ ૧૯૪૨ના ડિસેમ્બર માસમાં લખેલા એક પત્રમાં આ પ્રમાણે દર્શાવ્યાં છે.

'એ પોતે જ પરાકાષ્ઠા છે, કારણ કે તે કાળચક્રની ગતિને પારખે છે. તેથી કાળથી થતાં પરિવર્તનો તેને અસ્વસ્થ કરી શકતાં નથી. આમ, જ્યારે તે કાળને પારખે છે ત્યારે તે તેનાં કારણો શોધવા બેસતો નથી. વિસંવાદી ઘટનામાં પણ એ સંવાદ જુએ છે. એને 'હું' જેવું કશું નથી, તેથી તેને કશામાં રાગ નથી. પરિણામે કોઈ જાતનું યુદ્ધ અને હાર એને વેઠવાં પડતાં નથી. વિધિની કૃતિઓ એને હલમલાવી શકતી નથી. એનામાં સદ્‌ગુણો છે, પણ જાણે નથી એવો એ દેખાય છે. તે શરીરથી માનવ છે ખરો, પણ

તે માનવ જેવો સ્પષ્ટ દેખાતો નથી. એ કોઈ જાતની યોજના ઘડતો નથી, તેથી એને જ્ઞાનની જરૂર પડતી નથી. એના વિચારવર્તનમાં કોઈ જાતની ન્યૂનતા નથી, તેથી તેને નૈતિક સિદ્ધાંતોની જરૂર રહેતી નથી. એનામાં કોઈ પરત્વે પાર્થિવ પ્રેમ નથી. પરાક્રમથી મળે એવી કોઈ સિદ્ધિ એને જોઈતી નથી. તેથી નિષ્ફળતા માટે શોક કે વિજય માટે હર્ષનું તેને કારણ રહેતું નથી. તેને કશું ભૂલીજવાપણું નથી અને યાદ રાખવાપણુંયે નથી.'

**તે જાતે જ શુદ્ધ અનુભવ છે, તેથી તે શુદ્ધ વિજ્ઞાન છે. પ્રકૃતિ અને પુરુષનું તે એકીકરણ છે** અને વસ્તુમાત્રને તત્ત્વમાં સરખી રીતે જુએ છે. એને માટે વસ્તુઓ વચ્ચે ક્યાંય પરસ્પર વિરોધ નથી. 'તે', તે વસ્તુઓને, તેમના તેમના અનુભવની દૃષ્ટિએ જુએ છે. **બધાંની ઉપર, બધાંની અંદર, બધાંની વચ્ચે તે તત્ત્વરૂપે છે.** તેથી તે ખાલી છે અને ભરપૂર પણ છે. તેને પોતાના અલગ અસ્તિત્વનું ભાન નથી હોતું, કારણ કે **સ્વભાવથી જ સરળપણે સર્વત્ર હોય છે. આમ તે અદ્ભુત રીતે પોતાની જાતનું એકીકરણ અને સમીકરણ પોતાની બીજી જાત સાથે કરે છે.**

તે ગુણોની સમગ્રતા છે. અસ્તિત્વ માત્રની, સર્જનની, પ્રેરણાની, જડ અને ચેતનની, મન અને પદાર્થની, કાળ અને અવકાશની એ બધાંની સમગ્રતા પણ તે જ છે. ટૂંકમાં, **પ્રકૃતિના સ્વયંભૂપણાની સમગ્રતા પણ તે પોતે છે.**

'પૂર્ણપુરુષ'નાં લક્ષણોને રજૂ કરતાં પૂજ્ય શ્રીમોટાએ ૧૯૪૨માં જેટલું સ્પષ્ટ કર્યું એનું વિવરણ બત્રીસ વર્ષ પછી થયેલા સત્સંગ દ્વારા થયું છે. ઉપરના અવતરણમાં ગાઢા અક્ષરોમાં છપાયેલી પંક્તિઓનું વિવરણ જુદી જુદી રીતે કરાયું છે. માટે, શુદ્ધાત્માનો અનુભવ નિરંતર પ્રગટી રહે છે ત્યારે અનુભવ અને વ્યક્તરૂપ ભિન્ન હોતાં નથી. આવા પરમ અનુભવમાં રહેલાને જોવાથી

આપણને આ હકીકત સમજાય નહિ. પોતાનું વ્યક્તરૂપ તો પ્રકૃતિ દ્વારા હોય છે, પરંતુ જે શુદ્ધ અનુભવનું વિજ્ઞાન છે, એ પુરુષ અને પ્રકૃતિનું એકીકરણ સાધે છે. પરિણામે વસ્તુમાત્રને 'તત્ત્વરૂપે' સરખી રીતે જુએ છે. આ દર્શનમાં સમીકરણની પ્રક્રિયાનાં બીજ છે. 'તત્ત્વરૂપે' મતલબ કે 'તે' હોવાના રૂપે પોતાનામાં જે અનુભવ નિરંતર પ્રગટ છે તે રૂપે એ જોતા હોવાથી એમને ક્યાંય વિરોધ અનુભવવાનો નથી. આ અનુભવ વસ્તુને માત્ર જોવા પૂરતો મર્યાદિત હોતો નથી. એ તો બધાંની ઉપર, બધાંની અંદર અને બધાંની વચ્ચે 'પોતા'ને 'તત્ત્વરૂપે' અનુભવે છે. પૂજ્ય શ્રીમોટાનો આ અનુભવ અદ્‌ભુત છે. પૂજ્ય શ્રીમોટાએ આ સત્સંગને રૅકૉર્ડ કરી લેવાનાં કારણમાં દર્શાવ્યું છે કે 'બધાંને ખપ'માં આવે. તેઓશ્રીના આ કથનમાં બધાંને-એક કે બેથી બીજાં એટલે બધાં-એટલી મર્યાદા નહિ, પણ કાળચક્રની ગતિમાં જે કોઈ જીવમાત્ર નિમિત્ત હશે, એ બધાં માટે આ સત્સંગ ખપમાં આવે એવો છે.

પૂજ્ય શ્રીમોટા 'તત્ત્વરૂપે' બધાંમાં, બધાં ઉપર અને બધાંની વચ્ચે પોતાને અનુભવે છે. એ તત્ત્વરૂપ અવિનાશી છે, એથી કાળની મર્યાદા એમને નથી. પોતાના આવા અનુભવથી એ 'પોતે' પોતાનું એકીકરણ સર્વમાં 'એક'રૂપે-થયા કરે છે અને એ સાથે તે બીજાં 'બધાં' છે, એ પોતાની જ બીજી જાત છે, એની સાથે સમીકરણ થયા કરે છે. આ સહજ પ્રક્રિયાને તેઓશ્રીએ પોતે જ 'અદ્‌ભુત' કહી છે. બીજાં બધાં તો પ્રકૃતિરૂપ છે, તો પછી એમની સાથે પૂર્ણપુરુષનું સમીકરણ કેવી રીતે સિદ્ધ થઈ શકે એવો પ્રશ્ન જાગે ખરો, પરંતુ પૂજ્ય શ્રીમોટાનો અનુભવ સ્પષ્ટ છે. અસ્તિત્વમાત્ર-કાળ અને અવકાશ સુધ્ધાં-ની સમગ્રતા પણ 'પોતે' જ છે, એવો આ અનુભવ છે. આથી, જે પ્રકૃતિ સ્વયંભૂ છે, એની સમગ્રતા 'એ પોતે' જ છે. પ્રકૃતિ ભિન્ન છે, પરંતુ એની સમગ્રતામાં એ

'પોતાને' અનુભવે છે. આથી, જે પ્રકૃતિ સ્વયંભૂ છે, એની સમગ્રતા 'એ પોતે' જ છે. પ્રકૃતિ ભિન્ન છે, પરંતુ એની સમગ્રતામાં એ 'પોતાને' અનુભવે છે. આથી જ પ્રકૃતિમાં રહેલી ભિન્નતાનું, વૈવિધ્યનું અને વિસ્તારનું સમીકરણ થઈ શકે છે. આધ્યાત્મિક જીવનની આવી પ્રક્રિયા 'જીવ' માત્રને 'શિવ'ના અનુભવ માટે જબરજસ્ત પ્રેરણા ધક્કો આપે એવી છે.

પૂજ્ય શ્રીમોટાએ પોતાના વિરલ અનુભવને એવી સહજ અને સરળ રીતે રજૂ કર્યો છે કે કોઈ પણ શ્રેયાર્થી વાચક પોતાના આધારમાં રહેલા ચેતનને અનુભવવા શ્રીસદ્ગુરુની પ્રેરણાથી શક્તિમાન બની રહે એવી ટકોરાબંધ પ્રતીતિ મેળવે છે. જે અનુભવ પોતાને માટે આ જન્મે પ્રગટીને સક્રિય બની રહ્યો છે, એવા જ અનુભવ માટે જીવમાત્ર પોતાનામાં ધગધગતા જ્વાળામુખી જેવી જિજ્ઞાસા પ્રગટાવી શકે એવી ભાવનાથી પ્રગટેલી આ 'હરિ' વાણી એના કોઈ પણ શ્રોતા-વાચકના હૃદયને સ્પર્શીને પોતાને પ્રભુમય બનવા અવશ્ય મથાવશે. પૂજ્ય શ્રીમોટાએ સમજાવ્યું છે કે આ માર્ગ માટે કરેલી મથામણ ક્યારેય નકામી જતી નથી, કેમ કે ભાગવતી જીવનના અનુભવ માટેનો આ માર્ગ એ જ માનવજન્મનો હેતુ છે અને માનવજીવનનું ધ્યેય છે. જીવન મૃત્યુથી અટકતું નથી. આથી, પ્રભુમય બનવાનો યોગ પણ અટકતો નથી. માત્ર આવા અનુભવી સત્પુરુષનો સમાગમ જન્મો ટૂંકાવી આપવાનું અદ્ભુત કાર્ય કરે છે. આ સત્સંગશ્રેણીનું વાચન-મનન આપણી સમજ દૃઢ કરે છે.

આ ગ્રંથ સાથે ઉપનિષદ સત્રની પૂર્ણાહુતિ થાય છે. આ ઉપનિષદ સત્ર ૧૯૭૪-૧૯૭૫ દરમિયાન જ્યાં જ્યાં યોજાયું, તેના પ્રથમ શ્રોતાઓએ જે ધન્યતા અનુભવી, એ ધન્યતાની, એમના આનંદની, ઉલ્લાસની લહાણ અનેકને કરાવી. એ રીતે 'બધાંને'

આ સત્સંગના અક્ષરરૂપે પૂજ્ય શ્રીમોટાના ચેતનરૂપની પાસે આણ્યા. પૂજ્ય શ્રીમોટા પ્રત્યેનો મુરબ્બી શ્રી રમણભાઈનો ભાવ, એમના તરફથી આ પ્રકાશનો મળ્યાં એ દ્વારા, સહજ વ્યક્ત થયો છે. પૂજ્ય શ્રીમોટાના સત્સંગની ડૉ. શરદભાઈ દેસાઈ સંપાદિત અઠ્ઠાવીસ કેસેટ્સ જિજ્ઞાસુ શ્રેયાર્થીને સુલભ બને એવી ભાવના પણ એમણે વ્યક્ત કરી છે. હરિઃૐ આશ્રમ, નડિયાદ અને સુરત મુકામે આ કેસેટ્સ સાંભળી શકાય એ માટેની યોજના થઈ ગઈ છે.

મુરબ્બી શ્રી રમણભાઈ સાહેબે પૂજ્ય શ્રીમોટાની અક્ષરમૂર્તિને પૂજ્ય શ્રીમોટાની ભાવના પ્રમાણે તૈયાર કરાવી છે. એમની ચોકસાઈ, ખંત, ઉત્સાહ અને વિશેષ તો એમના હૃદયનો સ્નેહભાવ મને આ સંપાદનકાર્યમાં સહાયરૂપ બની રહ્યાં છે. આ કાર્ય નિમિત્તે એમનો સમાગમ મને હંમેશાં પ્રોત્સાહક બની રહ્યો છે. આ બધાંનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરતાં ગૌરવ અને હર્ષ અનુભવું છું.

શ્રીમતી જ્યોતિબહેન એસ. પટેલ તથા શ્રી રેશ્માબહેન પટેલે લાઈટ પબ્લિકેશન્સ લિમિટેડમાં આ ગ્રંથોના નિર્માણકાર્ય દરમિયાન ઘણી જ સાનુકૂળતાઓ કરી આપી છે. એમનો હૃદયપૂર્વક આભારી છું. આ પુસ્તકની પ્રેસનકલ શ્રી પ્રભુદાસ જાનીએ તૈયાર કરી આપી છે, એ માટે એમનો અત્યંત આભારી છું.

અમદાવાદ, **રમેશ મ. ભટ્ટ**

તા. ૩ -૪-૧૯૯૦

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા સાથે ઈ.સ. ૧૯૭૪-૧૯૭૫માં ફાજલપુર (જિ. વડોદરા) ખાતેના પોતાના ફાર્મ હાઉસમાં વહેલી સવારે જિજ્ઞાસાભાવે શ્રી રમણભાઈ અમીન સાહેબને પૂજ્ય શ્રીમોટા સાથે જે સત્સંગ થયો હતો તેની પચાસ જેટલી કેસેટ્સ ઉપરથી શ્રી રમેશભાઈ ભટ્ટ દ્વારા સંપાદિત પ્રકાશનોની પ્રથમ આવૃત્તિ સને ૧૯૯૨ના અરસામાં સ્વજનોને પ્રાપ્ત થઈ હતી. એ આઠ પુસ્તકોની બીજી આવૃત્તિ પણ સદ્‌ગત શ્રી રમણભાઈ અમીનનાં સુપુત્રી શ્રી જ્યોતિબહેને લાઇટ પબ્લિકેશન્સ લિમિટેડ, વડોદરામાં જ મુદ્રિત કરી હરિઃૐ આશ્રમ, નડિયાદને સુપ્રત કરી હતી, જે માટે આપણે સૌ એ પરિવારના ખૂબ ખૂબ આભારી છીએ.

કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર ભગવાન શ્રીકૃષ્ણએ તેમની સાથે સખાભાવ રાખનાર શ્રી અર્જુનને જે બોધ સંભળાવ્યો હતો, તે દ્વારા આપણને અતિમૂલ્ય સદ્‌ગ્રંથ ‘ગીતા’ પ્રાપ્ત થયેલ છે. શ્રી રમણભાઈ સાહેબે પૂજ્ય શ્રીમોટા પ્રત્યે હૃદયના ઊંડાણથી જે આદરભાવ અને પૂજ્ય ભાવ સેવ્યો હતો, તેના પરિણામે આપણને આ પ્રકાશનો ઉપલબ્ધ થયાં છે.

જીવનવિકાસમાં અતિ ઉપયોગી એવાં આ પ્રકાશનોની સતત માગ રહેતી હોવાથી હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા તેની ત્રીજી આવૃત્તિના પ્રકાશનનું કાર્ય થઈ રહ્યું છે. સત્સંગભર્યા આ સંવાદમાં જીવનને ઊર્ધ્વગતિ પ્રેરે એવું વિપુલ પ્રમાણમાં ભાથું ભરેલું છે. મનુષ્યના મનની સ્થિતિ, પ્રકૃતિ, વૃત્તિ, વલણ, અનુભવી સાથેનાં

નિમિત્ત, જન્મમૃત્યુ વગેરે અનેક ગૂઢ વિષયો ઉપર સરળ ભાષામાં શ્રીમોટાએ સમજણ આપી છે. એ માટે આપણે સૌ શ્રીમોટાના સદાના આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાએ તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ દેહત્યાગ પણ ફાજલપુર ફાર્મ હાઉસમાં કર્યો અને એ દેહના અંતિમ સંસ્કાર શ્રી રમણભાઈ સાહેબના હસ્તે થયા. સત્સંગ ઉપરાંત, આ ઘટના પણ ઉલ્લેખનીય અને આગવું મહત્ત્વ ધરાવે છે.

આ પુસ્તકની સૂચિ સુધારા વધારા સહિત તૈયાર કરી આપવા બદલ શ્રી કમલેશભાઈ શેઠના અમો ખૂબ આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ.

અમને આશા અને શ્રદ્ધા છે કે આ અમૂલ્ય સાહિત્યનું સેવન, મનન, ચિંતવન અને યથાશક્તિ આચરણ સ્વજનોને જીવનવિકાસમાં ખૂબ જ સહાયક બની રહેશે.

તા. ૧-૪-૨૦૧૨ **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | સંધ્યાકાળે સાધના | ૧ |
| ૨. | કોન્શ્યસનેસ અને એકાગ્રતા | ૩ |
| ૩. | સંસારમાં કર્મકળા | ૮ |
| ૪. | અનુભવીમાં વિચાર | ૯ |
| ૫. | અનુભવી-૧ | ૧૩ |
| ૬. | ભગવાન | ૨૨ |
| ૭. | અંતઃકરણો | ૩૬ |
| ૮. | ‘જબ પ્રાણ તન સે નીકલે’ | ૪૨ |
| ૯. | ભક્ત અને વેદના | ૪૭ |
| ૧૦. | નિર્વિકલ્પ સમાધિ | ૫૧ |
| ૧૧. | અનુભવીની જાણકારી | ૫૨ |
| ૧૨. | અનુભવીની વાણી | ૬૨ |
| ૧૩. | અભય કેળવણી | ૬૬ |
| ૧૪. | કાર્યપદ્ધતિ | ૬૯ |
| ૧૫. | અનુભવીનું વ્યક્તત્વ | ૮૨ |
| ૧૬. | અનુભવનું પૃથક્કરણ | ૮૯ |
| ૧૭. | ‘નિમિત્ત’ વિશે | ૯૨ |
| ૧૮. | અનુભવી-૨ | ૯૭ |
| ૧૯. | ભાવ | ૧૦૧ |
| ૨૦. | અનુભવી અને સ્વપ્ન | ૧૦૫ |
| ૨૧. | અનુભવીના પ્રકાર | ૧૦૭ |
| ૨૨. | ગુણવિમર્શ-સંસ્કારચિંતન | ૧૦૯ |


•

# એકીકરણ સમીકરણ

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવન દર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

# (૧) સંધ્યાકાળે સાધના

**સ્વજન :** મોટા, આ સંધ્યાકાળે સાધના કરવાનો મહિમા હોય છે. એટલે દિવસ અને રાતનો વચલો સમય. એનો હેતુ શો ?

**શ્રીમોટા :** એનો હેતુ છે. જેમ બેનું મિલન થાય છે તેમ સંધ્યાકાળ, એવી રીતે પ્રાતઃકાળ. એમાં બેનું મિલન છે. એ સાંકેતિક છે. જ્ઞાન અને અજ્ઞાન, ઉષા અને અંધકાર, પ્રભાત અને અંધકાર એવાં દ્વંદ્વનાં જે જોડકાંઓ છે, એનું જ્યાં વિલીનીકરણ છે ત્યાં જ્ઞાનનો ઉદય છે. જે વિલીનીકરણ થાય છે તે કાળે આપણે સાધના શરૂ કરીએ. જેમ વધારે ને વધારે ઊંચાઈ પર જઈએ તેમ આપણને ઓછામાં ઓછા વિચારો આવે. ઝાઝા વિચારો ત્યાં સ્ફુરતા નથી. ઝાઝી વૃત્તિઓ સ્ફુરતી નથી. એવી રીતે આ સમયમાં જે કંઈ આપણે સાધન કરીએ તે વધારે દઢીભૂત થાય છે. એટલા માટે એમ કહેલું. એમાં અવેરનેસ-(સભાનતા) જોઈએ.

દા.ત., તમે ઊંચાઈ પર ગયા, પણ અવેરનેસ ના હોય, તો ભલે તમને વિચારો આવતા હોય કે ના આવતા હોય, તો તેનો લાભ તમને ના મળે. અવેરનેસ એ દરેક કામમાં જરૂરી છે. તો જ લાભ લેવાય-દરેક ક્ષેત્રમાં. આપણાં રોજબરોજનાં, નિત્યનાં વહેવારનાં કર્મમાં પણ એની અવેરનેસ આપણામાં જોઈએ. અને એ રહેતી જ હોય છે, કારણ કે એ રોજબરોજના જીવનના વહેવારની ગરજનું છે, સ્વાર્થનું પણ છે. એ હોવાથી એની અવેરનેસ આપણને રહે છે, પણ પેલું સાધન જ્યારે ખરેખરી ઉત્કંઠા પ્રગટેલી હોય છે, ત્યારે તો રહે છે જ, પણ જ્યારે એવી ઉત્કંઠા નથી પ્રગટેલી હોતી ત્યારે ‘માત્ર આપણે

કરવું જ છે, માટે આ કર્મ કર્યા કરો.' એવી રીતે જો કર્મ થયા કરે તો અવેરનેસ નથી રહેતી. ત્યારે સાધનાના અભ્યાસમાં જીવતાંજાગતાં અવેરનેસ અને હેતુ એ બે જો ના રહેતાં હોય, તો તેનો એટલો લાભ નહિ મળે.

તા. ૭-૧૦-૧૯૭૪

❑

# (૨) કોન્શ્યસનેસ અને એકાગ્રતા

**સ્વજન :** એકાગ્રતા પણ કક્ષાભેદે જુદી જુદી હોયને ?

**શ્રીમોટા :** જે પ્રકારની કોન્શ્યસનેસ-(સભાનતા) જાગે, તે પ્રકારની એકાગ્રતા આપમેળે થાય. દુન્યવી પ્રકારની કોન્શ્યસનેસ જાગે તો એ પ્રકારની એકાગ્રતા થાય. વેપાર, ધંધો, ઑફિસનું કામ, વેપારનું કામ વગેરેમાં જો કોન્શ્યસનેસ જાગી તો એ પ્રકારની એકાગ્રતા થાય, પણ કોન્શ્યસનેસ ઉપરછલ્લી-નહિ જેવી-હોય તો ત્યાં એકાગ્રતા ન થાય, પણ ખરેખરી કોન્શ્યસનેસ જાગે તો એકાગ્રતા થયા સિવાય રહે જ નહિ.

જે કંઈ થાય એનું પરિણામ તો હોયને ? કોન્શ્યસનેસનું એગ્ઝૅક્ટ-(સભાનતાનું ચોક્કસ) પરિણામ આ એકાગ્રતા છે.

**સ્વજન :** હું તો એમ કહેવા માગતો હતો, મોટા, કે આ પૃથ્વી-આ સૃષ્ટિનું સર્જન-એનું મૂળ કોન્શ્યસનેસને ?

**શ્રીમોટા :** કોન્શ્યસનેસને લીધે પૃથ્વી-સૃષ્ટિનું સર્જન થયું છે એમ નહિ ગણી શકાય. આકાશમાં અનેક તારાઓ, ગ્રહો વગેરે છે. એમાંથી એક ભાગ છૂટો પડી ગયો, આ વૈજ્ઞાનિકોની થીઅરી પ્રમાણે -

**સ્વજન :** હું થીઅરી પ્રમાણે નથી જતો. હું તો એમ કહું છું, અવેરનેસ કે કોન્શ્યસનેસ હોય એમાંથી બધું સર્જન થઈ શકે ?

**શ્રીમોટા :** ના, વ્યક્તિગત રીતે સર્જનની શક્યતા નથી. સમૂહગત રીતે પણ ન થઈ શકે, કેમ કે સમૂહગત રીતે પૃથ્વી પર રહેલા દરેક માણસને એક જ વખતે, એક જ પળમાં એવી કોન્શ્યસનેસ જાગેલી હોતી નથી. અપવાદરૂપ થોડાક

માણસોમાં કોન્શ્યસનેસ હોય, દરેક માણસમાં જે કોન્શ્યસનેસ જાગે છે તેમાં પણ વિવિધતા છે, કારણ કે કુદરતમાં બે વસ્તુ છે : વિવિધતા અને વિસ્તાર. એક અનુભવી માણસ બીજા અનુભવી સાથે મળતો જ આવે એમ પણ નહિ કહી શકાય.

ચેતનની બાબતમાં સરખું, પણ એના મૅનિફેસ્ટેશન-(વ્યક્તવ્ય) બાબતમાં ફરક, કારણ કે એનો સ્વભાવ, પ્રકૃતિ, ટેવો પડેલી છે, એ પ્રમાણે એનું મૅનિફેસ્ટેશન થયા કરે.

પરિપાક સરખો થાય. ખેતીવાડીનું વિજ્ઞાન અત્યારે આગળ વધેલું છે. રેતીવાળી જમીનમાં પણ પાક લઈ શકાય છે. હજી આપણે ત્યાં એવા પ્રયોગો નથી થયા, પણ ઈઝરાયલમાં થયા છે. આપણે ત્યાં પ્રયોગ થાય તો કચ્છમાં ઘણું થશે.

મોટી મોટી શોધો થઈ છે, એ પણ એકધારા સતત ચિંતવનનું પરિણામ છે. ચિંતવન વિના કોઈ વસ્તુ મળી ના શકે, એ પ્રિન્સિપલ-(સિદ્ધાંત) નક્કી. ગમે તે કોઈ બાબતમાં.

આ શક્તિપાતની વાત કરે છે, ખોટી વાત છે, કારણ કે તે પહેલાં પેલા માણસનું કોઈ ચિંતવન તો છે નહિ, તો પેલી વસ્તુ કેવી રીતે મળી શકે ? મૂળ જે સિદ્ધાંતનો પાયો ગણ્યો-લાંબા કાળ સુધી ઊંડામાં ઊંડું ચિંતવન થયા કરે તો તે વસ્તુ આપણને મળી શકે, તે મૂળ પાયો તો આમાં છે નહિ. એટલે માનનારા મૂરખા અને કરાવનારા મૂરખા. જોકે આપણાથી કોઈ મોટા પુરુષને કહેવાય નહિ, પણ એક સિદ્ધાંતરૂપે સમજીએ એટલે ચિંતવનમાંથી એકાગ્રતા થાય, એકાગ્રતામાંથી બધું ફૂલેફાલે અને એમાંથી વિસ્તાર થાય. એકાગ્રતામાંથી શૂન્યમાં જવાય અને ત્યાંથી બધો વિસ્તાર થાય.

સૂર્યનો પ્રકાશ જુઓ. સૂર્ય એ જ છે, પણ રણમાં એનાં કિરણોનું પરિણામ જુદું, નદી પર પરિણામ જુદું. જે જે ઠેકાણે એનાં કિરણો પડે છે, તે તે ઠેકાણે એનું પરિણામ ભૂમિકા પ્રમાણે જુદું છે. ચેતનનું પણ એમ જ છે. ચેતન છે તો એક જ જાતનું. એમાં કંઈ ફરક છે નહિ. જેમ જેમ જેવી જેની ભૂમિકા, તે પ્રમાણે એ વ્યક્ત થાય છે.

**સ્વજન :** રેડ રેસ-(જાતિ), બ્લૅક રેસ, યલો રેસ, વ્હાઈટ રેસ, એ બધું બહુ જૂની સંસ્કૃતિઓમાંથી ઊતરી આવેલું હશે ?

**શ્રીમોટા :** માણસોની જાતિની વાત છે ?

**સ્વજન :** હા, માણસોની.

**શ્રીમોટા :** માણસોને સ્થળની અસર છે. બહુ ઠંડા પ્રદેશમાં ગોરા લોકો છે. એવી રીતે આફ્રિકામાં કાળા લોકો છે. આપણે ત્યાં ઓછી ગરમી છે. એટલે ઘઉંવર્ણા. જુદી જુદી રેસ આબોહવા અને સ્થળને કારણે છે. તે પછી આપણે રેસ વગેરે પાડ્યું, પણ મૂળ તો બધાં એક જ છે. સ્થળ અને આબોહવા પ્રમાણે જુદી જુદી રેસ વગેરે એવા ભાગ પડે છે.

લોકો સીસમ જેવા કાળા હોય છે. મને ખબર નથી. નૈરોબી આમ ઠંડું છે. યુરોપિયનો ત્યાં વસેલા. નૈરોબીમાં આફ્રિકનો કાળા છે, કારણ કે એનું બી ખરુંને ? નડિયાદની બે છોકરીઓ અમેરિકામાં જ રહે છે. એક ચંદુભાઈની અને ડૉ. મુક્તાબહેનની. એ દીકરીઓ તે ગોરી થઈને આવેલી. એનો વાન-(શરીરનો બાંધો) બદલાઈ ગયો હતો.

**સ્વજન :** મને આ વિચાર શા પરથી આવ્યો, મોટા, કે આપ કહેતા હતાને કે જુદી જુદી સંસ્કૃતિઓ આપણી પૃથ્વી

પર થઈ ગઈ એના રૅમનન્ટ-(અવશેષ) તરીકે આ નહિ રહ્યું હોયને ?

**શ્રીમોટા :** સંસ્કૃતિ થઈ ગઈ, એના અવશેષરૂપે આ રેસીઝ-(જાતિઓ) નથી. આપણે ત્યાં ચીનમાં, રશિયામાં થયેલી. બહુ જૂની ગ્રીસ, રોમ, ઈજિપ્તમાં થયેલી. બહુ પહેલાં થયેલી. પિરામિડ અને બધું નહિ થયેલું એ પહેલાં પણ સંસ્કૃતિ હતી. આપણે બહુ અભિમાન ધરાવીએ છીએ કે અમારી સંસ્કૃતિ બહુ જૂની, પણ એવું કંઈ નથી. વધારે જાજ્વલ્યમાન-ઋગ્વેદ તો પછી લખાયા. પહેલાં તો શ્રુતિ અને સ્મૃતિ. શ્રુતિ એટલે સાંભળેલું અને સ્મૃતિ એટલે યાદ રાખેલું. બોલવાનું એવું નિયમસરનું હતું. જેમ સંગીતમાં આરોહ અવરોહ હોય છે એમ. ઋગ્વેદમાં ગમે તેમ નહિ બોલાય. કોઈ છંદ ગમે તેમ નહિ ચાલે. એના નિયમો-જ્યાં જે જોઈએ તેમ-એ પ્રમાણે લખાય.

સંસ્કૃતિ પણ સ્થળ, કાળ અને લોકને વળગેલી. એ ત્રણના પ્રમાણમાં સહેજ લોક ઊંચે જઈ શકે. વધારે હોય તો લોકો એને ગ્રાહ્ય ન કરી શકે. વર્તી શકે એટલા પ્રમાણની હોય છે.

**સ્વજન :** સાધનામાં સ્વાદવૃત્તિનો અવરોધ ખરો ?

**શ્રીમોટા :** સ્વાદને મારી નાખવાની વાત હમ્બગ-(ખોટી) છે. અશક્ય છે. સ્વાદ એ જન્મતાંની સાથે જ મળેલી કુદરતી બક્ષિસ છે. એ છેક સુધી રહે છે. ખાવામાં અતિશયતા એ દોષ છે. જે વધારે ભાવતું હોય એ ઓછામાં ઓછું લેવું એ ઉત્તમ છે.

**સ્વજન :** જે વધારે ભાવે તે ઓછામાં ઓછું લેવું ?

**શ્રીમોટા :** હા, ઓછામાં ઓછું લેવું. પછી સમતામાં આવી જઈએ. આટલું જ. આથી વધારે નહિ. માણસને જરૂર છે,

એના કરતાં ઘણું વધારે ખાય છે. તેથી એની શક્તિ પચાવવામાં જાય છે. ઓછું ખાવાથી સ્ફૂર્તિ રહે છે.

ખાવાનું ઓછું કરતાં તો મારો દમ નીકળી ગયેલો. આઠ વર્ષનો હતો. ડાંગર રોપવા, ધરુ રોપવા મજૂરીએ જઈએ. ખૂબ શ્રમ, એટલે એના પ્રમાણમાં ખાવા જોઈએ. પછી આ માર્ગે વળતાં, ખાવાનું ધીરે ધીરે કરતાં ઓછું કર્યું. મારી મા તો બહુ બોલ્યા કરે. એ કંઈ સમજે નહિ. મા કહે કે 'જાણી જોઈને તારે મરી જવું છે !'

❑

# (૩) સંસારમાં કર્મકળા

**સ્વજન :** હું એમ વિચારતો હતો કે સંસારમાં આપણે આ કર્મ કરીએ, એટલે કે સંસારનાં કર્મ તે વખતે...

**શ્રીમોટા :** એ કર્મ કરતી વખતે આપણને મોહ ન રહે. પ્રભુપ્રીત્યર્થે કરીએ. એટલે કે અહમ્‌ભાવ ધીરે ધીરે ઓછો થાય, એ આપણું ધ્યેય રહેવું જોઈએ. સંસારનાં કર્મ કરવાનાં ખરાં. જે ભાગે આવ્યાં હોય એ ઉત્તમમાં ઉત્તમ રીતે કરવાનાં. એમાં અહમ્‌ભાવ ન રહેવો જોઈએ. અહમ્ ધીરે ધીરે કરીને આપણે એલિમિનેટ-(બહાર) કરવો જોઈએ. એ ઈન્ટેલૅક્ચ્યૂઅલ કન્સેપ્શનમાં અને 'એઝ વેલ એઝ ઈન ઍક્શન' હોવું જોઈએ. એમાં મમત્વ, કામના, ઝંખના ન રહેવાં જોઈએ. દા.ત., કોઈ શેઠનું કામ મુનીમ કરતો હોય, એમાં લાખોનો નફો કે ખોટ થાય, જે થાય તે શેઠને માથે ભાર. એને કશો ભાર નહિ. દેવું થાય તોય એને ભાર નહિ.

**સ્વજન :** આપણે કહીએ-આપણે કર્મ લઈને બેઠાં-'ડીટૅચ્ડ ઍટીટ્યૂડ'-(અલિપ્ત વલણ) રાખીએ પણ ઝંખના તો રહેને ?

**શ્રીમોટા :** ખોટ ગઈ-એનો અર્થ એમ નહિ-એની ઝંખના ન કરો-પણ એ ખોટ ગઈ તે એને કેમ કરીને ભરપાઈ કરવી-આપણે ક્યાં ભૂલ કરી તે સમજવું જોઈએ. 'ખોટ થઈ તો ભલે થઈ' એમ માનવું એવો અર્થ નહિ. ડીટૅચમેન્ટ-(અલિપ્તતા) ખરું, પણ ધ્યેય જોઈએ કે આમાં મારું અહમ્ નથી. કર્મ પ્રભુપ્રીત્યર્થ કરવાનું છે. એટલે એને ગમે તેમ પણ કરવાનું ન હોય. ઉત્તમમાં ઉત્તમ રીતે હોશિયારી વાપરીને કરવાનું. એટલા માટે મેં **'કર્મ ઉપાસના'** પર લખ્યું છે.

❑

# (૪) અનુભવીમાં વિચાર

**સ્વજન :** જ્ઞાનના પ્રદેશમાં હોય ત્યારે વિચાર તો ન આવેને ?

**શ્રીમોટા :** હા, એણે વિચારવાનું હોય નહિ. એને આપમેળે સૂઝે. એમાં વિચારોની પરંપરા ન હોય. કામ હોય તે ડેફિનેટ-(ચોક્કસ) આવી જાય. એના પર વિચાર બિચાર થાય નહિ.

**સ્વજન :** સૂક્ષ્મ શરીર થાય ત્યારે સ્થળકાળની મર્યાદા જતી રહેતી હશેને ?

**શ્રીમોટા :** હા, જતી રહે છે. આપણે જીવદશામાં હોઈએ છીએ ત્યારે આપણું સૂક્ષ્મ શરીર નથી જતું હોતું. તોપણ ઊંઘમાં તો સૂક્ષ્મ શરીર ગમે ત્યાં જતું હોય છે.

અનુભવીનું સૂક્ષ્મ શરીર દિવસે કે રાત્રે ગમે ત્યારે કોન્શ્યસલી-(સભાનતાપૂર્વક) ગમે ત્યાં જતું હોય છે. જીવદશામાં તો અનકોન્શ્યસલી બને છે. અનુભવીનું સૂક્ષ્મ શરીર અમસ્તું ભટકવા જાય નહિ. એ તો નિમિત્ત હોય તો જ જાય.

**સ્વજન :** અમારું સૂક્ષ્મ શરીર ભટકવા જાય કે જ્યાં સંબંધ હોય ત્યાં જાય ?

**શ્રીમોટા :** જીવદશામાં કેટલાય પ્રકારની લોલુપતાઓ છે, ઝંખનાઓ છે. એ બધી ઝંખનાઓ, લોલુપતાઓને સંતોષવા એ રાત્રે જાય. એ વખતે એને સ્થૂળ શરીર હોય નહિ એટલે ભોગવી શકે નહિ. સ્થૂળ શરીર ભોગવી શકવા માટે જરૂરનું. બધી યોનિઓમાં મનુષ્યયોનિ જ એવી છે કે જેમાં ભોગવી

શકાય છે. સુખ કે દુઃખ ગમે તે હોય, મનુષ્ય શરીરથી ભોગવી શકાય છે.

**સ્વજન :** આપણે અહીં જન્મ લીધો તે પહેલાં પણ બીજા ગ્રહોમાં પણ જઈ આવેલાં હોઈશુંને ?

**શ્રીમોટા :** હા, જઈ આવેલાં. ત્યાંથી માઈગ્રેટ-(સ્થળાંતર) થતાં થતાં અહીં આવ્યાં છીએ અને અહીંથી પાછા બીજે જવાનાં, એ વાત પણ ચોક્કસ.

**સ્વજન :** મુક્ત થયા પછી આ બધું બંધ થઈ જાય ?

**શ્રીમોટા :** ના, અનંતાનંત જીવન છે. એ તો ચાલ્યા કરે. એ પછી એ પ્રકારની લાઈફ.

જેમ બ્રહ્માંડમાં ચેતન બધે જ છે. જ્યાં જ્યાં નિમિત્ત છે ત્યાં ત્યાં આપણો સંબંધ છે. આપણે જીવદશામાં છીએ એટલે આપણને ખબર નથી. આ પૃથ્વી પર પણ આપણો સંબંધ છે. જ્યાં જ્યાં વિચાર જાય ત્યાં ત્યાં આપણો સંબંધ છે.

**સ્વજન :** મોટા, આપે કહેલું કે 'હું તો પરણી ચૂક્યો છું, એવો વિચાર આવ્યો અને ભાવમાં ચાલ્યો ગયો.'

**શ્રીમોટા :** પરણતી વખતે જ્યારે હસ્તમેળાપ થવા આવ્યો ત્યારે થયું કે 'હું આ શી મૂર્ખામી કરું છું?' 'આઈ હેવ ઑલરેડી મેરીડ'-(હું તો પરણી જ ચૂક્યો છું.) આ બધું શું મૉક મૅરેજ-(બનાવટી લગ્ન) જ થાય છે ! એવું થયું તેની સાથે ભાવ જાગેલો.

**સ્વજન :** એવો ભાવ જાગે એટલે શું થાય ?

**શ્રીમોટા :** એવી જાતની એકાગ્રતા અને કેંદ્રિતતા થઈ જાય.

**સ્વજન :** સાક્ષીભાવ રહે કે જતો રહે ?

**શ્રીમોટા :** ના, તે વખતે નથી રહેતો, પણ અનુભવ થયા પછી રહે. શરૂઆતમાં નથી રહેતો. અનુભવી તો સતત એ જ દશામાં રહે છે.

મારી બાને બધાંએ પૂછેલું ખરું કે 'શું થયું આમને ?' એણે કહેલું કે 'ઘણીવાર આને આવું થઈ જાય છે !' મારી બા મારા પર બહુ ગુસ્સે થયેલી. મારી બાને આ બધી ખબર નહિ. એ તો એક જાતનો વાયુ ગણે. પહેલાં મને ફેફરુંનો રોગ હતો. એટલે આ જાતનું થયું છે એમ જાણે. ત્યાં જે બ્રાહ્મણ હતા એમને ખબર પડી ગયેલી. એમણે કહેલું કે 'ગભરાશો નહિ. આ તો હમણાં પાછો સ્વસ્થ થઈ જશે. આ એક પ્રકારની સમાધિ છે.'

**સ્વજન :** બ્રાહ્મણને એક પ્રકારના એવા સંસ્કારને લીધે ખબર પડેલી ?

**શ્રીમોટા :** હા, સંસ્કારને લીધે ખબર પડે. મારી મા તો એ વખતે મને કહે કે 'મારા રડ્યા, તેં તો મંતર માર્યો અને તારી બૈરીને તેં મારી નાખી.' ચાર મહિનામાં એ છોકરી મરી ગઈ ! માએ મને ફરી પરણવા બહુ કહેલું. ત્યારે મેં કહેલું કે 'બા, તું કહે છે કે પહેલીને મેં મંતર મારીને મારી નાખી, તો હું બીજીને મંતર મારીને મારી નાખીશ તો ?'

'મેર મારા રડ્યા, એવું બોલીશ ના.'

તા. ૩-૧-૧૯૭૫

**શ્રીમોટા :** 'કારણ'ને જાણવાની જરૂર નહિ. એને તમે જાણી શકો જ નહિ. 'કારણ'-ભાવનાની પૂર્ણ એકાગ્રતા અને

કેંદ્રિતતા થાય ત્યારે કારણ આગળ પડતું હોય, પણ પોતાનાથી જુદું છે એમ નહિ.

આખા બ્રહ્માંડનું સર્જન 'કારણ'માંથી થાય છે.

**સ્વજન :** એ પળેપળે ચાલ્યા જ કરવાનુંને ?

**શ્રીમોટા :** હા, ચાલ્યા જ કરે. કારણમાંથી સર્જન થાય-લય પામે. એ થયા કરતું પોતે અનુભવે તે રાસલીલા. રાસલીલા એટલે સ્ત્રી અને પુરુષો રમે છે એ નહિ. હું તો આવા અર્થમાં લઉં છું.

**સ્વજન :** મોટા, આપને રામનવમીએ જે અનુભવ થયેલો, એ રાસલીલા કહેવાય ?

**શ્રીમોટા :** બધાંનો લય થઈ જાય, એમાં પોતે પણ લય પામે, છતાં પોતાના અસ્તિત્વની સભાનતા. એ વખતે મને કૃષ્ણનું દર્શન થયેલું. એ કૃષ્ણ જુદા પ્રકારના હોં. ચિત્રોના છે એ કાલ્પનિક છે. એમનું સૂક્ષ્મ શરીર એવું આરપાર અને મુલાયમ. મેં **'જીવન દર્શન'**માં લખેલું છે.

તા. ૩-૧-૧૯૭૫

❑

# (૫) અનુભવી - ૧

**શ્રીમોટા :** અનુભવમાં ટાઈમ હોવા છતાં ટાઈમ ન લાગે. અનુભવમાં સ્થળકાળ હોવા છતાં નહિવત્ છે. અજ્ઞાનદશામાં શરીરનું મહત્ત્વ વિશેષ છે. શરીર માટે જ ક્રિયાઓ કરીએ છીએ. અનુભવમાં શરીરનું મહત્ત્વ ઘટી જાય છે. જેમાં ને તેમાં શરીરને આગળ અણાતું-(લવાતું) નથી. શરીર ખરેખર રોગોથી પીડાતું હોય, દર્દ થતું હોય, અત્યંત વેદના થતી હોય, તો એના વિશે એને મહત્ત્વ જ નથી રહેતું. જ્યારે ભાવ જાગે ત્યારે આવું થાય છે.

પરસ્પર એકબીજાના દિલમાં જાગે. અનુભવીના દિલમાં તો જે જે વ્યક્તિઓ હોય એના વિશે ભાવ હોય જ. એને કંઈ ભાવ આણવાની-(લાવવાની) જરૂર નહિ. એનામાં સ્વયંભૂપણે ભાવ છે. જેની સાથે મળેલા છે અને જેની સાથે સંબંધ છે-તેમ જ નથી. મળેલા એવા અનેક પ્રકારના જીવો છે, એમની સાથે પણ એને સંબંધ છે. એમ બધાં પ્રત્યે એનો ભાવ કાયમ છે. એટલે સામા પક્ષે જ્યારે એવો ભાવ જાગે છે ત્યારે ભાવ ભાવનું કામ કરે છે. કેટલીક વાર **કાગનું બેસવું અને ડાળનું પડવું** એવી રીતે ઉત્તર મળી જતા હોય એમ લાગે.

**સ્વજન :** મોટા, આપણામાં કહેલું છે કે પ્રલય થાય અને સૃષ્ટિનું સર્જન થાય. હવે જે અનુભવી હોય તેને પ્રલય અને સર્જન થતું એમ બંને લાગે ? એ વખતે એ પ્રકારનો કાળ ઊડી ગયેલો અનુભવાય ?

**શ્રીમોટા :** જ્યારે સૃષ્ટિનો પ્રલય થાય ત્યારે એને પણ શરીર છેને ? તે બધાંનાં શરીરની સ્થિતિ થાય તેવી એના

શરીરની પણ થાય. તે વખતે પ્રલયથી અસ્પૃશ્ય રહે એવું ના બને. પ્રલય પ્રકૃતિમાં બધું નાશ પામે છે, પણ એની આત્માની સ્થિતિ નાશ પામતી નથી. એ તો કાળને સમજે છે. એથી એ સમજે છે કે આ કાળમાં આવું જ થવાનું છે. એથી સમતા ધારણ કરે છે. સમતા ધારણ કરીને પ્રલયના કાળમાં એનું શરીર છોડે છે. પ્રલય થાય ત્યારે બધું જ નાશ થાય એવું નથી હોં. એમાં કેટલુંક જીવે છે. પશુ, પંખી, જીવ, જંતુ, મનુષ્યો જીવે છે. હજારમાં એક કહીએ તો ચાલે. એટલા પ્રમાણમાં જીવે છે. પછી ધીમે ધીમે વસ્તીનો વધારો થાય છે.

હમણાં કાઠિયાવાડમાં વાવાઝોડું આવ્યું, આવી રીતે જળથી થાય. બાઈબલમાં નોઆઝાનો દાખલો આપ્યો છે. આપણામાં હશે, પણ આપણે જાણતાં નથી.

**સ્વજન :** (ધીરજબહેન) આટલાં બધાં એકસાથે મરે, એ જીવો ક્યાં જતા હશે ? બધાં જન્મે ?

**શ્રીમોટા :** યથાકાળે જન્મે. સાથે જાય પણ સાથે જન્મે નહિ, કારણ કે થોડા જીવતા હોય. તેમનામાં જેમ જેમ વૃદ્ધિ થતી જાય તેમ તેમ જન્મતા થાય. જન્મનું પ્રમાણ તે વખતે ઘણું વધે. બે બાળકો વચ્ચે અંતર બહુ ઓછું હોય. પ્રલય પછી જન્મનું પ્રમાણ વધી જાય, એબ્નૉર્મલ-(અસાધારણ) કહીએ તો ચાલે. એકબીજાને ઓળખે નહિ, પણ અનુભવી હોય તે ઓળખે, પણ એ બોલે નહિ. કેટલીક વાર સંબંધ થાય અને પછી તૂટી જાય છે. પોતે ભાવ રાખે પણ સામા પક્ષેથી ભાવ જતો રહે. એથી ગાઢતાની માત્રામાં ઊણપ આવે.

એટલે એની સાથેની સોબત આપણને ઉચ્ચ ગતિ

કરાવનાર છે. એ સોબત એવી સદ્‌ભાવવાળી જોઈએ. સત્સંગના મહિમામાં અતિશયોક્તિ નથી. એની સાથેની સોબત શ્રદ્ધાપૂર્વકની, જ્ઞાનપૂર્વકની, શંકા વિનાની, આડાઅવળા વિચાર વિનાની હોય તો એ ફળે છે. બીજા વિચાર હોય તો એ ફળતી નથી. શંકા કુશંકા થઈ તો સદ્‌ભાવની કમીના થઈ. એટલે ધીરે ધીરે એ સંબંધ ઓછો થતો જાય છે.

અનુભવી તો જાણે છે. આપણે પણ સંસારવહેવારમાં કોઈ જીવ વિશે બધું જાણતાં હોઈએ તો કંઈ કહેતાં નથી. તેવી રીતે પેલો પણ જાણતો હોવા છતાં કહેતો નથી, કેમ કે એને તો પરભવનું નિમિત્ત છે. એ કહીને કરે શું ? બીજા જન્મની વાત માન્યામાં ન આવે. એટલે શંકા કુશંકા થઈ જાય. એટલે એ કહેતો નથી.

હવે પછી જન્મ છે. તે પહેલાં પણ હતો. એટલે જન્મ જન્માંતરમાં જે સંબંધ થયેલો છે, પરસ્પરનો જે ભાવ જાગેલો છે, તે નિમિત્ત છે. નિમિત્તને કારણે સંબંધ છે. એ સંબંધને જીવતોજાગતો રાખીએ તોપણ આપણે માટે બસ છે.

શ્રીરામકૃષ્ણ પરમહંસ હતા, એમની સાથે ગિરીશચંદ્ર હતા. બહુ સારા નાટ્યકાર હતા. એ કાળમાં બહુ સુંદર નાટકો લખેલાં. અભિનયકળા જાણતા હતા. એ નાટકમાં ભાગ લેવાના હોય ત્યારે શ્રીરામકૃષ્ણ જાતે એને જોવા જતા. એની ઍક્‌ટિંગ-(અભિનય) જોવા જતા અને બહુ ખુશ થતા. એ શ્રીરામકૃષ્ણ પાસે જતા, પણ એમને ભક્તિ ન હતી. ખૂબ દારૂ પીતા હતા. દારૂના શીશા લઈને શ્રીરામકૃષ્ણ પાસે જાય, પણ એ શીશા ગાડીમાં મૂકી રાખે. શ્રીરામકૃષ્ણ કહે કે ‘ભાઈ, લઈ

આવ. ગાડીમાં કેમ મૂકી રાખે છે ? આપણી વસ્તુ આપણી પાસે રાખવી.' એમ કરીને મંગાવી લે. એક વખત ગિરીશચંદ્ર આવ્યા. શ્રીરામકૃષ્ણ પરમહંસને કોઈ મોટા માણસને ઘેર જવાનું હતું. તેમણે કહ્યું, 'લાવ તારી ગાડી આવી છે, તેનો ઉપયોગ કરું,' પણ ગાડીમાં દારૂના શીશા હતા, એટલે એ ગાડીમાં જવાનો ગિરીશબાબુને સંકોચ થયો. એટલે શ્રીરામકૃષ્ણ પરમહંસે પેલા શીશા બગલમાં માર્યા અને પોતે ચાદર ઓઢતા હતા તે ઓઢી, પણ પેલા માણસને મળ્યા અને એને ભેટવા જતા હતા ત્યારે યાદ ન રહ્યું કે પોતાની પાસે દારૂના બાટલા છે. એટલે બાટલા નીચે પડ્યા. એ ફૂટી ગયા એટલે વાસ આવી એટલે પેલો માણસ કહે, 'હાં, હવે સમજણ પડી કે તમને સમાધિ કેમ થાય છે તે ?' પેલો માણસ ઊંધું સમજ્યો. એવું સમજે એ સ્વાભાવિક છે.

શ્રીરામકૃષ્ણ પરમહંસ, ગિરીશચંદ્રને એટલું બધું ચાહતા હતા. એમના મરી ગયા પછી ભક્તિ જાગી. પછી એ ભક્ત થઈ ગયો. એટલા બધા માણસો આવતા, પણ એમને શરમ-સંકોચ ન હતો-રામકૃષ્ણને. 'આ દારૂડિયાની સાથે સોબત કેમ થાય ?' એવું એમને ન થાય, કારણ કે એ એનો સંબંધ જાણતા હતા. સામી વ્યક્તિ ગમે તેવી હોય તોપણ અનુભવી પુરુષને નિમિત્ત હોય, તો એને એ તરછોડી શકતો નથી.

સુરતમાં બનેલી વાત છે. એક મહાત્મા રહેતા હતા. દોઢસો બસો વર્ષ પહેલાંની વાત છે. તે મહાત્માની પાસે મોટા મોટા શેઠિયાઓ આવે. નવાબ પણ આવે. એવામાં ત્યાં પ્રખ્યાત ગણાતી ગણિકા પણ દર્શન કરવાં આવવા લાગી ત્યારે પેલા

શેઠિયાઓ કહે, 'મહારાજ, તમે આને આવવાની 'ના' કહો.' 'હું શું કામ 'ના' કહું ?' મેં એને બોલાવી નથી. એની મેળે દર્શન કરવાં આવી છે. તમે આવો છો તેમ એ પણ આવે. હું શા માટે ના કહું ?' એ આવવા માંડી એટલે પેલા શેઠિયાઓ આવતા હતા એ બંધ થઈ ગયા. પેલી બાઈ તો આવવા લાગી. એ બાઈ પછી ભક્ત થઈ ગઈ. પેલા બધા આવતા બંધ થઈ ગયા, પણ મહાત્માએ પેલી બાઈને એમ ના કહ્યું કે 'તું ના આવીશ.' આ બનેલી હકીકત છે.

આવા અનુભવી પુરુષો નિમિત્ત હોય છે, તો કોઈને તરછોડતા નથી. તરછોડવાનું નિમિત્ત હોય તો તરછોડેય ખરા. સારા નરસા જીવવૃત્તિવાળાં નિમિત્ત હોય છે, તેવી રીતે અનુભવી તેમની સાથે વર્તન કરે છે.

તા. ૧૭-૪-૧૯૭૪

**શ્રીમોટા :** આપણામાં સોએ સો ટકા તે જ પ્રમાણે બને એમ નથી. માત્ર ટેન્ડન્સી-(વલણ) આપણામાં પ્રગટાવે છે. એ ટેન્ડન્સી પ્રમાણે આપણે વર્તવું કે ના વર્તવું તેમાં આપણે સ્વતંત્ર છીએ, પણ સામાન્ય માણસ એને સમજી શકતો નથી. એટલે ટેન્ડન્સી પ્રમાણે જ વર્તે છે. બાકી, કોઈ વિવેકી માણસ હોય તો એ ટેન્ડન્સી વિચારે કે આ ટેન્ડન્સી પૉઝિટિવ છે કે નેગેટિવ છે. તેમ વિચારીને પૉઝિટિવ હોય તો વર્તે અને નેગેટિવ હોય તો એનો ઇન્કાર કરે, પણ એટલી શક્તિ દરેકની કેળવાયેલી હોતી નથી. જેનો વિલ પાવર સ્ટ્રૉંગ-(ઇચ્છાશક્તિ મજબૂત) છે અને જેની પાસે કોઈ ધ્યેય છે, તે જ માણસ એમ કરી શકે છે. કોઈ માણસ રૂટિન-(નિત્યક્રમ)ને નહિ બદલી શકે. મજબૂત

ઈચ્છાશક્તિ એમ કંઈ હોતી નથી. એમ ને એમ કેટલાકમાં હોય છે-કેટલાક હોય-જૂજ જીવો-બહુ જ અપવાદરૂપ કે જેને પ્રારબ્ધકર્મથી મળેલું હોય, તે બદલી શકે છે. એ ચીલે ચીલે ના ચાલે. એ રીતે બદલી શકાય તેવી હકીકત છે.

આપણી પ્રકૃતિ એ પણ આત્માનું એક રૂટિન છે. તે રૂટિનને આપણે ધારીએ તો બદલી શકાય. એ પોતે હોવા-રહેવા છતાં, એના ધાર્યા પ્રમાણે આપણે નહિ ચાલીએ. અત્યારે આપણે એના ધાર્યા પ્રમાણે ચાલીએ છીએ, પણ જ્યારે આપણામાં આત્મા સબળ થાય, ત્યારે એ આત્માનું પોતાનું એક વર્ચસ્વ છે. આત્માને પોતાનું સ્વતંત્ર બળ છે. આત્માને પોતાની ઈચ્છા વગેરે નથી. આત્મામાં ઈચ્છા, આશા, કામના એ બધું છે નહિ, પણ જ્યાં સુધી શરીર છે અને આત્મા જેનામાં પ્રબળ રીતે જાગી ગયેલો છે અને પ્રબળ થયેલો છે પણ તેને શરીર છે ખરું, તે શરીર છે ત્યાં સુધી પ્રવૃત્તિ છે-કોઈ ને કોઈ જાતની. ભલેને રસ્તા ઉપર પડી રહ્યો હોય તોપણ એને પણ કોઈ જાતની પ્રવૃત્તિ છે, પણ એ પ્રવૃત્તિ છે ત્યાં સુધી મનાદિકરણ-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ પણ છે. એ છે, તો પ્રકૃતિ પણ છે અને પ્રકૃતિ એની દાસી છે. ત્યાં આગળ પ્રકૃતિ શેઠ નથી. એ એની દાસી છે. આત્માનાં વલણના કહ્યા પ્રમાણે વર્તે છે. પ્રકૃતિ એની તેવા પ્રકારની થઈ જાય છે. બાકી, પ્રકૃતિ તો રહેવાની જ. કોઈ દહાડો પ્રકૃતિ જાય નહિ, કારણ કે સકળ બ્રહ્માંડનું આખું સર્જન પ્રકૃતિમાંથી થયેલું છે અને પ્રકૃતિમાં રહેલું છે અને પ્રકૃતિથી પોષાય છે. પ્રકૃતિથી જીવે છે. એટલે પ્રકૃતિ તો રહેવાની જ.

**સ્વજન :** મોટા, તમે કહેતા હતા કે બીજા ગ્રહોમાં જાય તો આ પ્રકૃતિ જાય ?

**શ્રીમોટા :** ત્યાંનું જે વાતાવરણ હોય તે જાતનું એડોપ્શન-(સ્વીકાર) થઈ જાય. દા.ત., આ પૃથ્વી ઉપર શરીરધારી પણ આવો જીવ હોય. ડેવલપ્ડ સોલ-(ઉચ્ચ આત્મા) થયેલો હોય. કોઈ કારણસર તેને સૂર્યમાં જવાનું થયું, તો સૂર્યમાં રહેતા જે જીવો છે, તેના કોષનું બંધારણ જે છે એ પ્રમાણે એનું ત્યાં બંધારણ થાય. ત્યાં જઈને જે હોય તે કરી દે. તે કામ કરીને આવે, પણ હવે સૂક્ષ્મ શરીર ગયું અને પાછું આ શરીરમાં આવ્યું ત્યારે એને ગરમી એટલી બધી હોય કે એના શરીરથી સહન ન થાય. એટલું બધું એને થાય કે આ શરીર કાં તો એને છોડી દેવું પડે, કાં તો સહન કરવાની શક્તિ હોય અથવા તો એમાંથી પર થયેલો હોય, અથવા તો જાણીજોઈને જ્ઞાનપૂર્વક એ બધું ભોગવે. આ શરીર, એ સૂર્યની ગરમી નહિ સહન કરી શકે, કારણ કે ત્યાં જઈને આવ્યો ત્યાં સૂર્યમાં જે વસતા જીવોનું જે બંધારણ છે શરીરનું, તે પ્રકારનું શરીર ધારણ કરી ત્યાં રહ્યો, પણ આ શરીરમાં પાછો આવે ત્યારે તે વખતે ત્યાંથી તેની સાથેનું જે હોય છે, તે કંઈ નાસી જતું નથી. તે આવે તે વખતે શરીરમાં જે એને ગરમી થાય એનું એને અસહ્ય દર્દ હોય છે. એવી રીતે બીજા ગ્રહોની અંદર પણ જાય ત્યાં, ત્યાંનું વાતાવરણ તો એને સ્પર્શે છે. ત્યાં જઈને આવ્યા પછી તેમાંથી પર રહી શકે છે ખરો. થોડો વખત આ શરીરમાં એ વાતાવરણ રહે છે ખરું. કેટલાકને વધારે કાળ રહે, કેટલાકને ઓછો કાળ રહે, તેનું એકસરખું ધોરણ કંઈ નથી, પણ શરીર

રહે ખરું. એટલે શરીરને અવનવું થયા કરે. એનું શરીર ઍપ્ટ-(લાયક) હોય, વાતાવરણને જીરવી શકે, સ્પર્શી શકે અને મજબૂત થયેલું હોય તોપણ એને અસર થાય.

આ આપણી સૂર્યમાળા છે, તે સૂર્યમાળામાંથી પણ બહાર જઈ શકે છે. આપણી બુદ્ધિમાં આવી શકે એવી વાત નથી, કારણ તેની સાબિતી કંઈ આપી શકાય એમ નથી, પણ અનુભવીને માટે એ પૉસિબિલિટી-(શક્યતા) છે. એટલું જ નહિ પણ રિઆલિટી-(વાસ્તવિક) છે, કારણ કે અનેક અનુભવો લેતું લેતું, ફરતું ફરતું આ મનુષ્ય શરીર થયેલું છે. એટલે પહેલાં એક ઠેકાણે એ હતું. તેમાં ફરતું ફરતું આમાં આવ્યું છે. એટલે અનેક પ્રકારનાં એનાં નિમિત્ત છે. તે નિમિત્ત જ્યાં જ્યાં છે, ત્યાં ત્યાં એ છે. એકીવખતે અનંત ઠેકાણે એ હોય છે.

આપણે જાણવા માટે કોઈ ચોપડી વાંચવી પડે કાં તો કંઈક પ્રયોગ કરીને જાણવું પડે, કોઈને પૂછવું પડે. એની મેળે આપમેળે આપણને કંઈ સૂઝતું નથી. જે જાણવાનું છે, એના 'પ્રોસેસ'-(પ્રક્રિયા)માંથી પસાર થઈએ ત્યારે જ જાણવાનું મળે. જ્યારે પેલા અનુભવીને જાણવા માટે કંઈ પણ કશું કરવું પડતું નથી. આપમેળે 'ઈન્સ્પાયર'-(પ્રેરાઈ) થઈને, એને જે જાણવાનું હોય તે જાણી શકે છે. આ લોકોએ, અહીંના સાયન્ટિસ્ટોએ જે બધું શોધ્યું, પણ એ અત્યંત એકાગ્રતાપૂર્વક કેંદ્રિતતાથી મનનચિંતવન કરી કરીને ખોળ્યું. 'બાઈ ઈન્સ્પીરેશન'-(પ્રેરણાથી) નહિ. આપણા ચરક, સુશ્રુતે જે કહ્યું તે અંદરના જ્ઞાનથી, ઈન્સ્પીરેશનથી, કેમ કે એની સાથે તદ્રૂપ થયા. એની સાથે ભળી ગયા. તુલસી છે તે પોતે તુલસીરૂપ થઈ ગયા અને

એનાથી પોતે નોખા હતા, માટે તેના ગુણધર્મ જાણી શક્યા, નહિ તો જાણી ન શકાય. અને કેટલીય બધી સુમાર વગરની વનસ્પતિઓ છે, તે બધાના ગુણધર્મને લખ્યા. સુશ્રુત અને ચરકે બધાં તત્ત્વો કહ્યા છે. ચરક અને સુશ્રુતના ગ્રંથો સચવાઈ રહ્યા છે. એના ઉપરથી આપણને ખબર પડે કે જાણી શકાય, કે એક માણસે આટલી બધી વનસ્પતિના ગુણધર્મ જાણ્યા, તે આ વિદ્યા સિવાય જાણી જ ના શકાય.

તે તો આ વિમાનો બિમાનો થયાં ત્યારે આજે આપણે માનીએ છીએ. પહેલાંના વખતમાં રામચંદ્ર પુષ્પક વિમાનમાં ગયા હતા. ત્યારે અશોકવાટિકા હશે ખરી. પહેલાં તો લોક કલ્પના માનતા હતા. એ તો આપણા દેશમાં અનેક વેળા આવી સંસ્કૃતિઓ થયેલી છે અને નાશ પણ પામી છે.

તા. ૭-૧૨-૧૯૭૪

❑

# (૬) ભગવાન

'ભગવાન સર્વત્ર પ્રસરેલો છે, છતાં કંઈ દેખાતો નથી.' એમ મને કોઈકે પૂછેલું. મેં કહ્યું, 'તું આ શરીર દેખે છે કે નહિ ?' તો કહે, 'હા, શરીર તો દેખાય છે.' મેં કહ્યું, 'એમાં જળતત્ત્વ વિશેષમાં વિશેષ છે, ૯૦-૯૫ ટકા જેટલું. મતલબ કે એ ઘણું વધારે છે. પૃથ્વીતત્ત્વ થોડું. એનાથી ઓછું વા અને એનાથી ઓછું તેજ, એનાથી ઓછું આકાશ, પણ જળતત્ત્વ વિશેષમાં વિશેષ, છતાં દેખાતું નથી. જળતત્ત્વ દેખાય છે અંદર તને ? હું નથી કહેતો, કોઈ પણ સાયન્ટિસ્ટને કે કોઈ પણ દાક્તરને જઈને તું પૂછી જો, તો તને ખાતરી થશે.' તો કહે, 'હા, એ વાત તો સાચી છે. એ દેખાતું નથી. વધારેમાં વધારે એ જ છે. પૃથ્વીતત્ત્વ ઓછું છે. એનાથી ઘણું ઓછું પ્રમાણ છે. ૪-૫-૬ ટકા જેટલું. મોટા, તમે કહ્યું તો ખરું.'

મેં કહ્યું, 'એ રીતે ભગવાન છે ખરો, પણ દેખાતો નથી. જેમ આ જળતત્ત્વ આટલું બધું હોવા છતાં આપણને દેખાતું નથી, તો તું ભગવાનનો વિચાર કરી જોજે.'

'મોટા, તમારી વાત તો સાચી. એક ને એક ઠેકાણે સ્થગિત થયેલું નથી.'

'રોમેરોમમાં છે. જળતત્ત્વ બધે જ છે.'

'ગમે તે સૉલિડ-(નક્કર) હોય, તેમાંય જળતત્ત્વ હોય ખરું ?'

'હા, ઘણીખરી વસ્તુમાં હોય, જેમાં જીવન હોય છે તેમાં.'

'આમાં ન હોય ?'

'એમાંય ખરું.'

'લાકડાંની અંદર ખરું ?'

'હા, લાકડાંની અંદર હોય.'

'પથ્થરની અંદર પણ જળતત્ત્વ હોય ?'

'હા, છોડવા ઊગે છે પથ્થરની અંદર ?'

'હા, છોડવાય ઊગે છે.'

**સ્વજન :** અંદર જે ઈન્ટ્રૅક્ટ-(અંદર સમાયેલું) થયેલું પાણી હોય તે વરાળથી એક્સ્પ્લોર-(સંશોધન) થાય. પથ્થરના લેયર્સ-(થર) છૂટા પડે. સૉલ્ટ છે તે ડીહાઈડ્રેટ-(સૂકવીને) કરીને વાપરવું પડે છે. બહુ ટેમ્પરેચર સતત રાખીએ ત્યારે એમાંથી એની 'મોઈસ્ચર'-(ભેજ) છૂટી પડે. જળતત્ત્વ છૂટું પડે.

**શ્રીમોટા :** બરોબર.

**સ્વજન :** અને પાછું ઑર્ડિનરી-(સામાન્ય) ટેમ્પરેચર પર રાખીએ એટલે ધીમે ધીમે પાછું 'એબ્સૉર્બ'-(શોષાય) થઈ જાય. એટલે કેટલાંકનો એવો ગુણધર્મ જ હોય છે. બધું જ જળતત્ત્વ કાઢી નાખવું બહુ જ મુશ્કેલ પડે છે. અમુક દવાઓ માટે અમારે ઘણી વાર કરવું પડે છે. સ્પેશિયલ પ્રોસેસ કરીને કરીએ, પછી એની ટૅબ્લેટ્સ-(ગોળીઓ) બનાવીએ, પૅકિંગ કરીએ, પૅકિંગમાં પણ લૂઝ-(છૂટું) રહે તો એબ્સૉર્બ-(શોષવું) કરે.

**શ્રીમોટા :** ભગવાનની વાત કરીએ તો-એ જો શરીરધારી છે તો એને નિમિત્ત છે. ભગવાનને નિમિત્ત નથી. ભગવાન સર્વત્ર પ્રસરેલો છે. એ શરીરધારી મનુષ્ય સર્વત્ર પ્રસરેલો હોઈ શકતો નથી. ત્યારે ભગવાનને કોઈ કાળ નથી. ભૂત નથી, ભવિષ્ય નથી, વર્તમાન નથી-કંઈ નથી. શરીરધારીને છે. એટલે એક રીતે તપાસીએ, તો ભગવાનની જે અનંત શક્તિ છે,

તેટલા પ્રમાણમાં તે શરીરધારીને હોતી નથી. ત્યારે બધી રીતે વિચારીએ, તો શરીરધારી ગમે તેટલો મહાન હોય, પણ ભગવાનની તોલે નહિ આવી શકે, પણ આજે બધાં લઈ મંડ્યાં છે કે આ જ ભગવાન છે. તો લઈ મંડવા દો ! શું કરીશું આપણે ?

તો પછી પેલાએ પૂછ્યું, 'ભગવાનની વ્યાખ્યા શી ?' મેં કહ્યું, 'હેંડ, વ્યાખ્યા કહું તને. ભગવાન સત્‌ચિત્‌આનંદ છે !' તેણે કહ્યું, 'ભગવાન નામી થઈ જાય છે, તે વ્યાખ્યા ના કહેવાય.' મેં કહ્યું, 'સચ્ચિદાનંદ એ વ્યાખ્યા જ છે.' તો કહે, 'ના, એ તો નામ છેને !' તો મેં કહ્યું, 'તો હું સમજાવું. જો સત્‌ એટલે હોવાપણું અને ચિત્‌ એટલે હોવાપણાની સભાનતા. હવે આનંદ એટલે હોવાપણાની સભાનતા છે, તે પ્રકારે તેમાંથી આનંદ થાય. એટલે તે સચ્ચિદાનંદ ! ભગવાનની આ વ્યાખ્યા થઈ.' પછી કહે, 'બરોબર છે. મોટા, વાત તમારી ખરી છે. આ મને કોઈએ નહિ સમજાવ્યું.' એ ભાઈ તો સંસ્કૃત સાથે એમ.એ. થયેલા હતા.

**સ્વજન :** 'એ' હોવાપણાની સભાનતામાં જ પછી તલ્લીન રહ્યા કરે છે ?

**શ્રીમોટા :** હા, આપણા સંસારમાં પણ એમ જ છે. સંસારમાં જે બધું હોવાપણું છે, એની સભાનતાને લીધે જ આપણને સંસારમાં આનંદ છે અને એમાં પડ્યા રહીએ છીએ. જો એની સભાનતા ના હોય તો કંઈ આગળ કે પાછળ આપણો પ્રોગ્રેસ-(પ્રગતિ) થાય નહિ. જે તે કંઈ હોવાપણું છે, તેની સભાનતાને લીધે બધી હિલચાલ છે.

*'ભલે હો સ્વર્ગ છોને તે અનુભવમાં પ્રમાણેલ,*
*અનુભવ લાગતાં તેનો કંઈ આનંદ તેમાં છે,*
*ઉમળકા કંઈ વિનાનું જે, ભલે હો સ્વર્ગ છોને તે,*
*અનુભવ લાગતાં તેનો કંઈ આનંદ તેમાં છે.'*

આ સંસારવહેવારમાં, સંબંધોમાં, પરિચયમાં, વેપારધંધામાં બધાંમાં જે રસ છે, તે અનુભવનો ઉમળકો છે. તે ઉમળકાને લીધે જ આપણને આનંદ છે.

દરેક પળે આનંદ છે, વેદનામાંય આનંદ પાછળ રહેલો છે. આનંદ ના હોય તો માણસ એટલે કે એનું જીવન ઘડીભર ના ટકી શકે. પછી આનંદના જુદા જુદા પ્રકાર હોય. નિમ્ન, ઊર્ધ્વ, ઉચ્ચ, મધ્યમ એ બધા એના પ્રકારો છે ખરા. સંસાર-વહેવારમાં ધનદોલત, માલમિલકત, આબરૂ, પ્રતિષ્ઠા, આ બધા વહેવારમાં પણ બધાંનો આનંદ છે. માણસને જો આનંદ ના હોય, તો માણસ જીવી ના શકે. માણસ ખલાસ થઈ જાય, પછી એ માણસ આપઘાત પણ કરે છે. એટલે આપણા જીવનમાં ચિરંજીવ જેવું કશું હોય, તો તે આનંદ છે. એ આનંદ હોવાપણાની સભાનતાને લીધે આપણે અનુભવીએ છીએ, પણ હોવાપણાની એ સભાનતા અનુભવતાં નથી. તે હોવાપણાની સભાનતા જો અનુભવીએ તો તો ઈશ્વરીતત્ત્વ આપણને જલદી મળે ખરું.

મારી પાસે પાંચ લાખ રૂપિયા છે. તેનો આનંદ ભોગવીએ ખરા, પણ આ પાંચ લાખ રૂપિયાને લીધે છે, તેની સતત સભાનતા મને રહેતી નથી. રૂપિયા છે, એની ઓથ છે, હૂંફ છે. એને લીધે બધો વહેવાર મારે ચાલે છે, વેપાર ચાલે છે.

તે બધું સાચું હોવા છતાં, તેમાંથી આનંદ મળતો હોવા છતાં, પેલું જે છે, તેની આનંદના જેવી પળેપળ સભાનતા નથી રહેતી. મૂળ જે છે, આનંદનું મૂળ જે છે, તેની સભાનતા માણસને રહેતી નથી.

મૂળ વાત છે કે-આ સચ્ચિદાનંદનો આનંદ છે તે ક્રીએટીવ-(સર્જનાત્મક) છે. આપણું બધું જે છે તે ક્રીએટીવ છે ખરું, પણ એ મિકેનિકલ ક્રીએટીવ-(યંત્રવત્ સર્જનાત્મક) પણ નથી. બહિર્મુખતામાં ઓરિજિનાલિટી-(મૌલિકતા) નથી હોતી. ઓરિજિનાલિટી એટલે -

*ક્ષણે ક્ષણે યન્નવતામ્ ઉપયતિ*
*તદૈવ રૂપમ્ રમણીયતા*

સૌંદર્યની આ વ્યાખ્યા આપી દીધી. ભગવાન કે જે ક્ષણે ક્ષણે નવીન છે. પ્રત્યેક ક્ષણે એ નવીન છે, તે ભગવાન. અત્યારે આજે આપણે અનુભવીએ. ફરી પછી બીજા રૂપમાં અનુભવીએ છીએ. અનંત રૂપવાળો કહેલો છે. અને પ્રત્યેક રૂપમાં એટલો જ આનંદ, એટલી જ ખૂબી, એટલી જ કળા, એટલું જ સૌંદર્ય. એટલે આ સંસારવહેવારમાં પણ આપણને જીવવામાં જે આનંદ છે, તે ભગવાનનું સ્વરૂપ છે. ભગવાન તે રૂપ થયેલો છે. એટલે બધે આનંદ પ્રસરેલો છે. એટલે બધાંમાંથી આપણને આનંદ મળે છે. અમુક અમુક વસ્તુને લીધે આપણને આનંદ મળે છે, એમ આપણે માની લઈએ છીએ. ધારો કે મારી પાસે પૈસા હોય તો પૈસાને લીધે આનંદ છે તેમ માનીએ છીએ, પણ ત્યારે એમ યાદ નથી આવતું કે આ ભગવાનના કારણે આનંદ છે. પૈસો છે, લક્ષ્મી છે, આ બધું,

જે કંઈ છે તે ભગવાનને લીધે છે. અને ભગવાનને લીધે આ બધાંનું અસ્તિત્ત્વ છે અને તેને લીધે મને આનંદ છે. મૂળમાં તો ભગવાન જ છે, એવી સમજણ, ક્રીએટીવ સમજણ આપણને હોતી નથી. એ થાય તો પછી કોઈ જાતનો વાંધો નથી. એ થાય એટલે એને કંઈ સારું કે નરસું, એ તો પ્રકૃતિના ભેદ છે. એટલે સારું હોય કે નરસું હોય તોય બધાંમાં જ આનંદ છે.

આપણને બહુ નવાઈ લાગે કે નરસામાંય આનંદ છે ? સારું નરસું એ તો પ્રકૃતિના ભેદ છે. દેખીતી રીતે સારું નરસું લાગે ખરું, પણ નરસામાં પણ જે પ્રકૃતિની દૃષ્ટિએ નરસું છે, તેમાં પણ એને આનંદ છે. તે તો આપણને જીવ્યા સિવાય ખબર ન પડે, પણ એમના પર આપણને કંટાળો આવે છે, કારણ કે તેમાં ક્રમ છે. એમાં દોષ છે એમ નથી કહેતો, પણ એમાં ક્રમ છે. જે ક્રમ તૂટતો નથી. દરેકના જીવનમાં એ છે. એ આનંદ સાથે આ કંટાળો અને ત્રાસ પણ હોય છે. એ જોકે થોડીકવારનો-ક્ષણજીવી હોય છે. જ્યારે ભગવાનના અનુભવમાં એ સચ્ચિદાનંદ જે છે, એ આનંદ કાયમ, અખંડ છે. એમાં માત્રામાં ફરક થાય છે, એ વાત ચોક્કસ સાહેબ, માત્રામાં ફેર પડે. કોઈક વખત એ આનંદનો ઊભરો એટલો બધો હોય કે શરીરમાં પણ માય નહિ. એટલો બધો આનંદ, આનંદ ને આનંદ, કે આ ફુવારા કરતાં પણ વધારે ઊંચે ઊડે છે અને એ હોય ત્યારે આખું શરીર હળવું ફૂલ જેવું અને શરીર જાણે કે છે જ નહિ, આનંદ જ માત્ર પ્રવર્તે છે. આ શરીર તો એટલું હળવું ફૂલ જેવું લાગે કે તમે ચાલતા હોવ તો અધ્ધર ચાલો છો તેમ લાગે. પૃથ્વી ઉપર તમારા પગ હોય, પણ તમને લાગે

નહિ કે તમે પૃથ્વી ઉપર ચાલો છો. અધ્ધર જ ચાલતા હોવ, ઊડતા હોવ એવો જ અનુભવ થાય. એ એટલો બધો આનંદ છે. માત્રાનો ફરક છે માત્ર, પણ આનંદ કાયમ. કંટાળો કે ત્રાસ એમાં નથી. એમાં કંટાળો કે ત્રાસ હોય તો સચ્ચિદાનંદ નહિ. દુનિયાદારીમાં મુશ્કેલી, ગૂંચ, કોયડાઓ, સમસ્યાઓ, પ્રશ્નો આ બધું ઊપજ્યાં કરવાથી, તે આનંદમાં ક્ષતિ થાય છે. કંટાળો અને ત્રાસ પણ એમાંથી ઊપજે છે, કારણ કે એ આનંદ પણ એગ્ઝિસ્ટન્સ-(અસ્તિત્વ)ને લીધે જ છે, પણ એ આનંદમાં ત્રાસ, કંટાળો, ઉપરામપણું એ બધું થાય છે ખરું, ત્યારે ભગવાનની બાબતમાં એમ નથી થતું. ભગવાનના આનંદમાં કોઈ દિવસ કંટાળો નથી થતો.

**સ્વજન :** મોટા, 'ઉપરામપણું' તમે કહ્યું તેનો અર્થ શો ?

**શ્રીમોટા :** ઉપરામપણું એટલે કે એમાંથી નીકળી જવાપણું એવી એક જાતની સેન્સ-(સમજ) થાય, 'બળ્યું, આ ન હોય તો સારું' એવું થાય.

**'ભૂતળ ભક્તિ પદારથ મોટું, સ્વર્ગ લોકમાં નાહીં રે'.** એમ નરસિંહ મહેતાએ ગાયું છે. કારણ શું કે 'ત્યાં' આનંદ એકલો છે, પણ ભોગવી શકાય એવું શરીર નથી. એટલે મનુષ્ય જીવનમાં જ આનંદ હોય અને તે ભોગવીએ અને એમાંથી આપણને જે મજા લાગે તે જુદી છે, પણ અનુભવીને શું છે ? આનંદ ભોગવે છે ખરો, પણ એ અનુભવી પાછો એમાંથી નોખો પડે છે. એ તટસ્થ છે. એ સાક્ષી છે અને જુદો છે અને ભોગવે છે. એટલે આનંદનાં લક્ષણો, આનંદની હકીકત, આનંદમાં તદ્રૂપ હોવાનું અનુભવે છે. છતાં એ નોખો છે.

આપણે આનંદમાં તદ્રૂપ થઈ જઈએ છીએ. ત્યારે બીજું કંઈ કશું જાણે કે થતું નથી. આપણે પણ ત્યારે જાણે નથી એવો અનુભવ સંસારી માનવીને થાય છે. એનાથી નોખો છે એવો કે પોતે જુદો છે એવું કંઈ એને નથી થતું. સ્વર્ગલોકમાં કે બીજા કોઈ લોકમાં એ શરીરમાં નહિ હોવાથી તે આનંદ ભોગવી શકતો નથી. આનંદ છે ખરો એટલું માત્ર જાણે, પણ એનાથી પોતે નોખો છે અને એ આનંદ ભોગવે છે, એવું એને ન અનુભવાય.

આપણી પૃથ્વી લઈએ. આદિ માનવો જે હતા, તે આદિ માનવમાં-હિંદુસ્તાનમાં જે આદિ માનવો આવ્યા તે બહુ ઊંચા પ્રકારના હતા. આદિ માનવ હતો તે ઢોર મારીને ખાતા, કારણ કે ત્યારે બીજું કંઈ ખાવાનું હતું નહિ. આવી રીતે જીવતા હોવા છતાં તેમનું જ્ઞાન, એમની સમજણ બહુ ઊંચા પ્રકારની. જુદા જુદા ઋષિઓ ઋગ્વેદની ઋચાઓ બોલ્યા છે, પણ તે પહેલાં આવી ઋચાઓ બોલાઈ ન હતી. તેમની સમજણ પણ બહુ ઊંચા પ્રકારની હતી. ત્યારે કહે છે કે 'ભાઈ, આવી ઊંચા પ્રકારની સમજણ હોવા છતાં આવી હિંસા કેમ કરી ?' આ કાળને તે કાળની સાથે સરખાવી નહિ શકાય. તે કાળને આપણે એ કાળની રીતે સમજવો જોઈએ. તે કાળે તેવી સ્થિતિ ન હતી. આજે તો અનાજ છે, બીજું ઘણું ખાવાનું આપણી પાસે છે, પણ ત્યારે ન હતું. ધારો કે અત્યારે આપણે માંસ ખાઈએ તે સ્વાદને કારણે કે એક જાતની લોલુપતાને કારણે, એક જાતની ઝંખનાને કારણે ખાઈએ, પણ ત્યારે તે એસેન્શ્યલ-(જરૂરી) હતું. બીજું કંઈ હતું જ નહિ, એટલે આહારને માટે પ્રાણીઓનો સંહાર

કરતા. એ મારી નાખે છે એવી જાતની સેન્સ-(સમજ) એમને ન હતી. આહારને માટે જ કરતા અને તે મારતા તે પણ પ્રાર્થના કરીને, બધી વિધિ કરીને, એના અમુક જાતના મંત્રો ભણીને, બધું કરતા. તે કાળમાં ઋષિમુનિઓનું એ માનસ હતું. એવું માનસ આ પૃથ્વીમાં કોઈ પણ આદિ માનવ જ્યાં જ્યાં હતા ત્યાં કોઈ પ્રકારે ન હતું. આપણી પૃથ્વીમાં જૂનામાં જૂનું સાહિત્ય કોઈ હોય તો તે ઋગ્વેદ છે. જૂનામાં જૂનું, કોઈ ઠેકાણે એ જાતનું બીજું પુસ્તક કોઈ છે નહિ. ઋગ્વેદમાં જે જ્ઞાન ભર્યું છે, જે સમજણ ભરી છે, તે સમજણ પ્રમાણે એ લોકો જીવ્યા છે. તે બોલ્યા છે, તે સમજેલા છે, માટે બધા માણસો તેવા હતા એમ માની લેવું ભ્રમણા છે, પણ તે કાળમાં જે જુદા જુદા ઋષિઓએ ઋગ્વેદમાં ઋચાઓ ગાઈ છે, માટે અમુક અ, બ, ક, ડ વ્યક્તિઓ જ આવી હતી એવું પણ નથી, કારણ કે ઋગ્વેદમાં સમાજને લગતાં એવાં વર્ણન પણ આવે છે, તેથી તે સમાજ પણ સમજણની કક્ષામાં બહુ ઊંચો હતો એમ મનાય. આપણે એમ કહીએ છીએ કે હાલમાં આપણે બહુ આગળ વધેલાં અને વિકાસ પામેલાં છીએ, પણ ઋગ્વેદની અંદર જે તત્ત્વ છે, જે કંઈ સમજણ છે, તે પ્રમાણે લોકો જીવતા હતા તેટલી અને તેટલા પ્રમાણની સમજણ પ્રમાણે આપણે આગળ વધેલાં છતાં જીવતાં નથી એ વાત નક્કી.

**સ્વજન :** મોટા, આપે કહેલું કે પ્રકૃતિ તો આત્માનું રૂટિન છે.

**શ્રીમોટા :** એનો પટ છે. ચૅનલ છે, કારણ કે પ્રકૃતિ વિના કશું થઈ જ ના શકે. ભગવાન પોતે જ પ્રકૃતિ દ્વારા બધું

સર્જન કરે છે. જેમ નદીનું પાણી તેના પટમાં જ વહે છે, બીજે ઠેકાણે ના વહે. બીજો ફાંટો ક્યારે પડી જાય ? કે બહુ પૂર આવે અને નીચાણની જગ્યા બીજી કોઈ હોય, તો ત્યાં થઈને બીજે જાય. અને એમાં જે ચૅનલ પડેલી છે તેમાં જ વહ્યા કરે. તેવી રીતે આ આત્મા છે. વર્ક-(કાર્ય) કરવાને માટે પ્રકૃતિ જ એનો માર્ગ છે. પ્રકૃતિ વિના કંઈ કશાનું અસ્તિત્વ નથી. જે તે બધું પ્રકૃતિ જ છે, પણ પ્રકૃતિનાં મૂળમાં, એનાં હાર્દમાં, આ આત્મા છે, ચેતન છે, ભગવાન છે, પોતે છે. એ આપણાથી બહુ બહુ તો સમજણથી-બુદ્ધિથી કદાચ માનીએ તો જે તે કંઈ બધાંમાં જે કંઈ જુઓ તે બધાંમાં-સકળ રીતે ગતિ કરતું કંઈક છે ખરું. એને તોડી કરીને ગમે તે કરો, પણ એમાં ગતિ છે. ગોળ ગોળ ગતિ છે અને ગતિનાં મૂળમાં અંદર કંઈ છે. જેમ આજે પણ આ અણુઓની શોધ નીકળી. અણુને ફોડતાં એનાં મૂળમાં કંઈક છે. મધ્યમાં, એના કેંદ્રબિંદુમાં, સેન્ટરમાં 'કંઈક' છે. જે કંઈક છે તે સકળ બ્રહ્માંડમાં બધે પ્રસરેલું છે. જતે દિવસે મને એમ લાગે છે કે આ સાયન્સ એટલું આગળ વધેલું છે કે સાયન્સ દ્વારા પુરવાર થશે કે આ ભગવાન જેવું અસ્તિત્વ છે, ત્યારે લોકો માનશે કે આ ભગવાન જ છે. ભગવાન પોતે જ પોતાની જાતને પોતાના અસ્તિત્વને આવી રીતે સાબિત કરવા માગે છે, કારણ કે પૃથ્વી પરનો માણસ, મનુષ્યલોકનો માણસ ભગવાનનો ઈન્કાર કરે છે અથવા તો ભગવાનની અવગણના કરે છે. અથવા ભગવાનના અસ્તિત્વને સંપૂર્ણપણે ભૂલી ગયો છે. એટલે ભગવાન પોતે આ વિજ્ઞાન દ્વારા જુદી જુદી રીતે પોતે છતો થાય છે. આ સેકંડ વર્લ્ડ વૉર-

(બીજા વિશ્વયુદ્ધ) પછી તો કેટલું બધું નવું શોધાયું છે ! અહો ! કૂદકે ને ભૂસકે નવી શોધો થઈ છે !

હું તો વિચાર કરું છું કે આ તો ભગવાનનું અવતરણ છે. તેથી જ આ બધું જ્ઞાન અને આ બધું વધ્યું છે. એ જે આનંદ છે તે તો એટલો બધો પુરવાર થઈ શકે એમ છે. સંસાર-વહેવારમાં જે તે બધું છે. છે તો એનો આનંદ છે. પત્ની છે, છૈયાં છે, છોકરાં છે, વેપાર છે, ધંધો છે, પૈસા છે, ટકા છે, પ્રતિષ્ઠા છે, આબરૂ છે, કીર્તિ છે. આ બધું છે તો એનો આનંદ છે. એ બધું હોય જ નહિ તો એનો આનંદ ક્યાંથી ? માણસને આનંદ કદી થાય જ નહિ. એ બધું કોઈ ગરીબમાં ગરીબ માણસ હોય, રસ્તામાં ભીખ માગતો હોય, એને પત-(રક્તપિત્ત) થયું હોય, હાથે અને પગે પત થયું હોય, આંગળીઓ ના હોય, ફૂટપાથ ઉપર પડેલો હોય એવા માણસને કરાંચીમાં એની પાસે બેસીને મેં પૂછેલું કે 'અલ્યા, તને આવું છે, તો જીવે છે શું કરવા ? મરી જાને.' તો કહે, 'મરી કેમ જવાય ? મને તો આમાં આનંદ છે. મને પૈસા મળે છે, તેથી બહુ રાજી થઉં છું.' તે એનું સાધન છે, કે તેની પરિસ્થિતિને લીધે લોકો દયા કરી એને પૈસા આપે છે. અને પૈસા મળે એમાંથી રાજી. એણે જાતે બતાવ્યા-'જુઓ મારી પાસે પાંચ હજાર પાંચસો અને સત્તાવન રૂપિયા છે આ બધા.' મેં કહ્યું, 'અલ્યા, તને કોઈ લૂંટી લેશે, તું બૅંકમાં કંઈ કોઈની મારફતે મુકાવી દેને અથવા કોઈકને તું આપ. તારે ખાતે પૈસા જમા કરશે, તને વ્યાજ મળશે.' તો કહે, 'ના. જો એનાથી છૂટુંને તો મારો આનંદ જતો રહે.' મેં કહ્યું, 'આ તો તેં મને બતાવ્યું

તો સારું થયું, પણ કોઈક ને કોઈક તારી પાસે પૈસા છે એમ જાણે તો લઈ લે. તારી પાસે જોર તો છે નહિ, તને લૂંટી લે તો ?' તો કહે, 'મારું મરણ થઈ જાય તો ભલે, એને લીધે જ મારો તો આનંદ છે.' તો હવે એને એવી રીતે આનંદ છે. જીવનમાં અત્યંત દુઃખી, આપણને તો સમજણ ના પડે કે આવો માણસ કેવી રીતે આનંદ લેતો હશે ? પણ એને પૈસા મળે એટલે રાજી થઈ જાય. એટલે કોઈ ને કોઈ રીતે માણસને આનંદ મળે તેવા પ્રકારો હોય છે. જીવનમાં આનંદ વિના માણસ ઘડીભર ના જીવી શકે. ગમે તેટલો દુઃખી છોને હોય, એને પણ આનંદ છે. એટલે દુઃખમાં પણ એ જીવે છે.

તા. ૭-૧૨-૧૯૭૪

**શ્રીમોટા :** 'કારણ'માં સંપૂર્ણ શૂન્યત્વનો અનુભવ હોય છે. એમાં બધું લય પામી જાય છે. એમાં જઈ આવ્યા પછી થોડોક નીચે ઊતરે પછી ભાન થાય છે કે આ બધું લય પામી જાય છે. કંઈ કશાનું અસ્તિત્વ હોવા છતાં નથી રહેતું.

તા. ૩-૬-૧૯૭૫

'ઊંઘતાં ઊંઘતાં કેવી ઊંઘ ભારે ચઢેલ છે,
શ્રેષ્ઠ ત્યારે ભલેને હો, થતાં કર્મ ન કર્મ તે,
કિંતુ જાગી હરિભાવે થતું જે કર્મ યજ્ઞ છે,
તે કર્મે જયવારો શો આવે જીવનનો ખરે !'

એટલે ઊંઘતાં ઊંઘતાં જે ઊંઘ ચઢે એટલે નર્યા ઘોર અજ્ઞાનમાં હોઈએ એટલે કે જીવદશામાં હોઈએ, ત્યારે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કર્મ થાય તે કર્મ નહિ, પણ જાગીને જે કંઈ થાય તે કર્મ યજ્ઞ. ત્યારે એવાં કર્મથી જયવારો થાય. તા. ૩-૬-૧૯૭૫

**સ્વજન :** કૃષ્ણમૂર્તિનું એડ્યુકેશન પરનું પુસ્તક હમણાં મેં જોયું...એમાં નૅશનૅલિઝમ-(દેશાભિમાન), મટીરિઍલિઝમ-(ભૌતિકવાદ) પર લખ્યું છે.

**શ્રીમોટા :** નૅશનૅલિઝમ અને એવા બીજા જે ઈઝમ્સ-(કોઈ પણ વિશિષ્ટ સિદ્ધાંત કે વાદ) છે, એ આપણને મૂળ તત્ત્વથી વેગળાં રાખે છે. આપણને કોઈ મજાનું સ્વપ્નું આવ્યું હોય એમાં આપણે રાચીએ એવું આમાં છે. નૅશનૅલિઝમ પર ટાગોરે ચોપડી લખી છે અને કૃષ્ણમૂર્તિએ પણ એના પર લખ્યું છે, પણ ટાગોર, કૃષ્ણમૂર્તિ જેટલી ઊંચાઈએ જઈ શક્યા નથી.

કૃષ્ણમૂર્તિ બોલે છે એ સામાન્ય લોકને સમજ નથી પડતી. ઊંચા આધ્યાત્મિક જ્ઞાનના શિખર પરથી એ બોલે છે. એ જ ભાવમાં એમનું નિરૂપણ હોય છે. એ જ્ઞાનની પરાકાષ્ઠાને-અનુભવની એ સમજણને-લોક પકડી શકતું નથી. કોઈ જ સમજી શકે નહિ એમ હોય નહિ. કૃષ્ણમૂર્તિનો ભાવ એ વખતે એવો જાગેલો હોય કે બધાં નિસ્તબ્ધ રહે. હું કરાંચીમાં બે વખત એમની સભામાં ગયેલો છું.

**સ્વજન :** આપે એમને સાંભળેલા છે ?

**શ્રીમોટા :** હા, મેં સાંભળેલા છે અને ત્યારે ભાવસમાધિ આવી ગયેલી. અઢી કલાક સુધી એ અવસ્થા ટકેલી. બધાં વીખરાઈ ગયેલાં. કોઈ ના મળે. મારી સાથે સિંધિયા સ્ટીમ નૅવિગેશનના મૅનેજર હતા. એમની દીકરી પણ હતાં. એ બેસી રહેલાં.

એમને સાંભળવા જૅન્ટ્રી-(ઊંચી રુચિવાળા સદ્‌ગૃહસ્થો) આવવાની હોં. બધાંમાં શાંત એકાગ્રતાનો જે ભાવ પ્રસરેલો

રહે છે, એ કૃષ્ણમૂર્તિના પોતાના ભાવના કારણે, એ શંકા વગરની વાત છે. નહિતર તો લોકો કલબલ કલબલ કર્યા જ કરે.

**સ્વજન :** કૃષ્ણમૂર્તિએ એવું કહેલું છે કે ભય, સલામતીને લીધે છે.

**શ્રીમોટા :** ખરી વાત છે. સલામત સ્થિતિ જ્યારે જોખમાય ત્યારે આપણને ભય લાગે.

❑

# (૭) અંતઃકરણો

**સ્વજન :** મોટા, તમે 'પ્રાર્થના'માં લખ્યું છે. ભગવાનના ભાવમાં સતત રહેવાથી એ સાકાર થઈ જાય.

**શ્રીમોટા :** ભાવમાં સતત વળગી રહીએ તો એ સાકાર થઈ જાય છે. આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એવા પ્રકારના છે કે નિરાકારને ગ્રહણ કરી શકતાં નથી. સાકાર થઈ ગયા પછીથી અથવા તો ચેતનાનિષ્ઠમાં એવો ભાવ સતત થઈ ગયો હોય તો પછી એ નિરાકારને પામે. કોઈક જ એવા શંકરાચાર્ય જેવા હોય કે એને પહેલો નિરાકારનો અનુભવ થાય પછી સાકારનો થાય છે. પછી તે શક્તિને માનતા થાય છે, પણ મારા અનુભવથી ચેતનથી શક્તિ જુદી નથી. ચેતનનું વ્યક્ત સ્વરૂપ શક્તિ છે. શંકરાચાર્યનો અનુભવ એટલો બધો ભારે હતો કે જેમાં ને તેમાં એ શક્તિનાં દર્શન કરે છે. દર્શન કરીને **'નર્મદાષ્ટક'** લખ્યું છે. એ કેટલું સુંદર લખ્યું છે ! ઘણાં સ્તોત્રો લખ્યાં છે. એ સાકાર દર્શન પછી. નિરાકારમાં ભક્તિ નહિ આવે સાહેબ, સાકારમાં જ આવે. સાકાર કહ્યું ત્યાં દ્વૈત જ આવે. દ્વૈતનો આનંદ ઑર છે.

**સ્વજન :** નિરાકારમાંય આનંદ રહેતો હશેને, મોટા ?

**શ્રીમોટા :** નિરાકારમાં આનંદ ખરો. શબ્દાતીત, ભાવાતીત અને ગુણાતીત. એ આનંદનો પ્રકાર જુદો છે. આપણે જેને આનંદ કહીએ એની સાથે સરખાવી શકાય નહિ. આનંદના પણ પ્રકાર છે. આનંદ એવો કે જેને ઇંદ્રિયો કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ન પકડી શકે.

'આનંદ' કહીએ એમાં પ્રાણતત્ત્વ મોખરે, પ્રાણતત્ત્વ જ

એવા જીવ પ્રકારનું હોય ત્યારે આનંદ દ્વંદ્વ અને ગુણથી ભરેલો એ તદ્દન નિમ્ન પ્રકારનો. જેમ જેમ ભાવ થતો જાય, એમ એમ પ્રાણતત્ત્વ ઊર્ધ્વ પ્રકારનું થતું જાય. તેનો આનંદ ઊર્ધ્વ પ્રકારનો થાય. પ્રાણતત્ત્વ સિવાય કશું ભોગવી ના શકાય. પ્રાણતત્ત્વ નિમ્ન કક્ષાનો આનંદ ભોગવે ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત અને અહમ્ મૂઢતામાં આવી જાય છે, જ્યારે ઊર્ધ્વ પ્રકારમાં પ્રાણતત્ત્વ હોય છે ત્યારે આનંદ અનુભવે છે, ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત અને અહમ્ ખીલે છે, ત્યારે વિવેક જાગે, એક પ્રકારની સૂક્ષ્મતા આવે.

એટલે જે અનુભવી પુરુષ છે. અહીં 'પુરુષ' કહીએ તો કોઈ સેક્સ-(જાતિ) નથી. અંદરનો રહેલો 'ભાવ' તે પુરુષ. જે દરેકના સંપર્ક-સોબતમાં જે જે રીતે આવે અને જે રીતે એમની સાથે રહીને ભોગવે તેને ઊંચે ચડાવે છે. સામાન્ય જીવને એની ખબર નથી હોતી, કારણ કે એના પોતાના સંસ્કાર છે. અનુભવી પુરુષ આખરે તો કર્મ જ કરતો હોય છે. એ દ્વારા એના સંસ્કાર સામી વ્યક્તિમાં પ્રવેશે છે. સામી વ્યક્તિને આની ખબર નથી હોતી અને પ્રાણતત્ત્વ વિશેષ મોખરે હોય ત્યારે એ સંસ્કાર વધારે ને વધારે બળવાન થાય. મન, બુદ્ધિ, ચિત્ત અને અહમ્ કરતાંય પ્રાણતત્ત્વ મોખરે હોય ત્યારે એ સંસ્કાર વધારે બળવાન બને. એટલું જ નહિ પણ એનું અહમ્ છે-પ્રાણતત્ત્વ મોખરે હોય ત્યારે અહમ્ હોય છે, પણ એ પ્રાણતત્ત્વની અંદર ગળી ગયેલું હોય છે. એટલે અહમ્ એને યદ્વાતદ્વા નથી થવા દેતું. એટલે આપણા સંસારમાં જે જીવન જીવીએ છીએ એમાં પાંચ તત્ત્વ કહ્યાં ખરાં પણ બે તત્ત્વો

મોખરે છે. પ્રાણ અને બુદ્ધિ, આમ ખરી રીતે તો પ્રાણ જ છે, કારણ કે આશા, ઇચ્છા, તૃષ્ણા, લોલુપતા આ બધું પ્રાણતત્ત્વમાં આવે. બીજું બુદ્ધિ. અહમ્‌ને લીધે બધી પ્રવૃત્તિ થયા કરે. પ્રાણમાં ગતિશીલતા અહમ્‌ને લીધે. પ્રાણ કંઈ પણ કરી શકે કે ભોગવી શકે એ અહમ્‌ની શક્તિને લીધે છે. પ્રાણ પહેલો નંબર અને બુદ્ધિ બીજે નંબરે.

**સ્વજન :** મોટા, અહમ્ ત્યારે પ્રાણમાં ઓગળી ગયું હોય ?

**શ્રીમોટા :** હા, આનંદ ભોગવતો હોય ત્યારે એકાકાર થઈ ગયેલું હોય. ઊર્ધ્વનો આનંદ ભોગવતો હોય ત્યારે પણ એ એકાકાર છે. નિમ્નમાં નિમ્ન દશાનો આનંદ ભોગવતો હોય ત્યારે પણ એકરૂપ છે અને જ્યારે અહમ્‌ને જુદું અસ્તિત્વ લાગે છે ત્યારે આનંદની ક્ષતિ થઈ ગણાય.

**સ્વજન :** મોટા, આપ ઘણીવાર સમજાવો છો કે જે કંઈ થઈ રહ્યું છે, એ બધાંનું મૂળ આપણામાં જ હોય છે ?

**શ્રીમોટા :** હા, ચોક્કસ. કારણ શું ? કે જે કંઈ આપણને સંસારવહેવારમાં મળેલું છે-પુત્ર, પરિવાર, વેપાર, વહેવાર, બીજું બધું, એ આપણાં નિમિત્તને લીધે મળેલું છે. એ બધું આપણાથી નીપજેલું છે અને તેનું જ પરિણામ છે. જે કંઈ મળ્યું એ કાંઈ અધ્ધરથી ટપકેલું નથી, પણ એ તો આપણા પોતાનામાંથી એ બધું આપણે ઊભું કરેલું છે, આ જન્મ પહેલાં જે જે કંઈ આપણે વિચારેલું, ઊભું કરેલું એ સંસ્કારરૂપે આપણામાં પડેલું તે સાકાર થતું  હોય છે. અનેક જાતની જે વિવિધતા છે, એ સંસ્કારની વિવિધતા છે. તેવી જ રીતે જે કોઈ જીવ છે, તે ઊર્ધ્વ પ્રકારનું સતત ચેતનાત્મક મનનચિંતવન

કર્યા કરે છે, એને પણ એ જ જાતનું મળ્યા કરે છે. એટલે આપણે જે છીએ તે પણ આપણા પોતાનાથી જ છીએ. આપણને માત્ર જુદું લાગે છે. જેમ આ પૃથ્વી છે. એ સૂર્યમાળા સાથે સંકળાયેલી છે. એમ એકબીજાની સાથે સંકળાયેલું છે. લાગે છે તદ્દન જુદું, પણ આપણે જુદાં હોઈએ છીએ ત્યારે જુદું હોવા છતાં આપણે બધાંની સાથે એકભાવમાં છીએ એ ભૂલી જઈએ છીએ. ખરી રીતે જોઈએ તો એકબીજા સાથે સંકળાયેલાં જ છીએ. જે તે કંઈ બધું છે, તેનું મૂળ આપણામાં છે. આપણા લીધે જ જે તે કંઈ થયેલું છે, પણ આપણાથી એ સ્વીકારાતું નથી, કારણ કે આપણામાંથી 'પેલા'ની સાથેનો તાદાત્મ્યભાવ જે છે તે જતો રહ્યો છે, પણ જુદા છીએ છતાં 'એ'ની સાથે સંકળાયેલાં છીએ એવો ભાવ જેને રહ્યા કરે એ ચેતનને અનુભવે છે.

નરસિંહ મહેતાએ ગાયું છે કે **'નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોય.'** સોનાનાં અનેક પ્રકારનાં ઘરેણાં થાય છે, પણ આખરે તો સોનું તે સોનું જ રહે છે. તેવી રીતે આ સંસાર-વહેવારમાં જે કંઈ મળેલાં છે, તે લાગીએ છીએ જુદા જુદા. જુદા જુદા લાગીએ છતાં પણ બધાં સાથે 'એક' છીએ, એ ભાવ જેને રહે છે તે અનુભવી. માત્ર બુદ્ધિથી નહિ-પ્રાણતત્ત્વ. જે કંઈ લાગી આવે છે-થાય છે તે પ્રાણતત્ત્વ. એકલી બુદ્ધિથી થતું હોય તો બધું કોરું કોરું લાગે. એકલી બુદ્ધિની સમજણ એ કોરી સમજણ છે. પ્રાણતત્ત્વ ભળે છે ત્યારે રિઆલિટી-(વાસ્તવિકતા) પ્રગટે છે. આપણને જે કંઈ વૃત્તિ થાય છે, અનુભવાય છે, જે કંઈ સુખદુઃખ થાય છે, એ પ્રાણતત્ત્વને લીધે છે.

**સ્વજન :** મોટા, ચિત્તમાં પડેલા આ સંસ્કારો હોય એને હિસાબે બધું ચાલ્યા કરે ? એ સંસ્કારોને મોળા પાડવા માટે, આપે **'સાધનામર્મ'**માં લખ્યું છે કે પળેપળ જાગૃતિ રાખવાની...

**શ્રીમોટા :** કારણ કે એ પ્રકારના સંસ્કારો નિર્મૂળ થાય નહિ. સંસ્કારો પ્રકૃતિના છે-દ્વંદ્વ અને ગુણના છે. એ સંસ્કારોની ઉપરવટ જવા માટે એનાથી ઊર્ધ્વ પ્રકારના મનનચિંતવનમાં જીવતાજાગતા ચેતનાત્મક જો રહ્યા કરીએ તો પેલા સંસ્કારો ઉદયવર્તમાન તો થયા કરશે, પણ એનું જોર નહિ ચાલે. અનુભવ થઈ ગયા પછી જે છે તે તો 'નિમિત્ત' આવે છે. નિમિત્તનું મૂળ પણ સંસ્કાર છે, પણ ત્યારે પોતે પોતાની 'અસલ'ની સભાનતામાં જ હોય છે. આત્માના અસ્તિત્વની-આનંદની સભાનતામાં જ હોય છે. ત્યારે પેલા પ્રકૃતિના સ્વભાવના સંસ્કારો ભલેને સ્ફુરતા હોય, તે પ્રમાણે કર્મ થતાં હોય, પણ એ 'પોતે' તે વખતે આત્માના અનુભવની સ્થિતિમાં રહ્યા કરે છે. એટલે એને પેલું સ્પર્શતું નથી.

**સ્વજન :** એટલે એ 'મલ્ટીપ્લાય' થાય ?

**શ્રીમોટા :** હા, નવા સંસ્કાર પડે નહિ. પેલા બધા આવીને જતા રહે.

**સ્વજન :** એકાગ્રતા છે એટલે એનું રીઍક્શન ના થાય. શરૂઆતની સ્થિતિમાં આપણે મનનચિંતવનમાં રહીએ ત્યારે એ મોળા પડે.

**શ્રીમોટા :** અનુભવની સ્થિતિમાં નવું થયા કરે, પણ એના સંસ્કાર ન પડે.

એક સરસ ભજન હતું-

'આકડિયાનાં દૂધ રે,
અતિશય રળિયામણાં હો જી.
એને પીધે તરત જ મૃત્યુ થાય,
સંગ ન કીજે નીચનો હો જી.'

એટલે આપણે જીવનમાં જે કંઈ ભોગવીએ-ત્યારે સોબત રાખીએ છીએ-આ સંસ્કારોની સોબત રાખીએ છીએ, પણ એને જ પ્રિડૉમિનન્ટ-(મોખરે) રહેવું જોઈએ, ઊર્ધ્વ પ્રકારનું મનનચિંતવન. ત્યારે આપણા લોકોએ કહ્યું કે માણસોથી આ થઈ શકશે નહિ. એટલે આવી સત્સંગની સોબત થવા દો. સત્સંગની સોબત એવા પ્રકારનું બળ છે, જે તમને ઊર્ધ્વમાં રખાવશે. સત્સંગની સોબતથી ઊર્ધ્વ પ્રકારની અવેરનેસ-(સભાનતા) રહ્યા કરશે. આ સોબતને લીધે સામાન્ય માણસને-તેટલા કાળ પૂરતી જે હળવાશ શાંતિ લાગ્યા કરે છે, એવી શાંતિ અને હળવાશ સંસારના સંસ્કારો ભોગવતાં અનુભવાતી નથી. આ જુદા પ્રકારની હોય છે. પેલો આનંદ ભોગવે તો એમાં ક્ષતિ આવે છે. 'એ'ની સાથેની સોબતથી જે હળવાશ શાંતિ અનુભવે છે, એના જે સંસ્કાર છે એ નિરાળા છે. માત્ર એની સોબતમાં જ લાંબો ગાળો જીવ્યા તો માત્ર એ સોબત તમને તારનારી થઈ શકશે. તમે સાઠ વર્ષ જીવ્યા અને પચાસ વર્ષ સુધી એની સોબતમાં રહ્યા તો એ બનશે-ભલે તમે જીવદશામાં હોવ, અને સંસારી જીવો સાથે જે પ્રકારનો સંબંધ હોય એવા જ પ્રકારની લાગણીવાળો સંબંધ એની સાથે હોય તોપણ આટલો ફરક પડે છે. તા. ૬-૩-૧૯૭૫

❑

# (૮) 'જબ પ્રાણ તન સે નીકલે'

**શ્રીમોટા :** 'આખી જિંદગી તો ભગવાનનું નામ લીધું ના હોય, કંઈ સત્કર્મ કર્યાં ના હોય અથવા તો સારો ના હોય અને તે દુનિયાની દૃષ્ટિથી બગડેલ હોય, તેવો માણસ મરણ વખતે ઘડી બે ઘડી ભગવાનનું નામ લે તેથી શું થઈ ગયું ?' મને પણ પહેલાં આવો વિચાર આવેલો કે સાલું, આ આપણી સમજણ બરાબર નથી. આખી જિંદગી તો બરાબર સદ્‌વર્તન કર્યું ના હોય, અને એલફેલ ગમે તેમ જીવ્યો હોય, અને મરણ વખતે માત્ર ભગવાનનું નામ લે તો એની ઉચ્ચ ગતિ થાય તેમ કેવી રીતે મનાય ? આ તો અક્કલ વગરની વાત છે. પછી મેં એના વિશે વિચાર કર્યો. એના વિશે મનનચિંતવન કરી મેં વિચાર કર્યો.

આપણામાં ત્રણ શરીર છે. કારણ એટલે 'મોસ્ટ ઍબ્સ્ટ્રેક્ટ' એને કોઈ આકાર નથી. સૂક્ષ્મ, એને આકાર છે. અને સ્થૂળ. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણ શરીર છે. જ્યારે આ શરીરની મરણની સ્થિતિ આવે ત્યારે, આ સ્થૂળમાંથી નસેનસ-રગરગમાંથી જે ચેતન છે, તે ખેંચાઈને સૂક્ષ્મમાં કેંદ્રિત થાય એટલે મરણ વખતની સ્થિતિમાં સૂક્ષ્મ મોખરે હોય. સૂક્ષ્મ શરીર મોખરે હોય ત્યારે તે વખતે જે ભગવાનનું નામ લેવાય, તે આ સ્થૂળ શરીર નથી લેતું. તે સૂક્ષ્મ શરીર લે છે. સૂક્ષ્મ શરીરનો પ્રભાવ ઘણો મોટો હોય છે. સૂક્ષ્મ શરીર જે ભગવાનનું નામ લે છે એને લીધે એનો ઉચ્ચ પ્રકારનો અથવા તો એનામાં ભક્તિ વધે, ભગવાન તરફનું આકર્ષણ વધે એવા પ્રકારનો જન્મ થાય છે. ઊર્ધ્વ પ્રકારનું એનું શરીર થાય છે.

મરણ વખતે આ સ્થૂળ શરીર નથી હોતું. રોમેરોમથી ચેતન નીકળી જઈને એ સૂક્ષ્મ શરીરનાં કેંદ્રમાં એકઠું થાય છે. તે આપણાથી સમજાય તેવી હકીકત છે. ત્યારે સૂક્ષ્મ શરીર મોખરે હોય છે અને તે વખતે જે ભગવાનનું નામ લેવાય છે, તે સૂક્ષ્મ શરીરથી લેવાય છે અને તેને લીધે આપણને નવો જન્મ તે પ્રકારનો મળે છે, એ મને સમજણ પડી. આપણા લોકોની આ વાત બરોબર લાગે છે. ભલે એની મૂળ વાત સમજતા નથી, પણ વાત સાચી છે.

**સ્વજન :** મોટા, તમારી એ વાત ખરી, પણ મરણ વખતે ભગવાનને યાદ કરવા તે તો સ્થૂળ શરીરને એક જાતનો મહાવરો પડેલો હોય તો થાયને ?

**શ્રીમોટા :** મહાવરો પડ્યા વગરેય થાય સાહેબ. હોં.

**સ્વજન :** એ તો પછી મદદ હોય તો થાયને ?

**શ્રીમોટા :** એમ મારાથી ના કહેવાય, પણ એવા કિસ્સા બનેલા છે. ત્રણ કિસ્સા તો મારા જાણીતા છે. એક આ નંદલાલભાઈના સગાં મામા. તે દર વખતે મૌનમાં બેસે અને કંઈ ભગવાનનું નામ લેવાય નહિ. મને જ બેત્રણ દિવસે કાગળ લખે, 'અહીં તો આ બધો સંસાર જ છે. ઊલટું વધારે જોરદાર પ્રમાણમાં મને તો પ્રગટે છે. સંસારની બધી વાતો યાદ આવે છે, વેપારમાં ચિત્ત જાય છે અને ભગવાનનું નામ કંઈ લેવાતું નથી.' એમ બધું લખ્યા જ કરે. મને એક વખતે ચીડ ચડી અને મેં લખ્યું, 'મામા, જાઓ તમને મરણ વખતે ભગવાનનું નામ લેવાશે', એમ મેં લખી દીધું. ચીડ ચડી એટલે હોં ! પછી એમણે લખ્યું કે 'મોટા, તમે કહો છો પણ મારા માન્યામાં નથી

આવતું. અત્યારે હું સજાગ છું અને ઇંદ્રિયો સજાગ છે અને હું સમજું છું, ત્યારે જો નામ નથી લેવાતું તો મરણ વખતે મને કંઈ સમજ નહિ હોય, બેભાનપણું હશે, કંઈ સંસારમાં જીવ નહિ હોય, કંઈ કશામાં જીવ નહિ હોય ત્યારે હું કેવી રીતે ભગવાનનું નામ લઈ શકીશ ? એ વાતો કંઈ મારે ગળે ઊતરતી નથી.' એ બીએસ.સી. થયેલા. તેમાં ફર્સ્ટ આવેલા. એલએલ.બી.માંયે ફર્સ્ટ ક્લાસ આવેલા.જો સરકારી નોકરી લીધી હોત તો હાઈકોર્ટમાં જજ થઈ શક્યા હોત. બહુ હોશિયાર માણસ, પણ મરણ વખતે એને ભગવાનનું સ્મરણ જ રહ્યું. એટલું જ નહિ પણ બધાંને કહ્યું કે 'ભાઈ આવજો, રામ રામ હવે.' અને એટલું જ નહિ પણ ડૉક્ટરને બોલાવ્યા. પેલા લોકો ગભરાઈ ગયા. એને હાર્ટ ઍટેક થયેલો. નાડી જોઈએ તો મળે નહિ. પેલા ડૉક્ટર કહે કે 'કંઈ કશું છે નહિ હવે.' ત્યારે બોલેલા, 'આવજો, રામ રામ.'

બીજા એક જે નડિયાદ આશ્રમમાં શરૂઆતમાં મદદ કરેલી એ ભાઈ, હોટલ ચલાવતા હતા, કુબેરદાસ. એને હાર્ટ ઍટેક થયેલો. અઢાર કલાક સુધી નૉન સ્ટૉપ(અવિરત) નામસ્મરણ થયેલું.

ત્રીજા, નંદલાલની પેઠે મારા એક મિત્ર, એમ.એ. થયેલા. (વજુભાઈ જાની) એ 'રિલેટિવ સ્ટડી ઑફ રિલીજિયન્સ' (ધર્મોનો સાપેક્ષ અભ્યાસ) એ એનો વિષય હતો. એ ભાઈ પણ મરણ વખતે ગીતા બોલેલા. ગીતાનો બહુ શોખ, એટલે પંદરમો અધ્યાય બોલી ગયા. અને છેલ્લો શ્લોક બોલ્યા અને એનો પ્રાણ ગયો.

**સ્વજન :** મોટા, આ તે વખતે સૂક્ષ્મ કેંદ્રિત થયેલું હોય છે, તેની અસર થાય ?

**શ્રીમોટા :** હા, મરણ વખતે સૂક્ષ્મ મોખરે હોય છે. સાયલા નામે નાનું સ્ટેટ હતું. બેતાળીસ ગામનું સ્ટેટ હતું. તેના રાજાને મારા મિત્ર સાથે સારો સંબંધ. તે ત્યાં શિક્ષક હતા. એમના છોકરાને ભણાવવા માટે. આખા સ્ટેટના એડ્યુકેશન ડિપાર્ટમેન્ટના-(રાજ્યના કેળવણી ખાતાના) હેડ હતા. એટલે મેં એને કહેલું કે 'રાણીની સાથે તું તારી પત્નીની સોંપણી કરજે. એટલે એ દેખભાળ રાખે, મારાથી નહિ રખાય.' વળી મેં કહ્યું કે 'જુઓ, મારે આ રાણીનું પાણી જોવું છે. એટલે તું એમ કહેજે કે હું મરું ત્યારે તમે મારી ઠાઠડી થોડીક વાર ઊંચકજો અને સ્મશાનમાં પણ આવજો.' મારો મિત્ર કહે કે 'સંસારથી આ ઊંધો રિવાજ છે.' 'પણ મારે એનું ખમીર જોવું છે.' સાહેબ, એણે મરણ વખતે બરોબર યાદ રાખ્યું અને તે વખતે સાયલાનાં રાણીસાહેબને બોલાવીને કહ્યું કે 'હવે હું જઉં છું. હવે તમે મારાં પત્નીની ખબર રાખજો. ભલું થજો મોટાનું કે એને ભણાવી તેથી શિક્ષિકા થઈ છે, તેથી પૈસાનો તો વાંધો એને નહિ આવે. પોતાનો નિભાવ થાય એટલા પૈસા તો મળે છે, એટલે તમે જ એને બધા સારામાઠા પ્રસંગે બોલાવજો. એને ઓથ આપજો. તમારી સાથે રાખજો.' એવું વચન માગ્યું. અને સાહેબ, એમણે મારા મિત્રની ઠાઠડી ઊંચકેલી અને સ્મશાનમાં પણ આવેલાં. કોઈ બૈરું આજ સુધી સ્મશાનમાં ગયું જાણ્યું નથી, પણ એ બહાદુર બાઈ હતી. લોકલાજથી ડરે નહિ એવી બાઈ હતી. જીવે છે હજુ એ. હવે

તો બધાં રાજપાટ ચાલ્યાં ગયાં. એ બહેન તેમની સાથે જ રહે છે, પણ એને મારે બેળે બેળે ભણાવવી પડેલી.

મારો એ મિત્ર સાધુ થવાને નાસી ગયેલો. એના બાપ અને બીજા બધાં ખોળીને લઈ આવેલાં. હરિજન આશ્રમમાં હાઈસ્કૂલ કાઢેલી, તેમાં એ શિક્ષક. મેં તો કહ્યું કે 'આ ભટકતો માણસ ગમે ત્યારે નાસી જાય, બૈરીનું શું થાય ?' તો મેં એની પત્નીને કહ્યું, 'તું ભણ. આ સિનિયર ટ્રેઈન્ડ થાય છેને ? અંગ્રેજી ભણ્યા સિવાય ટ્રેઈન્ડ થાય છેને ?'

**સ્વજન :** કર્વેનું ?

**શ્રીમોટા :** કર્વેનું નહિ, પણ ત્રણ વર્ષનું શિક્ષણ હોય છે. આ વર્નાક્યુલર પાસ થયો હોય પછીથી ત્રણ વર્ષ શિક્ષકનું ભણવાનું હોય છે અને એને ટ્રેઈન્ડ સિનિયર્સ કહેવાય છે. તે એને બેળે બેળે મેં ભણાવી. પૈસા તે કંઈ ગમે ત્યાંથી લાવીને એને મોકલતો, કારણ કે ત્યારે આ અમારા ભાઈ નોકરી વગરના હતા. એ છોકરી મને એટલી બધી ગાળો દે કે આ રાંધવાનું, કપડાં ધોવાનાં, આ વાળવાનું અને આ પાછું ભણવાનું ? હવે અત્યારે કહે છે કે 'મોટા, તમારું ભલું થજો, નહિ તો મારી શી દશા થાત ?' અત્યારે એને લગભગ ત્રણસો રૂપિયા મળે છે. એનો જીવનનિર્વાહ સારી રીતે નિભાવી શકે છે.

તા. ૮-૧૨-૧૯૭૪

❑

## (૯) ભક્ત અને વેદના

વેદના કે દુઃખ એનાં મૂળમાં કશાકની યાદ તાજી કરાવે છે. એટલે ભક્ત માણસ કે જ્ઞાની કે યોગી કે ધ્યાની કે એવા જે માણસો છે, એને વેદના છે, તે એને ભગવાનની યાદ જીવતી રખાવે છે. ભૂલવા ના દે ક્ષણવાર પણ. વેદના ના હોય તો એ માત્ર આનંદમાં આહ્‌લાદમાં મસ્ત રહ્યા કરે. અને જેમ દારૂ પીધો હોય અને નશો ચડે, તે જેમ નશામાં ને નશામાં માણસ આનંદમાં રહે તેમ તે આનંદના આહ્‌લાદમાં પડ્યો રહે છે, પણ મૂળમાં ભગવાનને લીધે છે. તે ભગવાન ભલે એને અનુભવમાં આવી ગયો હોય, પણ ભગવાન પ્રત્યેક પળે એની કોન્શ્યસનેસમાં-(સભાનતામાં) છે, એવું નથી હોતું. જ્યારે વેદનાને લીધે એની કોન્શ્યસનેસ પ્રત્યેક પળે જીવતી રહે છે. એવો આ કાળમાં વેદનાને લીધે મારો અનુભવ છે.

તો પછી બીજો તર્ક એની સામે એમ ઊભો થાય છે કે તો પછી વેદના લાગે કેમ ? ઈશ્વરનું, ભગવાનનું અસ્તિત્વ જો રહે છે, તો ભગવાનના અસ્તિત્વમાં તો માત્ર આનંદ જ છે. બીજું કંઈ તો છે નહિ. જો આનંદ જ એટલો બધો હોય, તો પછી દુઃખ કે વેદના હોતી નથી, એમ સમજણમાં આવે. પણ તેમ નથી. ભગવાનના અસ્તિત્વમાં બધું જ છે. સુખદુઃખ બંને છે, કારણ કે આખરે તો આપણે પ્રકૃતિમાં છીએ. પ્રકૃતિમાં હોવાથી અને પ્રકૃતિમાં ભગવાનનો અનુભવ થતો હોવા છતાં, પ્રકૃતિ જતી રહેતી નથી. પ્રકૃતિ, પ્રકૃતિ તરીકે રહે છે. એટલે એને વેદના થાય ખરી. વેદનાનો અનુભવ થાય, પણ વેદનાથી એ લેવાઈ ના જાય.

અત્યારે મને પાંસળાંમાં એટલું બધું દર્દ થાય છે. સ્પોન્ડીલાઈટીસનું-(મણકાનું) દર્દ પણ વધે છે. હજી ગળાનું પણ થશે. ત્યારે વધુ ત્રાસ થશે. એટલે એક ગોળી આપી. હમણાં બીજી એક ગોળી લીધી, પણ હજી અસર થઈ નથી !

**સ્વજન :** મોટા, તમને ગોળીની કંઈ અસર નહિ !

**શ્રીમોટા :** આમાં આનંદ છે. દાખલો આપીને સમજાવું. નાનું બાળક છે, તે રેતીમાં રમતું હોય, રેતી ભીની હોય. તેમાં આકાર કંઈક બનાવે અને પાછું ભૂંસી નાખે અને બીજું નવું બનાવે. નવું તે આનંદ માટે જ છે. પેલું ભૂંસી નાખે છે, તેને બગાડી નાખે છે, તે પણ આનંદ માટે છે. નવો આનંદ કરવાને માટે નવું બનાવે છે. એ જેમ તમને સમજાય છે તેમ આ કલ્પનાની વાત નથી, હકીકતની વાત છે. બાળકને જુઓ તો એ પ્રમાણે કરતું હોય છે.

આપણે શરીર છોડીને જઈએ છીએ-મરણની સ્થિતિ અનુભવીએ છીએ, એમાંથી નવો પાછો બીજો આનંદ મેળવવાને માટે બીજું સ્વરૂપ ધારણ કરીએ છીએ.

એના અનુસંધાનમાં એવા કેટલાક છ, સાત, આઠ દાખલાઓ બનેલા, જેના સાક્ષી આજે પણ હયાત છે. મારે પૈસાની એટલી બધી જરૂર પડેલી કે નંદુભાઈ અને બીજા બધા મારા મિત્રો, મારી સાથે સાધનામાં વળગેલા ખરા, તે માગ્યા હોય તો તરત જ મને પૈસા આપે, વાર ના લાગે. માત્ર કહેવાની જ જરૂર. હું ભીડમાં છું તેવું એ લોકો જાણે પણ નહિ. અને પૈસાની જરૂર છે એની પણ એમને ખબર નહિ.

નંદલાલ, કુંભકોણમ્‌માં પેઢીમાં હતા. ગામથી દૂર, કાવેરી

નદીને કાંઠે ધર્મશાળા જેવી જગ્યામાં એક સાધુ મહાત્મા જેવા રહેતા હતા. તે નંદલાલના મામાના દીકરા છે, તેને અને સાધુને બહુ સારી સોબત. નાના હતા ત્યારથી એ જાય. મેં કહ્યું, 'ચાલો, આપણે દર્શન કરવાં જઈએ.' તે અમે ચાર પાંચ જણાં સાથે જતા હતા. તે પછી રસ્તામાં મને લઘુશંકા કરવાની વૃત્તિ થઈ. મેં કહ્યું, 'તમે જતા થાવ.' તો કહે, 'ના, અમે અહીં ઊભા જ છીએ, મોટા.' મેં કહ્યું, 'તમને અહીંયાં સંકોચ થશે.' તો કહે, 'અમને કશો સંકોચ નથી. તમે તમારે એકી કરી લો.' હું એકી કરવા બેઠો અને મારાથી બે હાથ દૂર લૂગડાથી બાંધેલી એક નાનકડી પોટલી મેં જોઈ. એક છોકરો-અમદાવાદનો-અમે એને નાનુભાઈ કહેતા. એનું નામ બીજું કંઈક છે. તે મને યાદ નથી આવતું અત્યારે. હા, નિત્યાનંદ. તેને અમે નાનુભાઈ કહેતા. મેં કહ્યું, 'નાનુભાઈ, જોને આ પેલી પોટલી મને હાથમાં આપને. હું જોઉં તો ખરો. પોટલી મને હાથમાં આપી અને મેં છોડી તો અંદરથી એક સોનાની કંઠી નીકળી. સાથેની ચિઠ્ઠીમાં તામિલમાં લખેલું. મને તામિલ તો કંઈ આવડે નહિ, વાંચતાય ન આવડે, પછી નંદલાલના ભાઈએ વાંચ્યું, 'તારા ઉપયોગને માટે છે.' આવું સ્પષ્ટ લખેલું. નંદલાલના ભાઈએ બજારમાં વેચીને મને પૈસા આપ્યા. ત્યારે ભગવાનની કેવી મોટી મહેરબાની હોય છે કે એ મારે મન તો હાજરાહજૂર જ છે, અને જ્યારે જોઈએ તે બધું આપે છે. મને એક જણે કહેલું, 'મોટા, ભગવાન તમને આટલી બધી વેદના દર્દ શું કરવાને આપે છે ?' મેં કહ્યું, 'મારા ભલાને માટે એ વેદના થાય છે. પોકારું છું ખરો. બહુ વેદના થાય છે, હવે નથી રહેવાતું.'

અને નંદલાલને કહું છું કે 'તમે કહેશો તો આ શરીર છોડી દઈશ'. એમ બધું કહું છું ખરો, પણ આખરે તો એ મારા ભલાને માટે જ છે. અને તેનું કારણ પણ મને સમજાય છે. હું કોઈને કહેતો નથી, કારણ કે સમજણમાં આવે એવું નથી. જે સમજણમાં ન આવે તે વસ્તુ કહેવામાં કોઈ સાર નહિ. કોઈ ગપાટા સમજે ! એ ના સમજે, પણ જે વસ્તુ રૅશનલી-બરાબર આપણા મગજમાં બુદ્ધિપૂર્વક ઊતરી શકે તેવી વાત હોય તો જ કરવી, એવું પહેલેથી જ મારા મનમાં ઠસી ગયેલું. એટલે હું કહેતો નથી. બાકી, મારા ભલાને માટે જ છે. શંકા વગરની વાત છે. આટલી બધી અસહ્ય વેદના રોમેરોમ પ્રગટે છે અને શરીરની મર્યાદા વટાવી ગયેલી છે. આ વેદના પણ મારા ભલાને માટે છે, એમાં મારા મનમાં બે મત નથી. એ સોએ સો ટકા સાચી હકીકત છે.

❑

# (૧૦) નિર્વિકલ્પ સમાધિ

## જીવનનાં કર્મનો ભાવ સ્વરૂપ ચૈતન્ય પ્રત્યક્ષ

અનુભવી જે કર્મ કરે છે, એ લાગે છે સ્થૂળ, પણ એ કરતી વખતનો ભાવ ચેતનનો છે. એથી એ સ્થળ અને કાળથી મુક્ત છે. નિર્વિકલ્પ સમાધિમાં કર્મ શક્ય નથી, કારણ કે ત્યાં કાળ કે ગતિ કશું નથી. શૂન્યતાનો અનુભવ છે. પૉઝિટિવ શૂન્યતા. શરીરના ગુણધર્મો પણ જતા રહે છે. નિર્વિકલ્પ સમાધિમાં પ્રકૃતિમાત્રની સભાનતા નથી. કશાની સભાનતા નથી. ત્યાં કર્મ શક્ય નથી.

શરીર ત્યારે શેને આધારે જીવે ? એટલે શરીર ટકતું નથી. કોઈકમાં એવું બને છે કે આવી અવસ્થામાં શરીર મૂકી દે છે. મારા અનુભવથી કહું છું કે નિર્વિકલ્પ સમાધિમાં ઝાઝો કાળ કોઈનું શરીર ટકી ના શકે. વધારેમાં વધારે એકવીસ દિવસ કહેલા છે, પણ એકવીસ દિવસ સુધી ટકવુંય મુશ્કેલ છે. કાં તો પછી નીચે અવતરણ કરે. ધારો કે મને દસ કલાકની નિર્વિકલ્પ સમાધિ થઈ, તોપણ સાકારની સ્થિતિમાં સ્વસ્થ થતાં વાર લાગે છે. અને એક વખત નિર્વિકલ્પનો અનુભવ લીધો તેને સવિકલ્પમાં આવવા માટે મથામણ છે. મથામણ એ સૂક્ષ્મ પ્રકારની હોં. માનસિક ગભરાય કે એવું કંઈ કશું નહિ, કારણ કે શરીરમાંથી પ્રકૃતિનું બધું જ જતું રહ્યું હોય છે. નિર્વિકલ્પમાં શરીરનું કલેવર જુદા પ્રકારનું થઈ જાય છે. પછી જ્યારે અવતરે ત્યારે એ કલેવર તદ્દન જુદા પ્રકારનું થયેલું હોવાથી એ યથાવત્ સ્થિતિમાં આવવા માટે જે સંક્રાતિ કાળ છે-એ કાળમાં 'થોડીક' કયો શબ્દ મૂકવો એ બરાબર નથી આવતો. એડ્જસ્ટ-(ગોઠવાતાં) થતાં વાર લાગે છે. પછી આપમેળે એડ્જસ્ટ થઈ જાય છે.

તા. ૧૮-૧૧-૧૯૭૫

❑

# (૧૧) અનુભવીની જાણકારી

**શ્રીમોટા :** દાદાજી (પૂજ્ય શ્રીકેશવાનંદજી) પાસે એક સંસ્કૃતના વિદ્વાન આવે. એ ત્યાં આવે એટલે એમને પૂછવાપણું નહિ. હું ત્યાં હતો એટલે બધું જાણું. દાદા તો સંસ્કૃતમાં બોલ્યા જ કરે. મરજી ફાવે ત્યારે બોલે. આખા દિવસમાં થઈને એકબે સવાલના જવાબ નીકળે. કોઈ દિવસ સપૂચો જવાબ ન નીકળે. એવી રીતે એક અઠવાડિયા સુધી રહે, ત્યારે બધા જવાબો પૂરા થાય. એમની મેળે જ સંસ્કૃતમાં બોલે. સરળ સંસ્કૃત. આપણને પણ થોડી ઘણી સમજણ પડે, પણ બધી તત્ત્વજ્ઞાનની વાત હોય. એટલે પૂરતી ખબર ન પડે, પણ સામાન્યપણે જે બોલતા હોય એનો ભાવાર્થ થોડો ઘણો સમજાય ખરો. એવી રીતે એ પેલાને પૂછ્યા સિવાય બોલ્યા કરે, કારણ કે એ જે હેતુ માટે આવ્યો હોય, એને ક્લૅરિફાય-(સ્પષ્ટ) થાય એટલા માટે દાદા બોલ્યા હોય. ઘણા બીજા માણસો આવે, એમના જીવનની બીજી વાતો હોય, એ પણ એ (દાદાજી) કહે.

મને બરોબર યાદ છે કે એક પતિપત્ની આવેલાં. દાદાની બાધા માનેલી. પાછા જવાના પૈસા જોઈએ. થોડા રાખી મૂક્યા. એની બૈરી કહે કે 'જોઈએ કે ના જોઈએ, પણ આપણે જેટલા પૈસાની બાધા રાખી છે, એ બધા પૈસા આપી દેવા જોઈએ. આપણાથી અધૂરી બાધા ન થાય. તમારે વધારે રકમ લાવવી હતી', પણ પેલાએ પૈસા રાખી મૂક્યા. પછી જ્યારે દાદાને પગે લાગવા આવ્યા ત્યારે દાદાએ એને કહ્યું, 'મારા બાકી છે એ પૈસા લાવ.' તરત પેલી બૈરીએ કહ્યું, 'હું કહેતી ન હતી કે દાદા જાણી જશે. આપી દો પૈસા.' તોય પેલો પૈસા આપે

નહિ. પછી દાદાએ એમનો ડંડો ઉગામ્યો, તે પેલાને એવો ભય પેસી ગયો કે બધા પૈસા આપી દીધેલા. દંડો મારેલો નહિ, પણ દંડો એવો ઉગામ્યો કે ભય પેસી જાય.

દાદા આવું કરતાં ત્યારે ઘણા લોકો સો બસો વાર દોડી જાય. બધાંનું આવું બધું જાણી જાય, એનું કારણ કાળની અવિચ્છિન્નતા એમની પાસે છે.

**સ્વજન :** મોટા, હું એમ જાણવા માગતો હતો કે એ જે સંસ્કૃત ભાષામાં જવાબ આપતા હતા, તો જે અનુભવી હોય એને જ્ઞાનમાં બધી બાબતનો ખ્યાલ આવે. ભાષાય આવડે ?

**શ્રીમોટા :** મને લાગે છે કે આ માણસે સંસ્કૃત ભાષા શીખેલી હશે. અનુભવી પુરુષ ઉર્દૂ બોલે, પર્સિયન બોલે કે લૅટિન બોલે એવું કંઈ હોય નહિ, પણ કોઈ ભાષામાં બીજા બોલતા હોય તે એનો મર્મ સમજી શકે ખરા. પોતાનું શરીર જે ભાષાના વાતાવરણમાં જન્મ્યું હોય, એ જ ભાષા એ બોલી શકે. હા, પણ એ સમજી શકે ખરો. કહેવાનો મર્મ સમજી જાય, પણ એક્સપ્રેસ-(વ્યક્ત) તો પોતાની જ ભાષામાં કરી શકે.

**સ્વજન :** (ધીરજબહેન) મોટા, એવું કહેવાય છે કે આવા પુરુષો તો બધી જ ભાષાઓ જાણે.

**શ્રીમોટા :** લોકો આ બાબતમાં પણ અતિશયોક્તિ કરે. સામો માણસ શું કહેવા માગતો હોય છે, એના હાર્દની એને ખબર પડી જાય, તે પણ ડીટેલમાં-(વિગતવાર) ખબર ન પડે.

● ● ●

**શ્રીમોટા :** આપણે જાતે હોઈએ, પછી આપણા નામની જરૂર શી ? એમ એક વખત ગોપાલદાસે પૂછેલું. તો મેં કહ્યું,

'એ વાત બરોબર નહિ, પણ નામી કરતાં નામ ચડિયાતું.' તો એ કહે, 'મોટા, એ વાત ગળે ઊતરતી નથી.' ઘોડાગાડીવાળાને કહો કે મારે અમુક ઠેકાણે જવાનું છે. લઈ જા. અમુક ઠેકાણે જવું છે. તમે જગાનું નામ ન દેશો. પૈસા પછી આપીશ એમ કહેજો. હું ગોપાલદાસ છું એમ કહેજો. તો એ કહેશે, 'જા જા હવે', પણ 'ગોપાલદાસની પેઢી પર લઈ જા' એમ કહેજો. નંદલાલની એ પેઢી કુંભકોણમ્‌માં બહુ પ્રખ્યાત. તરત એ લઈ ગયો. એટલે મેં કહ્યું, 'જુઓ, આમાં નામનો પ્રતાપને ! તમે જાતે કશું નહિ, પણ તમારું નામ છે એનો પ્રભાવ છે.' તમે ગમે તેટલા જાતે હોવ, છતાં તમારું નામ ચડી જાય છે. એટલે નામી કરતાં નામ ચડી જાય છે.

તા. ૧૪-૧૨-૧૯૭૪

• • •

**શ્રીમોટા :** વચ્ચે કાળ અને સ્થળનું ફૅક્ટર-(અવયવ) ઊડી જાય. એ દેખાય છે એવું નહિ. આપણે બુદ્ધિથી વિચારીએ તો સમજાય ખરું. શંકરાચાર્ય ભગવાને કહેલું કે આ બધું મિથ્યા છે, તે બધું રિલેટિવલી-(સાપેક્ષ) છે. ચેતનની અપેક્ષાએ મિથ્યા છે. સ્થળ અને કાળના સંજોગમાં એ બધું રીઅલ છે. અનુભવમાં સ્થળકાળ રહેતાં નથી. એ પોતે સ્થળકાળમાં રહેતો હોવા છતાં અનુભવમાં એને સ્થળકાળ નથી. સ્થળકાળ નથી તો સ્થળકાળમાં જે કંઈ છે તે એ રીતે નથી. આપણી બુદ્ધિ સમજી શકે એવી હકીકત છે. આ કપોલકલ્પિત હકીકત નથી. દા.ત., હું આ જાણું કે આ કાંતા છે, રામ છે, ધીરજબહેન છે કે રમણભાઈ છે એ ઈન્ડિવિડ્યુઅલી-(વ્યક્તિગત રીતે) બધાંને ઓળખતો

હોઉં અને સ્થળકાળ ઊડી જાય ત્યારે એ જુદી જાતનું બને છે- ત્યારે એમની હયાતી તે રીતે નથી. ત્યારે એ જોતો હોય છે તે બધું એમ જ છે, પણ એનાં અંતર્ચક્ષુ ન્યારાં છે, કારણ કે એને સ્થળકાળ નથી. આથી જે 'છે' તે એને 'નથી.'

**સ્વજન :** મોટા, આવું બધું આપને પ્રેમનાં મોજાંમાં દેખાતું હશે ! આપ જ્યારે ભૂમિપૂજન કરાવતા હતા, પૃથ્વીમૈયાનું મહત્ત્વ સમજાવતા હતા ત્યારે પ્રાર્થના સાથે...

**શ્રીમોટા :** એનો વિસ્ફોટ જુદા પ્રકારનો હતો. દા.ત., હું આપને ત્યાં ભૂમિપૂજન કરાવતો હતો. હું એ કરતો હોઉં, એ વખતે મારા દિલનો ભાવ-પ્રાર્થના એ વાસ્તવિકપણામાં રહે ખરાં, કારણ કે એ જો ના હોય તો આખો હેતુ માર્યો જાય. એ પ્રાર્થના અને ભાવ સ્ફુરતાં હોય એ એટલા બધા એકાગ્રતાવાળા અને કેંદ્રિતતાવાળા હોય. એ ભાવને લીધે એ ભૂમિપૂજન થતું હોય એ વિસ્તારને પામ્યા કરતું હોય. વિસ્તાર પામવાની અંદર એની જે રિઆલિટી થવાની હોય કે થતી હોય કે થતા જવાની હોય એ પણ બધું અંદર આવી જાય. ત્યારે આપણને એ સ્પષ્ટપણે ખ્યાલ ન આવે, કારણ તે વખતે એ પ્રાર્થનાના ભાવમાં હોય. જો એનો તેવો હેતુ હોય અને એને દેખાય તોપણ એ કોઈને કહે નહિ. એ કહેવાય જ નહિ. જેમ કોઈ ઘણો પૈસાદાર માણસ હોય, એ પોતાની રકમ વિશે કશું કહેતો નથી. લોકો એની મેળે ભલે જાણ્યા કરે, પણ એ પોતે કહેશે નહિ. જરૂર પડ્યે એને બતાવે એ જુદી વાત છે. વહેવારમાં પણ જરૂર પડે ત્યારે એ બતાવે ખરો. એ રીતે અનુભવી પુરુષને પણ હાલના જીવનના તબક્કામાં જરૂર ઊભી

થાય તે પ્રમાણે ચેતનને વ્યક્ત થવાને ભગવાનને પોકાર પાડવાપણું થાય છે. આ પોકાર પાડવાનું તો ખાલી મનથી જ હોય છે. બાકી, એને તો હાજરાહજૂર છે. જેમ આપણી પાસેની રકમ બૅંકમાં કે તિજોરીમાં મૂકી હોય, પણ જરૂરિયાત પડે એટલે અંદરથી લઈને વાપરીએ છીએ, પણ તેવી રીતે ભગવાનને ભક્ત વાપરતો હોતો નથી, પણ જરૂર પડે ત્યારે તે કહે છે કે ‘પ્રભુ, આમ છે, તેમ છે. પછી એ નિશ્ચિંત થતો જાય છે, પછી એમ બને કે ના બને એની એને ચિંતા હોતી નથી. એ તો સ્થિતિની વાત પ્રભુને તે તે વખતે માત્ર કહી દે છે.’

**સ્વજન :** એને ચોક્કસ ખાતરી જ હોય કે જે થશે તે ભલાને માટે જ થશે ?

**શ્રીમોટા :** જે થશે તે યોગ્ય થશે, એની એને પૂરેપૂરી ખાતરી હોય છે.

**સ્વજન :** મોટા, આપ જે તાદાત્મ્ય થાઓ, એ એક જાતના પ્રેમને લીધે જ થાયને ?

**શ્રીમોટા :** પ્રેમને લીધે નહિ, દા.ત., શિયાળો આવ્યો તો ટાઢ વાઈ. ઋતુમાં ફેરફાર છે. ખરી રીતે તો કાળ ગણીએ તો કશું નહિ, કેમ કે અહીં શિયાળો તો કોઈક બીજે ઠેકાણે ઉનાળો પણ હશે. એક જ પૃથ્વી પર, જુદે જુદે ઠેકાણે જુદું જુદું વાતાવરણ છે. તેવી રીતે વસ્તુનો ગુણધર્મ છે. ટાઢું તે ટાઢું લાગે તેવી રીતે એને ગુણધર્મ છે. એવું નિમિત્ત આવે ત્યારે તે તાદાત્મ્ય થાય. નિમિત્ત વિના નહિ. ફૂલમાંથી આપમેળે સુવાસ પ્રગટે છે, એને માટે ફૂલને કંઈ કરવું પડતું નથી. શ્વાસ લીધા કરીએ એ જેમ સ્વભાવ છે, એ કોન્શ્યસલી-(સભાનતાપૂર્વક)

કરતા નથી. એવી રીતે તાદાત્મ્ય એ અનુભવીનો ગુણધર્મ છે. નિમિત્ત એવું થાય ત્યારે તે તે પ્રકારે એ એનામાં પ્રકાશે. એ થાય ત્યારે એ પાછો નોખો રહ્યા કરે. જો નોખો ના રહે તો એ તાદાત્મ્યનો અર્થ નથી. તો એ ગુણધર્મ અનુભવીનો નથી. તાદાત્મ્યથી એ રસમાં ગુલતાન હોય-ભલે એ ઐહિક પ્રકારનાં-પ્રકૃતિનાં ક્ષેત્રના- રસ હોય તેમાંય તે ગુલતાન હોય. છતાં એ નોખો હોય. એટલે એમાં એ લેપાતો નથી.

આત્મા-ચેતનનો ગુણધર્મ તાદાત્મ્ય છે. એથી એ તાદાત્મ્ય અનુભવે છે. એને શરીર હોવાથી એની વધારે પકડ આવે છે. જો શરીર ન હોય તો અનુભવની પકડ એટલી સજ્જડ ન આવે. તાદાત્મ્ય અને નોખાપણાનો ખ્યાલ એને આવે છે. એ ખ્યાલ તરતો છે.-'તરતો છે' એટલે જેમ આપણી પાસે રૂપિયા હોય-બૅંકમાં-પેઢીમાં વહેંચાયેલા પડ્યા હોય, પણ આપણને ખ્યાલ છે કે પૈસા છે. તે જે છે તે એવા પ્રકારના છે કે બધે વહેંચાયેલા પડેલા છે-તરતા પડેલા છે. એવા આ જે આત્માના ગુણધર્મનો અનુભવ થાય છે. રૂપિયાનો ગુણધર્મ આપણને જરૂર પડ્યે ત્યારે ખપમાં લાગે છે. તેમ આત્માનો અનુભવ થાય ત્યારે આત્માનો ગુણધર્મ ખપમાં આવે છે. શરીરધારી નિમિત્ત વિના તાદાત્મ્ય થાય જ નહિ. આત્માના બીજા ગુણો ઉપરાંત, આ તાદાત્મ્યનો ગુણધર્મ છે, એનો વિચાર પણ થાય નહિ. આમ તો એને વિચાર હોય નહિ.

નિમિત્ત આવે ત્યારે તાદાત્મ્ય થાય છે. ત્યાર પછી એની લિંક-(સાંકળ) હોય છે. લિંક પણ એ સમજે છે. આગલા જન્મોની લિંક હોય છે, એ પણ સમજે છે. એ લિંક

અવિચ્છિન્નપણે હોય છે. એ ટુકડા તરીકે જોતો નથી. શરીરધારી અનુભવી છે એને નિમિત્ત હોય ત્યારે જ તાદાત્મ્ય થાય છે. આપણે ભલે સંસારી રહ્યાં-પૂરા જ્ઞાની ન હોઈએ-તોય જરૂર પડ્યે જ પૈસા ખરચીએ છીએ. એમ ને એમ થોડા ખરચીએ છીએ ? તેવી રીતે પેલાને નિમિત્ત એ જરૂરનું છે. એનું જ્ઞાન એને આપમેળે જાગે છે.

**સ્વજન :** મોટા, આપે આ જે 'નિમિત્ત'નું કહ્યું તો એક નિમિત્તના લીધે બીજું-બીજાને લીધે ત્રીજું અને ત્રીજાને લીધે ચોથું-આવી લિંક-(સાંકળ) કૉન્સ્ટન્ટ-(સતત) હોય તો પછી એનો 'એન્ડ'-(અંત) ક્યારે ?

**શ્રીમોટા :** એનો અંત જ ન હોય. જેમ આપણે સંસારમાં કામ આવ્યું-પેઢીનું-ફર્મનું કે ગમે તે પ્રકારનું હોય-એ કર્મ પછી એનો વિચાર આપમેળે સરી જાય. એમ પેલા અનુભવીને નિમિત્તનું કામ થઈ ગયું એટલે ખલાસ થઈ જાય. તે વખતે કાળનું અવિચ્છિન્નપણું એને દેખાય, એટલે અનુભવમાં આવે ખરું, પણ પછી એને વારંવાર એ આવે નહિ. પછી બીજાનું હોય, ત્રીજાનું હોય એમ આવે. પણ બધાંની હારમાળામાં એક ડિવાઈન કોન્શ્યસનેસ-(દિવ્ય જાગૃતિ) એનામાં કાયમ રહે. છે. એ કૉમન ફેક્ટર છે. આપણે જુદા જુદા તબક્કામાં જે જે કામ આવે એ કર્મો કરીએ છીએ ખરાં. એમાં જાગૃતિ નથી. આપણને એમ નથી થતું કે આપણે આ કર્યા કરીએ છીએ ખરાં, પણ કઈ શક્તિને લીધે, કેમ કર્યા કરીએ છીએ એ પણ ખ્યાલમાં નથી આવતું. એ બધાંમાં રહેલું કૉમન સત્ય-સર્વ સાધારણ રિઆલિટીનો-આપણને ખ્યાલ નથી આવતો. પછી બુદ્ધિથી

વિચાર કરીએ તો આવે ખરો, પણ એ ઊડી જાય છે. એ રહેતો નથી. જ્યારે અનુભવીને એવું થતું નથી.

**સ્વજન :** મોટા, કાલે જે વાત કરતા હતા કે જ્યારે 'કારણ'માં હોઈએ અને સર્જન થાય તે ઉત્તમ પ્રકારનું થાય ?

**શ્રીમોટા :** 'કારણ' તો મોસ્ટ ઍબ્સ્ટ્રૅક્ટ-(અત્યંત સૂક્ષ્મ અમૂર્ત) છે. એમાંથી ક્યારે સર્જન થાય ? કારણમાં તો કંઈ જ કશું થઈ શકે નહિ. એમાં બધું શૂન્ય જ છે, પણ 'કારણ'માંથી સહેજ અવતરણ થયું અને સૂક્ષ્મમાં જવાની શરૂઆત થવા માંડે ત્યાં સર્જન થાય એ બહુ ઊંચા પ્રકારનું છે. જેમ નીચે ઊતર્યા તેમ સર્જન સ્થૂળ થતું જાય. અનુભવી 'પુરુષ' તો પોતે 'કારણ' છે, પણ એને શરીર હોવાથી એ સૂક્ષ્મમાં આવે છે. એ પછી સ્થૂળમાં આવે છે. ત્યારે એ સ્થૂળ રીતે વર્તતો હોવા છતાં-કારણ કે શરીર છે એટલે એ બોલે છે, ચાલે છે, બધું કરે છે, એની પાછળ જે રિઆલિટી છે, એની કોન્શ્યસનેસ-અવેરનેસ જુદા પ્રકારની છે. એટલે એનું સર્જન થાય એ ઉત્તમ થાય.

બુદ્ધિની પકડમાં આવે એવો દાખલો આપું. હું, ગુરુમહારાજ પાસે હતો. ત્યારે એમણે મને કહ્યું, 'જા, ફલાણે ઠેકાણે જઈને ચોરી લાવ.' હવે હું ચોરી લાવ્યો ત્યારે હું ચોરી કરું છું એવી સેન્સ-(સમજ) ન હતી. એ તો હું હુકમ ઉઠાવું છું એ જાતની અવેરનેસ હતી. હું લઈ આવું છું. એને ગુરુમહારાજ પાસે મૂકું છું. પછી જેની પાસેથી મેં ચોરી કરી હતી, તેની પાસે જઈને પગે લાગું છું-વાત કરું છું, 'હું આ ચોરી ગયેલો. મને માફ કરજો, પણ હવે તમે આ પાછું લો. મને ગુરુમહારાજનો આદેશ હતો. એટલે આમ કરેલું.' આમ, મેં તો ચોખ્ખી વાત કરી

પણ એ માને નહિ. એ કેવી રીતે માને ?

**સ્વજન :** (ધીરજબહેન) મોટા, તો એ તમને વઢ્યા નહિ?

**શ્રીમોટા :** એ તો વઢ્યો. એની પત્ની હતી, એ વાત સમજી ગયેલી. ઉદારતાવાળી હતી. એ કહે કે 'આ તમને આપી ગયો છે અને મોઢામોઢ કહે છે પછી શા માટે બોલો છો ?' મને એ બાઈએ બેસાડ્યો. ચા પાયો. પછી કહે, 'ભાઈ, તારે પૈસા-બૈસા જોઈતા હોય તો કહે. અમે આપીએ.' મેં કહ્યું, 'ના, બા, મારે કંઈ જોઈતું નથી.'

મને ગુરુમહારાજે હુકમ શા માટે આપ્યો ? દરેક પ્રકારની પકડ છે તે જવી જોઈએ. સમજણો, ટેવો, આગ્રહો, પકડો-આ માર્ગે જતાં, જવાં જોઈએ. અમુક રીતે જ વર્તાય એવી પકડ વગેરે જવી જોઈશે. ગમે તે રીતે વર્તો, આવા લોકો અનેક જાતની આવી પકડો કાઢવા માટે હુકમ આપે, પણ પેલા લોકો તો સમજે નહિને ! એનો ધણી તો એની બૈરી પર બહુ ગુસ્સે થયેલો. એણે તો કહેલું, 'તું કંઈ સમજે કરે નહિ, પણ આવા લોકો તો બહુ લુચ્ચા હોય છે.'

**સ્વજન :** (ધીરજબહેન) એ લોકોને શી ખબર હોય કે આપ ગુરુમહારાજનો હુકમ પાળો છો ?

**શ્રીમોટા :** ના ખબર હોય. પણ પેલાં બહુ સારાં. હજી મને યાદ છે. એટલી બધી ભલી બાઈ હતી. કહે, 'હવે થવાનું હતું એ થઈ ગયું. તમારા પૈસા પાછા આવી ગયા છે. તમારાં સોનાનાં ઘરેણાં હતાં એ બધું પાછું આવી ગયું છે. તમને તો કંઈ ખબર પડતી ન હતી. તમારે ઘેર આવીને પાછું આપી જાય છે અને તમને બધી વાત કરે છે, એ ભલે સાચી ન

માનો, પણ તમને પાછું આપે છે એ તો સાચી વાત છેને ! એને સારી મતિ સૂઝી, નહિતર તમે કેવી રીતે શોધી શકવાના હતા ?

**સ્વજન :** (ધીરજબહેન) મોટા, તમે એ કેવી રીતે ઉઠાવી લીધેલું ?

**શ્રીમોટા :** (હાસ્ય) એ કળા તે વખતે આવી ગયેલી ! ઘરેણાં હતાં-પૈસાની કોથળી હતી. એ બધું ઉઠાવી ગયેલો. તમે સાચવજો હોં, તમારું ઉઠાવી જઈશ !

**સ્વજન :** (ધીરજબહેન-હાસ્ય સાથે) ઉઠાવી જજોને !

**શ્રીમોટા :** તોય સાચવજો. પછી મારા પર આળ ન મૂકતા. હું તો આજેય કરી દઉં હોં. (હસાહસ)

❑

# (૧૨) અનુભવીની વાણી

**શ્રીમોટા :** રીઆલિસ્ટીક અને ઈન્ટેલૅક્ચ્યૂઅલ કન્સેપ્શન વચ્ચે આપણને સમજણ ન પડે ! કોઈ એક માણસ કહે કે ‘હું સચ્ચિદાનંદ છું અને નિરાકાર છું.’ તેથી કરીને એ એવો થઈ શકતો નથી. ગમે તે કોઈ માણસ માત્ર એટલું બોલે કે ‘હું કરોડાધિપતિ છું’, પણ હોય નહિ, એના જેવું. પણ જ્યારે એની નક્કર સ્થિતિ થાય ત્યારે મનવાણીમાં એના હોવાપણાની અસર વર્તાય. પહેલું જે પેલો બોલે છે, એ તો બણગાં છે. ચેતન એ રીઆલિસ્ટીક કન્સેપ્શન છે, પણ એના ઈન્ટેલૅક્ચ્યૂઅલ કન્સેપ્શનમાં કંઈ જોર હોતું નથી. ભલે ઈન્ટેલૅક્ચ્યૂઅલ કન્સેપ્શન આપણે બોલતાં હોઈએ. એ સાચું હોય પણ એ આપણા જીવનના અનુભવમાં પ્રવર્તતું હોતું નથી. વિદ્વાનો બધી મીમાંસાઓ-વાદો વિશે વાતો કરે. એટલું બધું કન્વિન્સીંગલી-(સંમત થઈએ એવું) બોલે કે વાત સાચી છે, પણ એમના જીવનમાં પ્રત્યક્ષપણે એવો અનુભવ હોતો નથી. એટલે વાત ભલે સાચી હોય, પણ એના જીવનમાં એનો ઉઠાવ થાય નહિ. બીજાને ઈન્ટેલૅક્ચ્યૂઅલ કન્વિક્શન કરાવી શકે, પણ તેથી કરીને એને-બુદ્ધિથી જે વિદ્વાન થયેલો છે એને-એનું નક્કરપણું અનુભવાયું નથી.

અનુભવી પુરુષ બીજાને કન્વિન્સ-(દલીલથી સમજાવે) કરાવે, પણ એ જે છાપ પાડે છે, એ તો પેલા કરતાં જુદી હોય છે. પેલો વિદ્વાન બોલે તેની સ્થૂળ પર અસર છે. અનુભવી બોલે-જે વાત કરે ત્યારે તે એક જ સ્થળ પર સ્પર્શતો નથી. શરીર સ્થૂળ હોવાથી સ્થૂળને સ્પર્શતો હોય છે. જ્યારે અનુભવી

પાસે એકલું સ્થૂળ નથી હોતું. એની પાસે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણેય છે. 'કારણ'ને તો એ સ્પર્શતો નથી હોતો, કારણ કે 'કારણ'ને સ્પર્શવા જાય તો જે કામ થવાનું છે, તે થાય નહિ. એટલે એ સ્થૂળ અને સૂક્ષ્મ બંનેને સ્પર્શે છે. અનુભવી સ્થૂળ કરતાં સૂક્ષ્મને વધારે સ્પર્શે છે. એ કોઈના ખ્યાલમાં ન આવે. જેમ કોઈ પૈસાદાર માણસ હોય. એની સાથે આપણો ઘણો સંબંધ હોય તો પોતાની લાગવગથી કે ગમે તેનાથી એને ઊંચે આણી શકે છે, તેવી રીતે પેલો વિદ્વાન છે, તે બ્રહ્મની વાતો કરે ખરો-કન્વિન્સ પણ કરાવે-પણ એનો સ્પર્શ માત્ર સ્થૂળ બુદ્ધિને જ થાય છે. જ્યારે અનુભવી સ્થૂળની રીતે વાતચીત કરીને સૂક્ષ્મને સ્પર્શે છે, એનું મિડિયમ જ સૂક્ષ્મ છે. આ એક મોટામાં મોટો તફાવત છે, પણ કોઈને આ સમજાતું નથી. જો આપણે એની સાથે લાંબા ગાળા સુધી પ્રેમભક્તિ-પૂર્વકના હોઈએ તો એ અસામાન્ય છે, એ ખ્યાલમાં આવી જાય. એનાં કેટલાંક કર્મ એવાં થાય કે સામાન્ય રીતનો માણસ હોય તેનાથી ન થાય, એ માત્ર અનુભવીથી થાય.

● ● ●

**શ્રીમોટા :** દાનનો મહિમા બહુ. અમારા સુરતના આશ્રમમાં બેચાર દિવસથી બેત્રણ માણસો આવતા. એ નંદુભાઈની પાસે જઈને કહે કે 'આ રકમ દાનમાં લેશો ?' મેં કહ્યું, 'જરૂર લઈશું ભાઈ.' તે એ ભાઈઓ છાનામાના અગિયાર હજાર રૂપિયા આપી ગયા. પરિચયમાં પણ આવ્યા ન હતા. એકવાર મૌનમાં બેઠેલા. માત્ર ચારેક દિવસથી જ આશ્રમમાં આવતા હતા. મને કેટલાય અનુભવ છે કે આકાશમાંથી પડ્યા

હોય એમ પૈસા મળી જાય. ઘણે ઠેકાણે ત્રણચાર હજાર લેવાના હોય તો બાર હજાર થઈ જાય, એવા તો ઘણા દાખલા છે.

એવું ખરું કે આ સાધુ સંન્યાસીઓ જેમ પૈસા વાપરે એમ હું નહિ વાપરું. પૈસા એ ભગવાનની શક્તિ છે. ભગવાનની શક્તિ વેડફી ન દેવાય. આપણા પોતાના જ વૈભવ વિલાસમાં એ ન વાપરી શકાય. કેટલાક લોકોની સમજણ એવી કે ભગવાન અનંત ઐશ્વર્યવાળો છે. અનંત ઐશ્વર્યવાળો છે, એ તો ભગવાન છે, પણ આપણે પોતે કંઈ ભગવાન નથી. ભગવાન પાસે બધું જ છે. શરીરધારી માણસ ભગવાન થઈ બેસે છે ત્યારે અનર્થ થાય છે. ઘણા લોકો હાથી પર ફરે. કુંભમેળામાં તમે જુઓ તો એટલો વૈભવ. મહંતો, મહામંડલેશ્વરો હાથીને શણગારે અને એના પર બેસે. મને એ બધું બરોબર ન લાગે. આ વૈભવથી તમે લોકોને આંજી દો છો, પણ બધા લોકો અંજાઈ જવાના નથી. થોડાક લોકો ભલે અંજાય, પણ ખરો સમજનાર છે, એ તો કહે કે 'આ બધું બરોબર નથી.' એટલો બધો ઉડાઉ ખર્ચ થાય ? ત્યાં જમવાનું થયા કરે. તે રોજ જુદાં જુદાં મિષ્ટાન્ન-કળીના લાડુ, માલપૂડા, જલેબી હોય. અને વહેંચાતા જ રહ્યા કરે અને સુમાર વગરનો બગાડ થાય. મને આ બરોબર ન લાગે. મારી બુદ્ધિમાં આ જાતનું બેસતું નથી. એ લોકો પાછા આપણને દાખલા આપે કે આ પૃથ્વીમાં કેટલે ઠેકાણે ધરતીકંપ થાય છે કે બીજું થાય તે બગાડ નથી થતો ? પણ પૃથ્વી પર થાય છે અને આપણે કરીએ એમાં ફેર છે. પૃથ્વી પર ધરતીકંપ થાય છે એનાં કારણો છે, પણ આપણે કરીએ છીએ એ તો આપણી બુદ્ધિના બેફામપણાને કારણે કરીએ છીએ.

'જે તે સૌ ભગવાન કરે છે', એ માન્યતા ખોટી છે. જેમ આ દિવસ અને રાત્રિ થાય છે, એ કંઈ સૂર્ય કરાવતો નથી. પૃથ્વીની અમુક જાતની ગતિને લીધે એ થાય છે. એ વાત જેમ સાચી છે, તેવી રીતે જે તે કંઈ થાય છે તે આપણા પોતાનાથી થાય છે, પણ લોકો કહે કે 'જે તે કંઈ કરાવે છે તે ભગવાન કરાવે છે.' ભગવાન જીવતોજાગતો જો આપણી પાસે હોત, તો લાફા ઠોકી દે અને કહે કે 'સાલા, કરે છે તું અને મારું નામ લે છે ?'

આ આચાર્ય વગેરેએ આવો એક ભ્રમવાદ પેસાડી દીધો. વહેવારને અલગ પાડીને મિથ્યા કહ્યો. ધર્મને સિમ્બૉલાઈઝ્ડ-(પ્રતીકાત્મક) કરી દીધો એ સારું કર્યું. જે જે કંઈ લાગ્યું એ ફૉર્મમાં રહે એ રીતનું ફૉર્મ આપી દીધું, પણ વહેવારને એ પ્રમાણે કર્યો નહિ. જોકે શંકરાચાર્ય ભગવાને મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો, અનેક શાસ્ત્રો રચ્યાં. 'બ્રહ્મ એક જ છે' એનું પ્રતિપાદન કર્યું, એ વહેવાર એમણે કર્યો, પણ આ જગતમાં છૈયાંછોકરાં, વેપારધંધો-પેટ માટે રળવું-એને એ લોકોએ સત્ય નહિ માન્યું. એને એટલું જ સત્ય માનવાની જરૂર હતી, તો જગતના લોકો આ વહેવાર પરત્વે સભાનતાવાળા વિશેષ થાત. અત્યારે વહેવાર પરત્વે સભાનતાવાળા નથી એમ મારું કહેવું નથી, પણ જૂજ પ્રમાણ છે.

તા. ૧૪-૧૨-૧૯૭૪

❑

# (૧૩) અભય કેળવણી

**શ્રીમોટા :** મૌન અને એકાંત બહિર્મુખપણું ઘટાડે અને અભય અને નમ્રતા ઈન્ટ્રોવર્ટ-(અંતર્મુખ) કરે, એ કેવી રીતે થાય છે ? આત્માનો ગુણધર્મ અભય છે. પ્રકૃતિથી ઊર્ધ્વમાં ઊર્ધ્વ હોવા છતાં એ નમ્ર છે. અભય અને નમ્રતા આત્માના ગુણધર્મ ગણાવ્યા છે. એટલે અભય અને નમ્રતા ઈન્ટ્રોવર્ટ કરે. મારા ગુરુમહારાજે શરૂઆતમાં હુકમ કરેલો કે આ ચાર તારે કરવાનાં છે. ભગવાનનું સ્મરણ અખંડ કરવું અને સાથે મૌન, એકાંત, અભય અને નમ્રતા તારે પાળવાં. ભય અનેક પ્રકારના. તે બધાંમાંથી મુક્ત થવું. પહેલો ભય-ભૂતપ્રેતાદિનો. એટલે ભયંકર જગાઓમાં સૂવું, કારણ કે ભય ત્યાં વધારે લાગે. સંસ્કારોને લીધે ભય છે, ભય જેવું કંઈ છે નહિ, પણ સંસ્કારોને લીધે ભય લાગે છે.

**સ્વજન :** મોટા, 'બધું જ આત્મા છે' એમ જાણવાથી ભય નીકળી જાય છે ?

**શ્રીમોટા :** ના, એ રીતે ભય નીકળતો નથી, પણ આત્મા જ્યારે પ્રકાશમાન થાય, જેમ કે આપણી પાસે લાખ રૂપિયા હોય તો લાખ રૂપિયાની સત્તા આપણી પાસે છે, એનાથી વિશેષ નથી. તેવી રીતે આપણામાં આત્મા પ્રવર્તમાન થાય ત્યારે આત્માની સત્તા-ગુણધર્મ પ્રવર્તે-આત્માના ગુણધર્મમાં નિર્ભયતા છે. એ નિર્ભયતા પ્રવર્તે ત્યારે ભય હોય જ નહિ, આપણે જ્યારે પ્રકૃતિમાં છીએ ત્યારે અનેક પ્રકારના ભયમાં છીએ, કેમ કે આપણા સબકોન્શ્યસ માઈન્ડ-(અર્ધજાગૃત મન)માં એના સંસ્કાર છે, એને લીધે ભય લાગે છે.

**સ્વજન:** એટલે એ સંસ્કારોને મોળા પાડી નાખવા જોઈએ ?

**શ્રીમોટા :** હા, મોળા પાડી નાખવા જોઈએ, પણ મોળા ક્યારે પડે ? તો એ સંસ્કારથી ઊર્ધ્વ પ્રકારના જીવનમાં, ભાવમાં રહેવાનું થાય ત્યારે મોળા પડે. એ સિવાય મોળા ન પડે.

**સ્વજન :** નમ્રતાનું પણ એ જ જાતનું ?

**શ્રીમોટા :** હા, એ જ જાતનું. અહમ્‌નું સંપૂર્ણપણે મોળા પડવું, એ નમ્રતાનું સ્વરૂપ છે. આત્મામાં અહમ્ છે નહિ. આત્માના પ્રકાશમાં આત્મા પોતે જ સત્તાવાન હોવાથી આત્મા પોતે જ અહમ્ છે, પણ એ અહમ્ એ જુદા પ્રકારનો છે. એમાં જીવપ્રકારનું અહમ્-પ્રકૃતિનું અહમ્ નથી. એ આત્માના ગુણધર્મમાં સર્વની સાથે પરિચયમાં જે એકરસ-ભળી જવું, હળી જવું, ગળી જવું, એકરસ થાય છે, એ અહમ્‌ને લીધે થાય છે. એને અહમ્ ન કહેવાય. એ શું કહેવાય એ મને ખબર નથી. આવા પ્રકારના ભાવને વ્યક્ત કરવાને કોલોકિવયલ વર્ડ-(લોકબોલીનો શબ્દ) હોય છે, એ ઑપ્ટ-(યોગ્ય) હોય છે.

**સ્વજન :** મોટા, આપ કહેતા હતા કે **'પિંડે તે બ્રહ્માંડે અને બ્રહ્માંડે તે પિંડે'**, જેવી રીતે સ્ટાર્સ-(તારામંડળ) છે, બ્રહ્માંડમાં કન્ટિન્યુઅસ ઍક્સપૅન્ડ-(સતત વિસ્તરવું) થાય છે અને કેટલાય કોલૅપ્સ-(દબાઈ જવું) થાય છે. કોલૅપ્સ થાય ત્યારે બધું ખેંચાયા કરે છે, તેવી રીતે આપણા શરીરમાં થાય છે ?

**શ્રીમોટા :** હા, આપણા શરીરમાં ખેંચાયા કરે છે. શરીરમાં અણુ જેવા સ્ફોટ થાય છે. કેટલાય વિલીન થતા જાય છે. એવું પળેપળ આપણા શરીરમાં થયા કરે છે. આ તો વિજ્ઞાને સાબિત કરેલું છે. બ્રહ્માંડમાં અમુક તારાઓ, ગ્રહો વગેરે બધું છે, તેવું આપણા શરીરમાં નથી થતું, પણ સર્જન થયા કરે અને વિલીન થયા કરે, એવું આપણા શરીરમાં છે.

❑

# (૧૪) કાર્યપદ્ધતિ

**સ્વજન :** જીવનમાં જે કર્મ મળેલું હોય અથવા આપણને યોગ્ય લાગે તે કર્મ કરતાં રહીએ, એમાં અનેક મુશ્કેલીઓ અને વિઘ્નો આવ્યાં કરવાનાં ?

**શ્રીમોટા :** કર્મ જે કરવાનું છે, તે પહેલાં પ્રભુપ્રીત્યર્થે, એટલે કે ચેતનાને છતું કરવાને માટે જ કરીએ, એવો ભાવ ધારણ કરવો. કર્મ આપણને પ્રકૃતિમાં વિશેષપણે પણ ખેંચી જાય છે અને એ કર્મ ઊર્ધ્વભૂમિકામાં પણ આપણને લઈ જઈ શકે છે. એટલે કર્મ કરતી વખતે આપણું કેવું મનનચિંતવન રહે છે, એના પર આધાર. કર્મ કરવું હોય એટલે કર્મ પરત્વેના વિચાર તો આવે જ. એ વિના કર્મ થાય નહિ, પણ ખરી આદર્શ સ્થિતિ તો એ છે કે વિચાર વિના કર્મ યથાયોગ્યપણે થયા કરે, પણ આ બાબત જીવદશાવાળાના કન્સેપ્શન-(વિચાર)માં આવી શકતી નથી, પણ તમને જેનો અત્યંત મહાવરો છે તેના વિશે તમારે બહુ વિચાર કરવો પડતો નથી. રોજબરોજનો જેનો ઊંડો અભ્યાસ છે, એ પ્રકારનાં કર્મમાં વિચાર કરવો નહિ પડે. એટલે કર્મ એના યથાયોગ્ય પટમાં ચાલ્યા કરશે. એ બુદ્ધિની પકડમાં આવી શકે એમ છે. એટલે કર્મ કરતાં કરતાં આપણે એવી રીતે ટેવ પાડવી કે મળેલાં કર્મ પરત્વેના વિચાર વિના યથાયોગ્ય તે તે કર્મ થયા કરે, તે વખતે ભાવના જીવતીજાગતી ચેતનાત્મક રહ્યા કરે કે 'આ બધું સકળ છે, તે પ્રભુપ્રીત્યર્થ છે !' આ રીતે વિચારતાં કર્મ કર્યા કરવાથી અહમ્ મોળું પડે છે. એટલે જીવપ્રકારની આપણી પ્રકૃતિ છે, તે એની મેળે ઊર્ધ્વ પ્રકારની નહિ થાય. એનો અભ્યાસ પાડવો પડશે. એટલે એક

તો કર્મ પરત્વે આવી જાતની જો વિચારસરણી હોય તો પ્રાકૃતિક પ્રકારની રહ્યા ન કરે. એની મેળે રોજબરોજના મહાવરાના અભ્યાસને કારણે કર્મ થયા કરે. તે કર્મ કરીએ ત્યારે આરંભમાં પ્રભુની પ્રાર્થના કરીએ. અને કર્મ પૂરું થતાં આપણે એ ભગવાનની આગળ સમર્પણ કરીએ. પુષ્પ જેમ ભગવાનની આગળ મૂકીએ છીએ, એવી રીતે એ કર્મરૂપી પુષ્પ પણ આપણે ભગવાનને સમર્પણ કર્યા કરીએ. કર્મ કરતી વખતે આવો જો અભ્યાસ જીવનમાં કરી શકીએ તો સહજ મળેલાં પ્રાપ્ત કર્મો વિચાર વિના પણ થઈ શકતાં હોય છે. બુદ્ધિની પકડમાં આ ભલે આવી નથી શકતું. તેમ છતાં અભ્યાસ કરવાથી શક્ય છે. આવું મને પોતાને લાગેલું છે.

એવી રીતે અભ્યાસ કરતાં, ઊર્ધ્વની ભૂમિકામાં જતાં જતાં, ભગવાનના આપણે નમ્રમાં નમ્ર એનાં ચરણના દાસ થઈ જઈએ છીએ, ત્યારે એવી જાતનાં કર્મ કરતાં એને વિચારો આવતા નથી.

**સ્વજન :** એ તો છે જ મોટા, જેમ શરૂઆતમાં સાઈકલ ચલાવીએ છીએ, એ કર્મમાં ધ્યાન રહે છે. પછી પ્રૅક્ટિસ થતાં એ ઑટોમૅટિક-(યંત્રવત્) થાય છે. એવી રીતે કર્મ કરતાં પણ જે પ્રૉબ્લૅમ આવે છે, ત્યારે એનો ઉકેલ સૂઝી આવે છે, પણ જ્યારે નવું વિકસાવવાનું કંઈક કરીએ છીએ ત્યારે પ્રૉબ્લૅમ એ થાય છે કે અનેક જાતની એવી બધી મુશ્કેલીઓ ઊભી થાય છે, સંજોગોના હિસાબે.

**શ્રીમોટા :** હવે જુઓ સાહેબ, જો મુશ્કેલીઓ ઊભી ન થઈ હોત તો એ કર્મને વિકસાવવાનું તમારાથી બનત નહિ.

તમે મુશ્કેલીઓનો કઈ રીતે સ્વીકાર કરો છો, એના પર કર્મના વિકાસનો આધાર છે. મુશ્કેલીઓ આવી તો તેને લીધે વિચાર થયા. એથી કર્મનો વિકાસ થાય છે. મુશ્કેલી વિના કર્મનો વિકાસ નહિ થાય. કર્મમાં નક્કરતા ન આવે. મુશ્કેલી આવે છે એટલે કર્મની સભાનતા જીવતીજાગતી પ્રગટે છે. કંઈ પણ કશું આવ્યું, એટલે કયા હેતુથી, કઈ સભાનતાથી સ્વીકાર કરો છો એના પર બહુ મોટો આધાર છે.

મુશ્કેલી એ મુશ્કેલી નથી, પરંતુ એમાં વિચારપૂર્વક ઊંડામાં ઊંડા ઊતરવાનો એક સંજોગ છે, તો જો એમ થાય કે મુશ્કેલી ક્યારેક આડાં ફેલાં ઊભાં કરે છે અને ગૂંચવી મારે છે, તો એનું કારણ આપણે એમાં લેવઈ જઈએ છીએ. મુશ્કેલી આવે છે, તે તરતા રહેવા માટે. એ રીતે તમે મુશ્કેલીનો સ્વીકાર કરી શકો તો મુશ્કેલી એ તમને જ્ઞાનરૂપ બની જશે. તમારાં કર્મના વિસ્તાર માટે, યથાયોગ્યપણે વિકસાવવા માટે, આ મુશ્કેલી હોય છે, પણ એ રીતે આપણે સમજણમાં પ્રગટતાં નહિ હોવાથી, મુશ્કેલી વખતે ગભરામણ અને હેરાનગતિમાં આવીએ છીએ. એટલે આપણી બુદ્ધિ પણ કુંઠિત થઈ જાય છે. એથી આપણામાં હિંમત, સાહસ વગેરે હોવા છતાં, એની યોગ્યતા ઘટતી જાય છે.

પણ મેં કહ્યું તેમ મુશ્કેલીનો સ્વીકાર થાય તો બુદ્ધિનો પણ વિકાસ થાય છે અને ધીરે ધીરે ઊર્ધ્વભૂમિકાની મુશ્કેલીઓને આપણે સ્વીકારીએ, ત્યારે એ મુશ્કેલી 'મુશ્કેલી' નથી, પણ એ ગુણવિકાસમાં-ભાવનાના વિકાસમાં મદદરૂપ-પ્રેરણારૂપ થઈ પડે છે. ભગવાનની એ કૃપાપ્રસાદી છે, એવું અનુભવમાં પ્રગટે છે. એ તો બહુ ઊર્ધ્વ પ્રકારની સમજણ જેના જીવનમાં પ્રગટી

હોય તેવા જ જીવો એ રીતે સ્વીકારી શકે છે.

**સ્વજન :** મોટા, આપે આ કહ્યું એ બરાબર છે. મુશ્કેલીઓ આવે એનો આપણે સામનો કરી શકીએ. આમાં થાય છે શું કે સરકાર જ્યારે ચારેબાજુથી આંતરી લે છે ત્યારે આપણને કામ કરવા માટે જે ઍવન્યૂઝ-(રસ્તા) છે, એ બહુ જ ઓછા ઊઘડે છે. આપણે ઍડ્જસ્ટમેન્ટ-(વ્યવસ્થા) કરવાની હોય એ બધી રીતે કરીએ, પણ અમુક હાથમાં લે છે એનેય પહોંચી વળીએ. એક બાજુ બધા પ્રૉબ્લૅમ સૉલ્વ કરીએ ત્યાં નવો ફણગો ઊભો થાય. ત્યારે આમ તો પ્રયત્ન કરીએ છીએ.

**શ્રીમોટા :** આપણે પ્રયત્ન કર્યા કરવો. એ પ્રયત્ન સફળ ન થાય તો બીજી કોઈ રીતે એનો ઉકેલ કાઢવા બુદ્ધિથી વિચારવું. કંઈ ને કંઈ ઉપાય સૂઝી આવશે, પણ ગમે તેટલી ભારે મુશ્કેલી આવે તો પાણીમાં બેસી જવું નહિ. આ તો કોઈ કહે, 'તમે મોટા, બેઠાં બેઠાં ભાષણ ઠોક્યાં કરો છો.' પણ મારે છસાત માણસોનાં કુટુંબનું ભરણપોષણ કરવાનું હતું. માત્ર પિસ્તાળીસ રૂપિયામાં, તે મારે પણ મુશ્કેલીઓ આવી હશેને ? તો કહે, 'તમારી શી મોટી મુશ્કેલીઓ ? અમારે તો ભારે મુશ્કેલીઓ.'

જો માણસ માને તો ભારે મુશ્કેલી છે અને માને તો કશી જ નથી. કયા હેતુથી એનો સ્વીકાર થાય છે, એના પર બધો આધાર છે. એટલે સંસારમાં રહીને આ જે તે બધું કરેલું છે. મને પણ મારી રીતની મુશ્કેલી ભગવાનની કૃપાથી મળેલી છે. એનો મેં જે રીતે સ્વીકાર કરેલો છે, તેથી જ મારા જીવનમાં વિકાસ થયેલો છે. આપણે એમ વિચારવું કે મુશ્કેલીનો અંત છે.

(અનુષ્ટુપ)

**‘આત્મવિશ્વાસ અંતરે,**

**મથતાં મથતાં અંત આવવાનો જ નિશ્ચયે !’**

મુશ્કેલીની વખતે આપણો આત્મવિશ્વાસ પ્રગટેલો હોવો જોઈએ કે મથતાં મથતાં એનો અંત આવવાનો છે, એ નક્કી જ છે. આ આપણા મનમાં દૃઢ થઈ જાય, એટલે જ્યારે મુશ્કેલી આવે ત્યારે એના જેટલા ઉપાય શક્ય હોય તેટલા આપણે લેવા. ન ઉકેલ આવે તો બીજો રસ્તો લેવો, કેમ કે કર્મ લીધેલું છે, તે અધૂરું તો મૂકી દેવાય નહિ. બીજી જે કોઈ રીતે શક્ય હોય તે રીતે કર્મ કર્યા કરવું. અને ધારો કે આપણને ન સૂઝ્યું, તો એ વિષયના જે કોઈ નિષ્ણાત હોય, આપણા પરિચયમાં આવેલા હોય, એની સલાહ લેવી. પરિચયમાં ન આવ્યા હોય, તો એવા નિષ્ણાત સાથે પત્રવહેવાર કરીને સલાહ લેવી, પણ કોઈ પણ રીતે બેસી ન રહેવું.

જે વાત આપણા હાથની ન હોય, સરકારના હાથની વાત હોય, તો એમાં આપણે વધારે શું કરીએ ? સરકાર જ એવી છે. એ અનેક જાતની મુશ્કેલીઓ ઊભી કરીને પ્રજાના માનસને રંજાડશે.

એટલે મુશ્કેલીમાં માનસિક-બૌદ્ધિક ઉપાયો તો લેવા, પણ એ સાથે તે અંગેની પ્રાર્થના પણ કરવી. તો કોઈને એમ થાય કે ‘આવી બાબતમાં પ્રાર્થના શી ?’ પ્રાર્થના તો કરવી. એ પ્રાર્થના વફાદારીથી-પ્રમાણિકતાથી કરવાથી એનો અમુક અંશ કર્મની સફળતામાં ભાગ ભજવે છે. ભલે કોઈ માને નહિ.

**સ્વજન :** મોટા, પ્રાર્થના કરીને એક કામ કરવા જઈએ

અને એ કામ સફળતાપૂર્વક પાર પડે, તો એ કામ પ્રાર્થનાને લીધે થયું કે એમ ને એમ થયું ?

**શ્રીમોટા :** એવું આપણે વિચારવું નહિ, કારણ કે એમાંય પંચાત પડી જાય. આપણે પ્રાર્થના કરવી ખરી.

આ મને અહીં રાખ્યો છે, ત્યારે હું મારા ભગવાનને પ્રાર્થના કરું છું કે 'એમની સકળ કોઈ પરિસ્થિતિમાં, તું મદદ પ્રેરતો રહેજે. એમની મુશ્કેલીઓમાં, એમનાં સાહસોમાં, એમનાં લીધેલાં કર્મોમાં, એના ઉકેલ કરવામાં, એમને કર્મ કરવામાં નિશ્ચલતા રહ્યા કરે એ માટે હે ભગવાન, તું પ્રેરણા પ્રેરજે.' એમ જુદી જુદી રીતે રોજ પ્રાર્થના કરતો રહું છું. હું બીજી કઈ રીતે આપનું ઋણ અદા કરી શકું ? ઋણ અદા કરવા માટે મારી પાસે આ એક જ ઉપાય છે. એક દિવસ ચૂક્યા વિના હું પ્રાર્થના કરું છું.

ઉપરાંત, આ કામમાં જેટલાં જેટલાંએ મને મદદ કરી છે, મારી સાથે જેમણે ભાવ રાખ્યો છે, એવા પ્રત્યેક જીવો માટે મારી પાસે પ્રાર્થનાનો એકમાત્ર ઉપાય છે. મૂળથી પ્રાર્થનાએ જ મારો વિકાસ કરાવ્યો છે. મારાં લખાણોમાં **'હૃદય પોકાર'** જેવું નમૂનાનું પુસ્તક છે. ઘણી બધી મારી પ્રાર્થનાઓ બીજાં પુસ્તકોમાં છપાયેલી છે. પ્રાર્થના એ મારા જીવનનું આધારભૂત સાધન છે. એ હું કર્યા જ કરું છું. અને મારો ભગવાન જેમાં ને તેમાં પ્રસરેલો છે-જીવંત છે-ચેતનાત્મક છે-એ ક્યારે ફળ આપે છે, એ વિચારવાનું નહિ. મુશ્કેલીમાં જ્યારે નવા નવા વિચાર સ્ફુરે ત્યારે સમજી લેવું કે મુશ્કેલીથી આપણે દબાઈ નથી ગયા. મુશ્કેલી ભલે જતી ના રહી હોય, પણ એના ઉપાયના વિચારો

જો આપણને આવે, પણ એ વિચારો શેખચલ્લી જેવા ન હોય, પણ બરોબર અમલમાં આવી શકે એવા હોય, પણ એ અમલ કરવાનું બીજાના હાથમાં હોવાથી કેટલા પ્રમાણમાં અમલ થાય છે, એ જુદી હકીકત છે, પણ એ વિચારો વર્કેબલ-(આચરણમાં મૂકી શકાય તેવા) છે, એવું હોય તો આપણે સમજી લેવું કે મુશ્કેલીમાં આપણે તરતાં છીએ-લેવાઈ નથી ગયાં-દબાઈ નથી ગયાં. એ નક્કર હકીકત છે.

આપણા માનસમાં કેટલીક એવી મુશ્કેલી રહેલી હોવાથી સબકોન્શ્યસ માઈન્ડમાંથી એના અંગેના ઉકેલ સ્ફુર્યા કરે છે.

તા. ૧૪-૧૨-૧૯૭૪

**સ્વજન :** મોટા, આપને જેટલાં નિમિત્ત મળ્યાં, બધાંને ઊર્ધ્વ તરફ લઈ જવાની...

**શ્રીમોટા :** અનુભવી પુરુષને જો કોઈ મહેચ્છા હોય, અભીપ્સા હોય, તો તે મળેલા જીવોને ઊર્ધ્વ તરફ ગતિ થાય, એ એમના જીવનનું એકમાત્ર કર્તવ્ય છે, પણ દરેક જીવો એ રીતે સ્વીકાર કરી શકતા હોતા નથી, છતાં પણ 'એ'નો પ્રયત્ન એ જાતનો હોય છે. એ જાતે કશું કરતો નથી. એ તો ભગવાનને બધી સોંપણી કરે છે. ભગવાન એનો શેઠ છે. એ તો એનો મુનીમ છે. મારી બાબતમાં હું એ રીતે સ્વીકારું છું. એટલે હું પ્રાર્થના કરી ભગવાનને જે તે સમર્પણ કરું-જે તે બધું, પણ એનું મુખ્ય કર્તવ્ય તો એ છે કે સંસારવહેવારમાં કર્તવ્ય કરતાં કરતાં, કર્મ આચરતાં આચરતાં અને કર્મને પ્રભુપ્રીત્યર્થે સ્વીકારીને, કર્મનાં ગુણશક્તિનો વિકાસ કરવા માટે આ એક ઉત્તમમાં ઉત્તમ 'એ' કર્મ કરતો રહે, ભગવાનની એને

સભાનતા રહે અને કર્મ ભગવાનને એ સમર્પે, એ પ્રકારની પ્રાર્થના જુદા જુદા મળેલા જીવોને માટે કેટલીકવાર થયા કરતી હોય છે. દિવસમાં-રાત્રે સતત એવી પ્રાર્થના તે તે જીવો માટે થયા જ કરતી હોય છે. એમાંથી કેટલું ફળે કે ના ફળે એ વિચારવાનું કામ મારું નથી. મારું કર્તવ્ય મારે આચરવું. મારે ભાગે આવેલ ધર્મ છે, એ મારે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક આચરવો એ જ મારે માટે ઉત્તમ છે, બીજું કશું હું વિચારતો નથી. માત્ર આટલું વિચારું છું કે મારું આ એક કર્તવ્ય છે, જેમ સૂર્ય છે, એને પ્રકાશ આપવાનો ધર્મ અને કર્મ છે. એ ચોવીસે કલાક આપે છે. રાત તો પૃથ્વીના ગોળપણાને લીધે છે. સૂર્યની બુદ્ધિમાં દિવસ અને રાત્રિ નથી. આ સમજણથી સ્વીકારી શકીએ છીએ. એવી રીતે જે જે સત્ય છે, એ ચિરંજીવ-સદાય છે.

સૂર્યના પ્રકાશનું વક્રીભવન થાય છે. એવી રીતે આપણામાં અમુક પ્રકારના જુદા જુદા આકારને લીધે એના-સત્યના-પ્રકાશનું વક્રીભવન થાય છે.

• • •

**શ્રીમોટા :** વેદનામાં આનંદની પરિસ્થિતિ આવે છે ખરી, પણ એ મેં હજી અનુભવી નથી. બીજા કોઈએ અનુભવી છે કે કેમ એ હું જાણતો નથી. રમણ મહર્ષિને મેં જાતે જોયેલા. એમને કૅન્સર થયેલું. એનું ઑપરેશન કરાવેલું. મોઢા પર તેની વેદના સ્પષ્ટ પરખાતી હતી. હું અને નારાયણ સ્વામી બંને એમનાં દર્શન કરવાં ગયેલાં. નારાયણ સ્વામી મને લઈ ગયેલા. રામકૃષ્ણ પરમહંસને પણ વેદના થતી હતી એમ એ કહેતા હતા. ગળામાં કૅન્સર થયેલું, છતાં એ બોલ્યા કરતા હતા ખરા. વિવેકાનંદ,

શારદાનંદ અને બ્રહ્માનંદ વગેરે ના પાડતા હતા. તોય બોલ્યા કરતા હતા. કોઈને સમજાય નહિ એવું બોલતા હતા.

• • •

**શ્રીમોટા :** ‘એકમાત્ર ચેતન જ શાશ્વત છે, બાકીનું જે કંઈ દેખાય છે, એ નાશવંત છે.’ એમ આપણે બુદ્ધિથી બોલીએ ખરાં, પણ એની ખરેખરી ચોટ આપણને લાગતી નથી. મૃત્યુના અનુભવની જરૂર એટલા માટે છે. ભલે આપણે આ શરીરને બુદ્ધિથી નાશવંત માનીએ, પણ મૃત્યુથી આપણને એટલો સજ્જડ અનુભવ થાય છે, ત્યારે જ આપણને ચોંટે છે. દા.ત., આપણે પૈસાની કિંમત જે અત્યારે આંકીએ અને જો પૈસા બિલકુલ ના હોય ત્યારે આંકીએ, પૈસામાં કંઈ ફરક નથી, પરંતુ આપણી પોતાની સ્થિતિમાં ફરક હોવાથી આપણને એ લાગે છે, એ કાયમ રહે છે. સ્થિતિ બદલાય છે. બદલાતી સ્થિતિને લીધે પૈસાની કિંમત જુદી જુદી સમજાય છે. તેવી રીતે ચેતન એનું એ જ છે, પણ અમુક પરિસ્થિતિમાં એ જુદું જુદું લાગે. આપણી અજ્ઞાનની સ્થિતિમાં જુદું લાગે. પછી જ્ઞાનના જુદા જુદા તબક્કાઓમાં તથા જ્ઞાનની સ્થિતિમાં જુદું લાગે. છે એકનું એક જ. તમારી ભૂમિકા પર આધાર છે.

બુદ્ધિથી ગમે તેટલું વિચારેલું હોય, પણ એ પકડમાં નહિ રહે. વખત આવ્યે ઊડી જશે-રૂની પેઠે, પણ એક વખત મૃત્યુનો અનુભવ પાકો ખરેખરો થયો, ત્યારે આ બધી આગળ પડતી રિઆલિટી દેખાય છે, એ ચેતનની અપેક્ષાએ રિઆલિટી નથી. ચેતન એ જ સાચું છે. એ તે વખતે જે અનુભવ થાય છે એવો

અનુભવ બીજો કશો હોતો નથી. બુદ્ધિ કે ભાવથી ગમે તેટલું વિચારાય તોય એની પકડ ન આવે.

મૃત્યુનો અનુભવ-શ્રેયાર્થીને-મુમુક્ષુને-જરૂરનો ખરો. મૃત્યુ આવીને ઊભું રહે છે, ત્યારે આપણામાંથી જે આર્તનાદ પ્રગટે, ત્યારે એકદમ બૂમ પાડી ઊઠીએ. આપણે તે વખતે જે બૂમ પાડીએ-પોકારીએ-એ પોકાર પણ કોઈ જુદા પ્રકારનો છે. અત્યારે આપણે ભાવનાની સ્થિતિમાં કે કોઈ બીજી ઉચ્ચ સ્થિતિમાં પોકાર પાડીએ અને આ વખતે જે પોકાર પડે એ બે વચ્ચે આસમાન જમીનનો ફરક છે. તે વખતે આપણને જે અનુભવ થાય તે પછી કાયમનો રહી જાય છે. મૃત્યુનો અનુભવ આપણામાં એક પ્રકારની રિઆલિટી પ્રગટાવવા માટેનો હોય છે. મને પોતાને એમ લાગેલું.

વિકાસ થવા માટે અથવા ચેતનના અનુભવને માટે મૃત્યુનો અનુભવ જરૂરનો ખરો. રમણ મહર્ષિને મૃત્યુનો અનુભવ થયેલો, એમ એમણે કહેલું છે.

તા. ૨૮-૧-૧૯૭૫

**સ્વજન :** શૂન્યાવસ્થામાં બ્લિસ-(આનંદ)ની અવેરનેસ-(સભાનતા) હોય ?

**શ્રીમોટા :** આનંદની અવેરનેસ બહુ ઓછા પ્રમાણમાં રહે છે. શૂન્યાવસ્થા મેં અનુભવી નથી. આ તો હાલમાં મારા અનુભવની સ્થિતિ પરથી કહું છું કે ક્યારે કંઈ કશામાં એને એક્ઝિસ્ટન્સ-(હોવાપણું) નથી. એ હોવા છતાં નથી. એવો અનુભવ શૂન્યત્વમાં થાય. એવો અનુભવ અત્યારના અનુભવમાં નથી આવી શકતો. એ માત્ર શૂન્યત્વમાં જ આવે.

આમ, તમે મારી સાથે ઊભા રહીને વાત કરતા હોવ અને ક્ષણમાં ત્યાં ના હોવ. ક્યાંના ક્યાંય ચાલ્યા ગયા હોવ અને ક્ષણમાં પાછા આવો. ત્યાં સુધી અનુભવની સ્થિતિ છે. તેને જ્યાં જવાનું હોય ત્યાં જાય. એ મેં અનુભવ્યું છે, પણ આ શૂન્યત્વની સ્થિતિ મેં અનુભવી નથી. એક વખત અનુભવાય તો શૂન્યત્વ વિશે થોડું ઘણું પણ બુદ્ધિથી સમજાવી શકાય ખરું. અત્યારે હું શૂન્યત્વ પર બોલ્યો તો ખરો, પણ માત્ર મારા અનુભવના અનુમાન ઉપરથી બોલ્યો છું, કારણ કે આપણે સંપૂર્ણ હોવા છતાં સંપૂર્ણ નથી. આવી સ્થિતિ બહુ ઓછા લોકોની હોય છે.

પુરુષ હોય કે સ્ત્રી હોય, જ્યારે એ અનુભવની સ્થિતિમાં આવે છે ત્યારે એ પુરુષ કે સ્ત્રી નથી. તેથી કરીને એનો આકાર બદલાઈ જાય છે તેમ નથી, પણ ખરેખર અનુભવની સ્થિતિમાં સ્ત્રીપણું નથી હોતું અને પુરુષપણું પણ નથી હોતું, પણ જગત એને એ રીતે સ્વીકારી નહિ શકે.

મારા ગુરુમહારાજ પાસે એક જણ આવેલો. બાર વર્ષ સુધી તપશ્ચર્યા કરીને આવેલો. યોગ સાધીને આવેલો, પણ મેં પ્રત્યક્ષ જોયેલું કે નિર્વિકારના પ્રયોગની એની હિંમત જ ના ચાલી. અનુભવી પુરુષ હોય અને તે ગમે તેવી સ્થિતિમાં હોય એને વિકાર કદી ના મળે.

**સ્વજન :** (સુરેશભાઈ) મોટા, આપે કહ્યું કે અનુભવી હોય એને વિકાર ન જાગે. વિકારનો અંગ્રેજી શબ્દ 'સેક્સ' છે. તે શું સેક્સ બદલાય ?

**શ્રીમોટા :** એનો અર્થ એમ નહિ કે પુરુષ હોય તે સ્ત્રી

થાય એને સ્ત્રી હોય તે પુરુષ થાય ! પુરુષ, પુરુષ જ રહે અને સ્ત્રી, સ્ત્રી જ રહે. માત્ર એનામાં કંઈ વિકાર ન થાય.

**સ્વજન :** સાથે સાથે એને એવી અવેરનેસ-(સભાનતા) જાગે તો....

**શ્રીમોટા :** એને એની અવેરનેસ જાગી જાય તો કોઈ એક કેંદ્રમાં એને અનુભવની સ્થિતિમાં નૉન-એગ્ઝિસ્ટન્સ જેવું લાગે. ટાઈમ-(કાળ)ના વાતાવરણમાં એ હોવા છતાં એવી રીતે એ વિચારતો હોતો નથી. આમ તો બધું કાળ પ્રમાણે બોલ્યા ચાલ્યા કરે, પણ તેમની આંતરિક સ્થિતિ આવા પ્રકારની થઈ ગઈ હોય છે.

આપણે વેપાર કરતાં હોઈએ, ઉદ્યોગ કરતાં હોઈએ-આપણને રોજબરોજનો અનુભવ હોય એટલે કોઈ પ્રૉબ્લૅમ-(કોયડો) આવે તો આપણે સૉલ્વ-(ઉકેલ) કરી દઈએ છીએ, એ રોજબરોજનો આપણો અનુભવ છે. અનુભવની સ્થિતિમાં સ્થળ, કાળ, સંજોગ, પરિણામ એવું કંઈ હોતું નથી. એટલે વિચાર કરતી વખતે આવી કોઈ ભૂમિકા હોતી નથી. એને શરીર છે એટલે કાળ છે, સ્થળ છે, પરિણામ પણ છે, આ બધું જ છે. શરીર છે, એટલે એ શરીરની રીતે વહેવારમાં વર્તે છે, પણ એના વર્તનમાં ગૂઢતા હોય છે-મિસ્ટિસિઝમ હોય છે. એનું મિસ્ટિસિઝમ-(ગૂઢતા) સમજનારા બહુ થોડા હોય છે. એ ખાય છે, પીવે છે, પણ એનું મિસ્ટિસિઝમ હોય છે. એને કોઈક જ પારખી શકે છે. આ મિસ્ટિસિઝમ એનામાં બોલતું ચાલતું થઈ ગયેલું હોય છે. એટલે કોઈ ને કોઈ રીતે એના વડે પ્રગટ થાય ખરું, પણ કોઈ હીરાનો પારખું ઝવેરી જેમ હીરાને પારખે એમ એવો કોઈ પારખું માણસ આ મિસ્ટિસિઝમને પારખી શકે.

**સ્વજન :** મોટા, આવાને પારખવાની સમજણ એટલે કે-

**શ્રીમોટા :** સામાન્ય પ્રકારની સમજણ જે પેસી ગયેલી છે, એ ટ્રાન્સફૉર્મ-(રૂપાંતર) થાય છે, પણ એની મેળે ટ્રાન્સફૉર્મ થાય એવી સમજણ હોતી નથી. જે સમજણ પ્રકૃતિની સાથે ચોંટેલી છે. એ એક સ્થિતિમાંથી ચસવા દેતી નથી, કારણ કે પ્રકૃતિની અંદર બે તત્ત્વો છે. જળ અને પૃથ્વી. એ તેની સ્થિતિમાંથી ચસવા ના દે. આકાશ બદલાય છે. એ બદલાવાની તરફેણમાં છે. પછી તેજ અને વા પણ એ કરી શકે છે. બદલાવાની એની તૈયારી છે, પણ જળ અને પૃથ્વીતત્ત્વની બદલાવાની બિલકુલ તૈયારી નહિ. એ તો જેમ છે તેમ જ આપણને બરોબર પકડી રાખે.

તા. ૨૦-૧૦-૧૦૭૪

❑

# (૧૫) અનુભવીનું વ્યક્તત્વ

**સ્વજન :** રાતના આ શરીરમાંથી નીકળીને જે સૂક્ષ્મ શરીર બહાર જાય, એ પર્પઝલી-(હેતુપૂર્વક) કરવું હોય તો-

**શ્રીમોટા :** હેતુપૂર્વક એ ક્રિયા બહુ ઊંચી અનુભવની સ્થિતિ પર પહોંચ્યા વિના શક્ય જ નહિ, એ તો એની મેળે જાય છે. એવું નિમિત્ત હોય તો જ થાય છે. એને જવાની જરૂર નહિ, એ પોતે એને હાજર કરી દે. કોઈક વખત જાય.

**સ્વજન :** એને જે બોલાવે તે ઈમેજિનેશન-(કલ્પના)થી ડ્રૉ-(આલેખ) કરી લે ?

**શ્રીમોટા :** ના, ઈમેજિનેશન તો એને હોય જ નહિ. કલ્પના તો જીવદશામાં હોય. ત્યાં તો તાદૃશ્યતા-રિઆલિટી છે. એ તો દેહ સાથે પણ જઈ શકે છે. વળી, ‘એટ-એ ટાઈમ’-(તત્ક્ષણે) ઘણે ઠેકાણે હોય. મને પહેલવહેલો બાળયોગીજીનો અનુભવ થયો. ત્યારે હું તો આંખો ચોળું અને વિચારું કે ‘આ તે ક્યાંથી હોય ?’ ત્યારે એ પોતે બોલ્યા. ‘યહાં જૈસા શબ પડા હૈ, વૈસા મૈં હૂં. મૈં તો તુઝે જગાને કે લિયે આયા હૂં.’ એ વખતે હું બહુ ચિંતામાં હતો.હરિજન સેવક સંઘમાં પૈસા ન હતા. પગારો ચૂકવવાના અને બીજું કામ. એટલે મહાપંચાતમાં હતો.

**સ્વજન :** એ વખતે બાળયોગીજી પ્રત્યક્ષ થયેલા ?

**શ્રીમોટા :** હા, એમણે આંગળીથી ગોળ કૂંડાળું કરીને બતાવ્યું અને પછી કહેલું કે ‘આખા જગતને કોણ તારો બાપ ખવડાવે છે ?’ બાળયોગીજી એમ કહે, ‘તને સોંપી દેતાં તો આવડતું નથી.’ પછી આપણે નિશ્ચય કર્યો કે જે થવાનું હોય

તે થશે. આપણે આનો વિચાર બંધ કરો.

**સ્વજન :** બાળયોગીજી આપને દેખાયા, તે વખતે એ હયાત હતા ?

**શ્રીમોટા :** ના, એમનો દેહવિલય થયો હતો. છતાં પ્રત્યક્ષ એ જ સ્વરૂપે આવેલા. આટલું બધું કહ્યું છતાં પણ બુદ્ધિ માનવા તૈયાર નહિ.

**સ્વજન :** મોટા, આપણને કોઈ કોયડા આવે તો ભગવાનને સમર્પણ કરીએ, પણ એના ઉકેલ માટે તો મથવું તો રહ્યું જને ?

**શ્રીમોટા :** હા, મથતા રહેવું. મથવું ખરું, પણ ચિંતા છોડી દેવાની. ચિંતા થાય તો સોંપ્યું ન કહેવાય. ચિંતા ન થાય તો એ સોંપ્યું કહેવાય. મથવાનો વિચાર આવે, પણ નિશ્ચિંતતા થાય. ચિંતામાં મથવાનું આવે અને નિશ્ચિંતતામાં મથાય એ બે મથવામાં ફરક છે.

**સ્વજન :** આપ ચિંતામાં હતા ત્યારે બાળયોગીજીએ દર્શન દીધાં અને કહ્યું કે 'ભગવાન બધું કરનારો છે' એ જે આવ્યા તે પૂર્વે આપના મનમાં પ્રાર્થનાભાવ હશે ?

**શ્રીમોટા :** ના, પ્રાર્થનાભાવ બિલકુલ નહિ, પણ એને મારી એટલી દરકાર. રોજ મારા પર આશ્રમના, નિશાળના કાગળો આવે કે દાણા નથી, પૈસા નથી. એટલે મને એમ થાય કે આ લોકોને કેટલી તકલીફ છે ! હરિજનની સંસ્થા હોય, સામાન્ય માણસો કામ કરનારા હોય, એને કોણ ધીરે ? હું ઘણું લખું કે પૈસા ઉછીના લઈને કામ પાર કરો, પણ નિશાળના માસ્તરને કે આશ્રમના કાર્યકરને કોણ પૈસા આપે ? એટલે મને બહુ ચિંતા થાય. મેં ઠક્કરબાપાને કહેલું કે 'નહિ બને

આ.' એમણે કહેલું કે 'મને તારા પર વિશ્વાસ છે. તું ભગવાનની ભક્તિ કરે છે, તે તારાથી એ ટટ્ટુ ચાલશે. બધા અત્યારે જેલમાં છે. કોઈ ચલાવી શકે એમ છે નહિ. માટે, તને સોંપવું પડે એમ છે !'

**સ્વજન :** એ તો હું સમજ્યો મોટા, પણ બાળયોગીજી છે એમની પર્સનાલિટી-(પ્રભાવ) રહેલી તે પર્સનાલિટી કન્ટિન્યુ-(સતત) રહેલી જેથી એમના શિષ્યો સાથે લિંક-(સાંકળ) રહ્યા કરે. એટલે આવી મુશ્કેલીમાં એ હાજર થઈ જાય ?

**શ્રીમોટા :** મને ચિંતા થવા લાગી. એટલે મારો ભાવ કમ-(ઓછો) થવા લાગ્યો. ચિંતા એટલે કે 'આ બધા માણસો શું કરશે, બિચારા? મારાથી કંઈ થઈ શકતું નથી. હું કેવી રીતે મોકલું? મારી પાસે પણ પૈસા નથી.' એમ કર્યા કરું. એને લીધે ભાવની ગાઢતા કમી થઈ. મને લાગ્યું કે 'સાલું, આ બરોબર નથી. કરવું શું ?' એટલા માટે મેં કંઈ એવી પ્રાર્થના નહિ કરેલી કે 'ભગવાન, તું છતો થા અને મને ઉપાય બતાવ.' પણ મારા પર એટલો બધો પ્રેમભાવ તે પોતે છતા થયા. મારી એટલી એમને દરકાર હતી. એમણે જુસ્સાથી કહેલું કે 'આખી પૃથ્વીને કોણ તારો બાપ ખવડાવે છે ? ભગવાનને સોંપી દેતાં તો આવડતું નથી !'

**સ્વજન :** એટલે મોટા, આ પર્સનાલિટી અનંત કાળ સુધી રહ્યા કરે ?

**શ્રીમોટા :** અનંતકાળ સુધી તો ના રહે. પછીથી એનું શરીર જીવતું હોય એ દરમિયાન મારા જેવા પાંચદસ માણસો જે પ્રેમભક્તિથી સંકળાયેલા હોય, તેની લિંક-(જોડાણ) એમની

પાસે હોય, ત્યાં સુધી એમનું અસ્તિત્વ ખરું. પછી ખલાસ થઈ જાય. ભળેલું હોવા છતાં નોખું. પૃથ્વી સૂર્ય સાથે જોડાયેલી છે, છતાં લાગે છે નોખી. એવી રીતે એ ભળેલો હોય છતાં નોખો. ચેતનની સાથે સંપૂર્ણપણે એક થયેલા છતાં એની પર્સનાલિટી જુદી જુદી શા માટે ? તો કહે આવી રીતે જે ભક્તિથી સંકળાયેલા જીવો હોય, ભક્તિથી એટલે જેવી તેવી નહિ, પણ ખરેખરી લગનવાળી અખંડાકાર. તેવાની પાસે આવે. એમના પરત્વેના ભાવની ગાઢતામાં કમી આવી, એવું મને લાગ્યું ત્યારે એ પ્રત્યક્ષ થયા અને એમણે જે કહ્યું એ કહેવાથી એમણે મારામાં જે ભાવનું સેવન કર્યું, જે ભાવ રેડ્યો, તેનાથી હું ટટાર થઈ ગયો. પછી સોંપી દીધું. નવસારીમાં હું તદ્દન અજાણ્યો. માત્ર એકબે બૅંકમાં મેં પૈસા ધીરવા પૂછેલું. ત્યારે એમણે કહેલું કે 'તમારી કાર્યવાહક સમિતિનો ઠરાવ જોઈએ.' તે વખતે એ થઈ શકે એમ ન હતું. બધા જેલમાં હતા. હું પાછો હરિજન સેવક સંઘનો સભાસદ ન હતો, મેં કહેલું કે 'મારે હરિજનોનું ચિંતવન કરવું નથી. મારે તો ભગવાનનું ચિંતવન કરવું છે. એટલે હું સભાસદ તરીકે નહિ રહી શકું.'

**સ્વજન : 'ભાવ'** પર આપે નાની પુસ્તિકા લખી છે, પણ ભાવ એટલે ?

**શ્રીમોટા :** ગુજરાતી ભાષામાં ભાવનો સામાન્ય અર્થ કરીએ કે જેમાં સંસારનો, વહેવારનો, બીજી કોઈ પણ પ્રવૃત્તિનો, કામ, ક્રોધ, લોભ, મોહ, રાગદ્વેષ, ચિંતા-ફિકર કંઈ કશું નથી. માત્ર ભગવાન પ્રત્યેનું આકર્ષણ છે. અને એને લીધે એની સાથે જોડાયેલાં, સંકળાયેલાં રહ્યા કરીએ છીએ. એવી

ઊર્ધ્વ પ્રકારની લાગણીને ભાવ કહી શકાય.

ઊર્ધ્વ પ્રકારની એટલે ચેતન પરત્વે સંકળાવનારી લાગણી તે ભાવ.

**સ્વજન :** તો આપને આવી લાગણી ઘટવા માંડેલી ? ચિંતા થયેલી ?

**શ્રીમોટા :** ના, આમ ચિંતા જેવું નહિ, 'પણ આ પૈસા નથી', એવો વિચાર રહ્યા કરતો હતો. 'આ છોકરાંઓને ખવડાવવું શું ?' કોઈક લખે છે કે ખાવાનું પાંચ દિવસ ચાલે એટલું છે. કોઈક નિશાળમાંથી પગાર ન મળ્યો એટલે શિક્ષકો જતા રહ્યા. આને લીધે ભાવની ગાઢતા ઓછી થવા લાગેલી.

ભાવની જે લાગણી છે, એ આપણે કંઈ પણ કરતાં હોઈએ તોય બૅકગ્રાઉંડમાં રહ્યા કરે. ઘણી વખત હું છોકરાંઓને ભણાવતો હોઉં, પાઠમાં કંઈક સારું આવે, એવું કંઈ દશ્ય દેખું, આંબાને કે રાયણને મોર ખીલેલા દેખું, પુષ્પ ખીલેલાં દેખું, તોય મને ભાવસમાધિ થઈ જતી. છોકરાંઓ ગભરાય તે હેમંતભાઈને બોલાવી લાવે. હેમંતભાઈ જાણતા ખરા કે આવું થાય છે. તેથી, મારા વિદ્યાર્થીઓના અભ્યાસમાં કશું કાચું ન પડે.

**સ્વજન :** મોર જુઓ એટલે પહેલું શું થાય ?

**શ્રીમોટા :** મોર ખીલેલો, ફૂલ ખીલેલાં જોઉં એટલે એમ થાય છે કે આ અંદર જે ચેતન છે, એની આ વ્યક્તતા છે. ચેતન હોય તો જ આમ થાયને ! એટલે એના તરફ લાગણી ઉત્તેજિત થઈ જાય. ખરી રીતે તો એય બરોબર નહિ. **'સાધો સહજ સમાધ ભલી'**-કબીરનું આવું એક પદ છે. ખાતાં, પીતાં,

ઊઠતાં બેસતાં બધું કરતાં, એ હરિ પરત્વે ભાવ આપણામાં વહેતો હોય.

**સ્વજન :** એ બરોબર સમજ ના પડી.

**શ્રીમોટા :** સકળ કંઈ કરતાં કરતાં ભગવાન પરત્વેનો ભાવ સતત, અસ્ખલિત વહેતો રહ્યા કરે, એ ભાવસમાધિ ઉત્તમ. બહારનું જ્ઞાન રહે છતાં ભાવમાં રહેવાય, જ્યારે પેલામાં તો બહારનું જ્ઞાન જતું રહે. માત્ર ભાવમાં જ રહેવાય, એ બરોબર નહિ.

**સ્વજન :** મોટા, શબ્દ અને વિચારને સંબંધ ખરો ?

**શ્રીમોટા :** શબ્દનું મૂળ વિચાર. વિચારને લીધે શબ્દનું અસ્તિત્વ છે. શબ્દ પર મેં **'શ્રીસદ્‌ગુરુ'**માં બહુ લખ્યું છે.

**સ્વજન :** મોટા, આપણા શરીરમાં 'સેલ'-(કોષ) હોય છે. એની અંદર કેંદ્ર હોય છે. હવે પૃથ્વીનું કેંદ્ર સૂર્ય હોય તો એ અંદરનું હોવું જોઈએને ? આપણને આમ બહાર હોય એમ લાગે છે.

**શ્રીમોટા :** સૂર્યની સાથે પૃથ્વી સંકળાયેલી છે. આપણા સેલ-(કોષ) એના મધ્યભાગમાં કેંદ્ર છે, પણ આ બેની સરખામણી નહિ થઈ શકે, કારણ કે શરીરમાં 'સેલ' રોમે રોમે છે. સેલથી શરીર બનેલું છે. પ્રત્યેક સેલનું શરીરનાં તત્ત્વ પરત્વેનું આકર્ષણ છે. એને લીધે 'સેલ' જીવતું છે. એ રીતે પૃથ્વી અને સૂર્યનો મેળ બેસે.

પૃથ્વીમાં સૂર્યની ગરમીનો વિચાર કરીએ તો પૃથ્વીના પેટાળમાં અત્યંત ગરમી છે. એ રીતે સેલ અને પૃથ્વી સાથે સંબંધ બેસાડાય એવું છે.

**સ્વજન :** મોટા, આ મૉરાલિટી-(નૈતિકતા) સંસ્કારને લીધે છે ?

**શ્રીમોટા :** 'મૉરાલિટી' દ્વંદ્વનાં ક્ષેત્રમાં આવી જાય છે. પ્રકૃતિનાં ક્ષેત્રમાં આવી જાય છે. ચેતનમાં મૉરાલિટી જેવું છે નહિ. લોકો આરોપે ખરા, પણ ત્યાં નીતિ અનીતિ જેવું નથી. એથી અનીતિમાન છે એવું નહિ માનવાનું. ચેતન ઉદ્‌ભવેલું એવા જીવમાં સંસારવહેવારના અથવા તો પ્રકૃતિ ક્ષેત્રનાં લક્ષણો, ધર્મો નથી, કારણ કે અમુક ધોરણથી વર્તે એવું ધોરણ નથી. ધોરણ હોય તો ચેતનનું છે. ચેતનનું ધોરણ પ્રકૃતિથી નક્કી નહિ થઈ શકે. એટલે એવા લોકો વિશે ઘણીવાર ગેરસમજ થાય છે. તમારી પ્રકૃતિની સમજણ પ્રમાણે એ વર્તે એવું બંધારણ એનું હોતું નથી.

જીવદશાની અંદર આપણે હોઈએ ત્યારે જે યોગ્ય પ્રકારનાં મૂલ્યાંકનો બરોબર છે, પણ એ જ મૂલ્યાંકન પ્રમાણે પેલો વર્તે એવો કોઈ નિયમ નથી. એથી એ ધોરણોનો ઉચ્છેદ કરે છે એવું નથી. માત્ર એ ધોરણો પ્રમાણે વર્તતો નથી. એથી આપણી સમજથી માપવો નહિ. જીવદશામાં હોઈએ તોય બીજા જીવને માપવાનો પ્રયત્ન ના કરવો. સંસારવહેવારમાં વર્તતાં આપણી જાતને માપો. આપણી જાતને શોધો. આપણી જાતમાં જે કાંઈ હોય, તેને જોયા કરો અને યોગ્ય લાગે એને મઠારો જ, પણ માણસ હંમેશાં પોતાના કરતાં બીજાને વિશે જ વધારે વિચારતો હોય છે.

તા. ૧૩-૩-૧૯૭૫

❑

# (૧૬) અનુભવનું પૃથક્કરણ

**સ્વજન :** મોટા, સૂક્ષ્મ શરીરમાં જવાનું છે, એ સાધનામાં સ્વયં અનુભવ થાય કે ?

**શ્રીમોટા :** સ્વયં અનુભવ થાય. બારમી ભૂમિકા વટાવ્યા પછી સૂક્ષ્મ શરીરનો અનુભવ થાય છે, પણ ત્યાં સુધી પતનને અવકાશ છે. સામાન્ય જીવો છીએ એ ચોથી પાંચમી ભૂમિકામાં રહ્યા કરીએ છીએ. પહેલી ભૂમિકામાં જઈએ નહિ, પણ પેલો જે જીવ છે, એ જીવ બારમી સુધી પહોંચ્યો હોય તો છેક પહેલી ભૂમિકા સુધી આવી જાય, પણ એને જાગ્રત થતાં વાર ન લાગે. પછી હતો ત્યાં ને ત્યાં, આમ કેટલીય વાર એની ચડઊતર થાય છે. તેરમી ભૂમિકામાં આવ્યા પછી પતન નથી. તેરમી ભૂમિકામાં જુદા જુદા ઊર્ધ્વ પ્રકારના તબક્કાઓ આવે છે. ચૌદમી ભૂમિકામાં પુરુષોત્તમ યોગ-સંપૂર્ણતાની સ્થિતિમાં એનો અનુભવ છે. અત્યારે મનુષ્યશરીરને લીધે જળ અને પૃથ્વીતત્ત્વ છે. એને લીધે આપણે ખાઈ શકીએ છીએ. ભોગ ભોગવી શકીએ છીએ, એકબીજાને નક્કરપણે અનુભવીએ છીએ. તેવી રીતે જ્ઞાનને પણ સાકારરૂપે આપણે અનુભવી શકીએ છીએ, પણ બીજું એ છે કે એમાં ચેતનનો અનુભવ સંપૂર્ણ નહિ થાય, જળ અને પૃથ્વીતત્ત્વને લીધે. આગળ જતાં જતાં જ્ઞાનમાં જળ અને પૃથ્વીતત્ત્વ ઓછાં થઈ જાય છે. તોપણ એને પૂરેપૂરો ચેતનનો અનુભવ થતો નથી. એટલે ખરેખરો અનુભવી પુરુષ છે, એ પાંચ તત્ત્વમાં હોવા છતાં ઘણું ખરું આકાશતત્ત્વમાં જ રહેતો હોય છે. આકાશતત્ત્વમાં સંપૂર્ણ

અનુભવની સ્થિતિ છે. આકાશતત્ત્વ મોખરે ન રહે ત્યાં સુધી ચેતનના અનુભવની શક્યતા નહિ.

દ્વંદ્વાતીત કે ગુણાતીત થાય એટલે સત્ત્વ, રજસ અને તમસથી દૂર જવાય. એટલે ગુણનો આશ્રય ન હોય. કેટલાકનો અનુભવ ગુણના આશ્રયને લીધે થાય છે. ત્રણેય ગુણો હોવા છતાં એનો આશ્રય નથી, એવી સ્થિતિ થાય ત્યારે ગુણાતીત. એ આશરો ભલે લેતા ન હોઈએ, તેમ છતાં આકાશતત્ત્વ પ્રિડૉમિનન્ટ-(પ્રબળ) રહે છે. સત્ત્વગુણમાં આકાશતત્ત્વ ખીલે છે, પણ ગુણાતીત થાય, ગુણ હોવા છતાં ગુણનો આશ્રય નથી. ગુણના આશ્રય વિના એને અનુભવ થાય છે. એટલે પ્રકૃતિમાં હોવા છતાં પ્રકૃતિથી મુક્ત છે. પ્રકૃતિથી પર છે.

જળ અને પૃથ્વીતત્ત્વનો ઈમ્પૅક્ટ-(અથડામણ) જેમ જેમ ઓછો થતો જાય તેમ તેમ એની ભૂખ, તરસ જેવી સૂક્ષ્મ ડીમાન્ડ-(માગણી) ઓછી થાય. ઘણા દિવસ સુધી એને ખાધાપીધા વિના ચાલી શકે. ખાવામાં રસનો ભાગ છે, એ પ્રાણતત્ત્વને લીધે છે.

**સ્વજન :** દૂધ એ બીજા બધા ખોરાક કરતાં વધારે સારું એટલા માટે ગણ્યું હશે ?

**શ્રીમોટા :** ના, દૂધ જ લે એવું નથી. અનુભવી-દ્વંદ્વાતીત-ગુણાતીત થાય ત્યારે બધી ઇંદ્રિયો છે, એ જ્યાં જ્યાં નિમિત્ત હોય ત્યાં ત્યાં પ્રવેશને માટે છે. ઇંદ્રિયોનાં પ્રત્યેક કાર્ય નિમિત્તમાં પ્રવેશી કર્મ કરવા માટે છે. એનું સ્થૂળપણું દેખાય તે સ્થૂળ નથી હોતું. એનું ખાવું, પીવું, બોલવું, ચાલવું-લાગે બધું સ્થૂળ,

પણ ખરેખર એ એવું હોતું નથી. આપણું જેવું હોય છે, એવું સ્થૂળ પણ હોતું નથી.

આખરે આપણે એને માન્યો કે પ્રકૃતિથી મુક્ત છે, તો સર્વ પ્રકારનું કર્મ પ્રકૃતિ પ્રકારનું ન હોય. બધી જ ઇંદ્રિયોનું તથા મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ કે કોઈ પણ જાતનું કર્મ સ્થૂળ ન હોય. આપણા જેવું લાગતું હોવા છતાં એવું ન હોય, સૂક્ષ્મ હોય. એટલે જ કહ્યું કે એને સમજવો દુર્લભ છે.

સામાન્ય માણસને આપણે સમગ્રતાથી સમજી શકતાં નથી, તો પછી પેલાને તો સમજી જ કેવી રીતે શકાય ? માટે, સમજવાનું છોડી દો. એની સોબત રાખો. દિલથી દિલનો સંબંધ રાખો. એ આપણા માટે ઉત્તમ છે.

**સ્વજન :** સમજવા તો પોતાને જ પ્રયત્ન કરવા જેવો છે.

**શ્રીમોટા :** હા, બસ પોતાને જ સમજવા પ્રયત્ન કરવો.

તા. ૧૩-૩-૧૯૭૫

❑

# (૧૭) નિમિત્ત વિશે

જીવદશાનું નિમિત્ત હોય છે. પ્રકૃતિના કામક્રોધાદિનું નિમિત્ત હોય છે, પણ કારણના સ્વરૂપનું નિમિત્ત થવા કાજે એનો અખંડાકાર એકધારા તૂટ્યા વિનાના એવા ભાવનું જીવતું-જાગતું ચેતનાત્મક એની ભૂમિકામાં પ્રગટેલું હોવું જોઈએ, એ અગત્યનું-મહત્ત્વનું છે.

'ભાવનું ભાવથી ભાવે'-એટલા માટે મેં ભગવાનની કૃપાથી ભાવનું સેવન કર્યા કર્યું. શી રીતે ? 'ભાવથી' અને 'ભાવે' એટલે ભાવમાં રહ્યા કરીને 'ભાવથી ભાવનું સેવન કર્યા કર્યું, ત્યાર પછી આ થાય.'

*'પ્રસાદી તે કૃપાની છે, પારાવાર હરિતણી !*
*નાહવાનું ભાવમાં પ્રાપ્ત થયું સદ્‌ભાગ્ય શું વળી !'*

આવું મેં કર્યું. આમાં 'હુંપણું' આવી જાય છે. ત્યારબાદ એવી હરિની કૃપાથી આ થયું છે. અને ભાવમાં નાહવાનું પ્રાપ્ત થયું એ મોટું સદ્‌ભાગ્ય.

*'વર્તમાન અને ભૂત, નિમિત્તે તો રહેલ છે,*
*ભવિષ્ય થતું નિર્માણ, જીવે કેવું નિમિત્ત તે !'*

તમે નિમિત્ત સાથે કેવી રીતે જીવો છો, એના આધારે તમે ભવિષ્ય જન્માવી શકો છો.

*'સ્પષ્ટ દર્શન નિમિત્તે જેને થતું રહે હૃદે,*
*એવો જ એકલો માત્ર, પ્રેરે ભાવ નિમિત્તને.'*

એના હૃદયમાં સ્પષ્ટ દર્શન થાય છે કે આ શેને માટે છે. આખી પરંપરાનું જ્ઞાન જેને પ્રાપ્ત થઈ જાય છે, આવો જે 'એકલો' છે, એ ભાવમાં નિમિત્તને પ્રેરે છે. બાકી, બીજા નહિ.

જેમ લાકડું પાણીના પ્રવાહમાં તણાયાં જાય, એમ બધાં નિમિત્તના પ્રવાહમાં તણાતાં જતાં હોય છે. સ્વતંત્રપણે નિમિત્તમાં રહી શકતાં નિમિત્તમાં ભાવ પ્રેરાવી શકતાં નથી. જેને 'નિમિત્ત'માં સ્પષ્ટ દર્શન થતું રહે છે, એવો જ માત્ર 'નિમિત્ત'ને ભાવ પ્રેરે છે. 'નિમિત્ત' એનું હથિયાર બને છે. પોતે એનો સ્વામી છે. 'નિમિત્ત' એનું મિડિયમ-(માધ્યમ) બને છે. એ અનુભવી થયો. એને શરીર છે, પ્રકૃતિ છે. એટલે પ્રકૃતિ પ્રકારનાં નિમિત્તો પણ મળવાનાં. પ્રકૃતિ પ્રકારનાં નિમિત્તો મળે ત્યારે તે વખતે આવો સમર્થ પુરુષ જ નિમિત્તમાં ભાવ પ્રેરે. પ્રકૃતિ પ્રકારનું નિમિત્ત જાગ્યું. મૂળ સ્વરૂપ તો જે પ્રકારનું થયેલું છે, એ વહેવડાવવાનો પ્રયત્ન કરે અને જાણી જાય છે કે આ પ્રકારનું નિમિત્ત છે. પેલી રીતે જીવન ના જીવે. વળાંક આપી દે.

*'એકડે એક આ માત્ર, સાવ'તે' માત્ર મીંડું છે,*
*મીંડાને સમજે જે કો, 'આ'ને સમજે છે હૃદે.'*

મીંડું એટલે શૂન્ય. શૂન્યને જે સમજશે, એ આ નિમિત્તને સમજશે. બાકીના નહિ સમજી શકે.

*'યોગ્ય વ્યક્તવ્ય કાજે તો, પાત્ર આ જીવ ના કશો,*
*કૃપાકેરાં નિમિત્તે શો, વિદ્વાન મૂર્ખને કર્યો !'*

આ લખાવનાર ભટ્ટ સાહેબ (પ્રો. એ. જી. ભટ્ટ) હોં. દોઢ દિવસમાં **'નિમિત્ત'** લખેલું.

અનુભવીને નિમિત્ત, વાનું હોય, જળનું હોય, તેજનું હોય ત્યારે તે તે તત્ત્વ એને મોખરે રહે. પણ ઈન ધી બૅકગ્રાઉંડ આકાશ હંમેશાં પ્રિડૉમિનન્ટ-(પ્રબળ), એના બૅકગ્રાઉંડ પર

બધાં તત્ત્વો વારાફરતી હોય, સભાનતા અને સાક્ષીપણું તો રહે જ. એ વિના તો અનુભવી જ નહિ કહેવાય.

જીવનનો વિકાસ કરવાની જેને સભાનતા રહે છે, એવા માણસો જ માત્ર નિમિત્તનો લાભ લઈ શકે.

*'દ્વંદ્વાતીત ગુણાતીત નિમિત્તના પ્રકાર છે,*
*નિમિત્તમાં છે માત્ર પ્રકૃતિ મૂળમાં જ છે.'*

દ્વંદ્વાતીત અને ગુણાતીત, એ નિમિત્તના જુદા જુદા પ્રકાર છે. તેમ છતાં એનાં મૂળમાં-નિમિત્તનાં મૂળમાં તો પ્રકૃતિ જ રહેલી છે, કારણ કે શરીરધારી જીવ છીએ. એ દ્વંદ્વાતીત કે ગુણાતીત થયો, તે મૂળમાં તો પ્રકૃતિ. એ પ્રકૃતિ સબ્લિમેટ-(રૂપાંતર) થઈ એટલું જ. અનુભવીને પ્રકૃતિ મોખરે ભાગ ભજવતી નથી. આત્મા ભાગ ભજવે છે. પ્રકૃતિ રહે છે-સબ્લિમેશન-(ઊર્ધ્વીકરણ) ફૉર્મમાં રહે છે. પ્રત્યેક નિમિત્તનાં મૂળમાં રહેલી છે.

*'પ્રકૃતિનાં જ મૂળેથી નિમિત્ત સર્વનાં ઊગે'*

પ્રકૃતિ જો ન હોય તો નિમિત્ત ન હોય, શરીર પણ ન હોય.

*'સામનો કરી ત્યાં ભારે શ્રેયાર્થી બળ મેળવે.'*

જે નિમિત્ત જે દશામાં આવે-કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહમ્ ઇત્યાદિ પ્રકારનું નિમિત્ત આવે, તો એનો ખરેખરો સામનો કરવો જોઈએ. એવો સામનો જે જે કરે છે, એવો શ્રેયાર્થી એમાંથી બળ મેળવે છે.

*'હવાનું જેવું અસ્તિત્વ આપોઆપ જ હોય છે,*
*તેને સહજતા જાણો આત્માનો તે સ્વભાવ છે.*
*ગતિ આત્માની છે જેમ સહજતાનું તેમ છે.'*

આત્માની ગતિ દ્વંદ્વ કે ગુણ પ્રકારની નથી. એ સહજ છે, દ્વંદ્વ એટલે કામ-નિષ્કામ-એવાં જોડકાંથી પર છે. તેથી આત્માની ગતિ તે રીતની નથી.

*'જોડાયેલો પૂરેપૂરો નિમિત્તે તે અનેકમાં,*
*એકીસંગાથે હોય છે, અસ્પૃશ્ય છે ખરેખરો.'*

આત્મા છે-એ એકીસાથે અનેક જન્મમાં જોડાયેલો હોય છે. એક જ છે. આમ છતાં એ લેપાયેલો નથી.

*'જીવને કારણાતીત પ્રત્યક્ષ શો અનુભવી,*
*તેથી નિમિત્તની પાર પૂરેપૂરો શકે જઈ.'*

અનુભવી 'કારણ'થી પણ અતીત છે. આત્મા 'કારણ'ને અવલંબતો નથી. બધાંને આત્માનું અવલંબન છે, પણ આત્મા નિરાવલંબી છે. એટલે 'કારણ'નું પણ અવલંબન નથી. એવો અનુભવી નિમિત્તની પાર જઈ શકે છે.

*'બંધાયેલા નિમિત્તેથી નિમિત્ત હાર્દ જ્ઞાનથી,*
*કેમ જાણી શકે ત્યાં તે પ્રીછવા અસમર્થ છે.*
*સૂક્ષ્મ સૂક્ષ્મ ભૂમિકાઓ નિમિત્તની શી ગૂઢ છે,*
*એમાં પ્રવેશીને એને જાણવા શક્યતા ન છે.'*

આ બધું જીવને અનુલક્ષીને છે. નિમિત્તથી જેઓ બંધાયેલા છે, તેઓ હાર્દ અને જ્ઞાનને સમજવા અસમર્થ છે. નિમિત્તની જે સૂક્ષ્મ ભૂમિકાઓ છે, એમાં જીવ પ્રવેશી શકે જ નહિ.

*'નિમિત્તે કેવું પ્રારબ્ધ આપમેળે છતું થતું,*
*વિના અનુભવી પોતે કેમે કરી ન જાણતો.'*

નિમિત્તમાં આપણું કેવા પ્રકારનું પ્રારબ્ધ છે, એ છતું થાય છે, કારણ કે જે પ્રકારનું નિમિત્ત હોય, તે તે પ્રકારનું જીવન

આપણે જીવેલાં છીએ. અનુભવી વિના તે કોઈ જાણે નહિ.

નિમિત્ત તો આપણનેય આવે, પણ એ નિમિત્ત છે એ આપણે જાણી શકતાં નથી. તે વખતે પ્રારબ્ધ પણ જાણી શકતાં નથી. માત્ર અનુભવી જ જાણે છે.

*'નિમિત્ત કારણે તીવ્ર જિજ્ઞાસા અગ્નિની સમી,*
*અંતરે ઊપજેલી શી વર્તાયે તે નિમિત્તથી.'*

(અ : ૧૪ : ૩)

પાછલા જન્મમાં આપણાથી જે જે પુરુષાર્થ થયેલો છે, એમાંથી એ પ્રકારનું નિમિત્ત થયું. આપણામાં વૉલ્કેનિક એસ્પીરેશન-(જ્વાળામુખી જેવી મહત્ત્વાકાંક્ષા) જાગે છે, તે નિમિત્તને કારણે.

*'શા લલચાવનારાં એ મળ્યાં નિમિત્તથી મને,*
*હાર્યો કદી તો પાછો થયો ઊભો કૃપાથી તે.'*

(અ : ૧૪ : ૫)

આ શ્રેયાર્થીને તપ કરતાં કરતાં જે અનુભવ થયા છે, એની વાત કરી છે.

તા. ૨૩-૬-૧૯૭૫

❑

# (૧૮) અનુભવી-૨

અનુભવી, કાળના ત્રણેય ભાગને એક થયેલા અનુભવે છે. સંસારમાં રહેનાર માણસને એના વર્તુળની સમજણ પડે છે. જેમ જેમ સમજે છે, તેમ તેમ એવી સમજણનો પણ એક આનંદ છે. સુખ કે આનંદની લાગણી વિના માણસ જીવી શકે નહિ. માણસ નિર્દયતામાંથી પણ આનંદ મેળવતો હોય છે. એ આનંદ બહુ નીચા પ્રકારનો કહો એ વાત જુદી છે. ગમે તે પ્રકારનો માણસ હોય. તેની સકળ પ્રકારની પ્રવૃત્તિ આનંદ અનુભવવા માટે હોય છે, પછી એ નીચી, મધ્યમ કે ઊંચી કક્ષાનો હોય. દરેક પ્રવૃત્તિ આનંદ માટે જ હોય છે, એ હકીકતની વાત છે. એ બધાંનો અમર્યાદ તાગ માત્ર અનુભવી જ મેળવી શકે છે. જડ કે ચેતન બધાંનો તાગ એ સમજણ દ્વારા મેળવી શકે છે.

વર્તમાનમાં હોવા છતાં ભૂત અને ભવિષ્ય એકસાથે અનુભવી શકે છે. એટલે એને કાળની સમગ્રતા છે, કારણ કે એક જ પળમાં અને એક જ સ્થિતિમાં બધું અનુભવે છે. આ બધું દ્વંદ્વાતીત અને ગુણાતીત થયા પછી જ અનુભવાય છે. વિપુલતાનો અનુભવ નિમિત્તને કારણે અનુભવીને થતો હોય છે. સ્થૂળ પદાર્થની વિપુલતા છે, પણ સૂક્ષ્મ ભાવાત્મક છે. એથી સ્થૂળપણાને પણ અનુભવે છે. સ્થૂળની વિપુલતા પણ અનુભવે છે. પોતાની પાસે બધું જ છે, એ રિઆલિટીથી (વાસ્તવિક રીતે) અનુભવે છે. આ મનુષ્ય શરીરની રચના છે. પોતાને કયા તત્ત્વથી આ બધો અનુભવ થાય છે, એ મૂળ તત્ત્વને ખોળવા માટે જેને તલસાટ લાગેલો છે, તાલાવેલી

લાગેલી છે, એવો જીવ જ એ તરફનો પ્રયત્ન કરતાં મૂળ તત્ત્વને અનુભવે છે, ત્યારે એની વિપુલતા એવા પ્રકારની થઈ જાય છે કે જેમાં ને તેમાં એ સમાયેલો છે. દરેક પદાર્થ-જડ કે ચેતનની વિપુલતા છે. કોઈ ને કોઈ કાળે એ અનુભવતો હોય છે. વિપુલતાના પ્રકારો પણ જુદા જુદા હોય છે. એની એક સમગ્રતા છે. એ બધું અનુભવવા માટે મનુષ્ય શરીર લાયકાતવાળું છે. બીજું કોઈ શરીર લાયકાતવાળું નથી. એ અનુભવ થાય છે, ત્યારે બધું જ મળેલું લાગે છે.

*'છે' પણાની સભાનતાથી આનંદ મળે છે,*
*ટૂંકાણમાં કહીએ તો બધાંનો હેતુ 'આનંદ' છે.*

દુઃખમાં પણ આનંદનો અનુભવ કરે છે, દુઃખ વડે નહિ, પણ આત્માનો સ્વભાવ જ આનંદ છે. આ તો અનુભવીની વાત થઈ.

એવા પણ જીવો છે કે અપરંપાર દુઃખ હોય છતાં એ દુઃખથી રાચે છે. આપણને નવાઈ લાગે, પણ શક્ય છે ખરું. આ પતિયા-(રક્તપિત્તિયા) જુઓ. એમના જીવનના એગ્ઝિસ્ટન્સ-(અસ્તિત્વ)નો આનંદ છે. જીવપ્રકારની વૃત્તિઓમાં પણ આનંદ છે.

મારો હેતુ એ છે કે જે કંઈ છે એ બધું આનંદ માટે છે, પણ માણસ આ સમજતો નથી. એ તો જે આવ્યું એમાં વહ્યા કરે છે. આ ગ્રહણ કરી લે તો આનંદને જ પકડી રાખે.

**સ્વજન :** મોટા, જળચરયોનિમાં મનુષ્યો જાય છે. અડધું શરીર માછલી જેવું, એ બધું હોય ખરું ?

**શ્રીમોટા :** પૃથ્વી ગોળ હોવાથી એને બધી દિશાઓ છે.

એટલે કયા ભાગને ઊંચું નીચું કહેવાય ? આપણે અત્યારની સરફેસ-(સપાટી) ઉપરની વાત કરીએ. ઉપરના ભાગમાં દરિયો હોય તો નીચેના ભાગમાં જમીન છે. જમીનના ઊંડાણમાં ભયંકર ઉષ્ણતા છે, છતાં ત્યાં જીવો છે. દરિયામાં જળતત્ત્વના જુદા જુદા આકારવાળા જીવો છે. એમાં મનુષ્યરૂપ દેખાય એવા હોઈ શકે. આ બધું દેખાય છતાં એનામાં મનુષ્યના ગુણ ના હોય. આપણને નવીનતા લાગે છે, એટલે એના તરફ આકર્ષાઈએ છીએ.

આપણો જીવ અનંત પ્રકારના અનુભવો લેવાને તત્પર હોય છે. જ્યારે જીવ શરીર છોડીને વાગોળવા જાય છે, ત્યાર પછી થોડોક કાળ આ દુનિયાદારીના વાતાવરણમાં સંબંધવાળો હોય છે. તેર દિવસ સુધી તો પ્લેસ ઑફ એટેચમેન્ટ-(આસક્તિવાળા સ્થળે) હોય છે. ખરેખર અસ્તિત્વમાં હોય છે ત્યારે એ સાંભળી શકતો હોય છે. જોઈ શકતો હોય છે. એટલા માટે તે ગાળામાં આપણે આનંદમાં રહેવું જોઈએ. એના ગુણોની વાતો કરવી, તો એને સારું લાગે છે. એને માટે શોક ન કરવો. રડવું નહિ એ જે કહ્યું છે એ યથાર્થ છે. એ પછી આ સંસાર પરત્વેનો સંબંધ છૂટી ગયા પછીની સ્થિતિ એ વાગોળે છે. એ બધું સમજવાનું શાથી થાય છે ? તો તત્ત્વની જડતાને લીધે વિસ્મૃત થઈ જાય છે. આપણને સ્મૃતિ થવાની શક્યતા જ નથી. એનામાં જળ અને પૃથ્વીતત્ત્વ બીજરૂપે છે. બીજરૂપે એ ન હોય તો એનો જન્મ ન થઈ શકે. વાગોળવાની પરિસ્થિતિમાં બધું જ સમજી શકે છે. 'પોતે આવો હતો. આમ અનુભવેલું...' એ બધું થયા પછી નક્કી કરે છે કે 'મારે જીવનનું આ ફેઈઝ-(પાસું) અનુભવવું છે.' તે પ્રકારે એ જન્મ લે.

**સ્વજન :** એટલે પોતે જ નક્કી કરીને જન્મ લે ?

**શ્રીમોટા :** હા, પોતે જ નક્કી કરીને જન્મ લે. પછી નક્કી કરવાપણામાં આ બધું આવે ખરું, કે કયા જીવો સાથે મારે આ અનુભવવું છે. કયા જીવો સાથે અનુભવી શકાય. તે તે જીવો સાથે થયેલો આનુષંગિક સંબંધ આવે. એમાં જુદા જુદા પ્રકારનાં કર્મો કરતાં જે વૃત્તિઓ થઈ હોય, એ ભોગવવું એ પણ આમાં પછી આવે છે.

અનુભવની સ્થિતિ જ્યારે થાય છે ત્યારે જળ અને પૃથ્વીતત્ત્વ હોવા છતાં એની ડેન્સિટી-(ઘટ્ટતા) ઘટી જાય છે. અત્યારે આપણે જીવીએ છીએ ત્યારે જળ અને પૃથ્વીતત્ત્વ સવિશેષ છે. અનુભવીને એવું નથી. એથી એનું જ્ઞાન વિસ્તારવાળું થાય છે. માટે આ એગ્ઝિસ્ટન્સ-(અસ્તિત્વ)નો હેતુ આનંદ માટેનો છે.

❑

# (૧૯) ભાવ

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગદ્વેષ આ બધું અંદર જ થાય છેને ? એવી રીતે સમજણ પડે છેને ? એવી રીતે ભાવ જાગે ત્યારે ગમે તેવાં કામ જાગે એવા સંજોગો ઊભા થયા હોય તોપણ તમે એનાથી મુક્ત છો, એવો જ અનુભવ થયા કરે. એ અનુભવ અંતરમાંથી થાય છે.

એ ભાવ જાગેલો હોય ત્યારે બાહ્યના વાતાવરણના પ્રકૃતિ પ્રકારનાં કોઈ આંદોલનો આપણને સ્પર્શે નહિ. ભાવ પ્રકૃતિમાં રહેલો હોવા છતાં, પ્રકૃતિથી પર છે. એટલે એટલા કાળ પૂરતાં તો નહિ જ સ્પર્શે. ભાવ નિરંતર થયો છે, એને તો આંદોલનો લાગતાં હોવા છતાં સ્પર્શતાં જ નથી. એવી પરિસ્થિતિમાં મુકાયેલો હોવા છતાં, એમાં એ ભાગ લઈ શકતો નથી, કારણ કે એ હંમેશાં સાક્ષીપણામાં રહે છે.

ભાવ નિરંતરનો થાય ત્યારે એનામાં સાક્ષિત્વ પ્રગટી જાય છે, ત્યાં સુધી તો સમત્વ હોય.

શ્રેયાર્થી એવો પ્રયત્ન કરે કે મારે ભગવાનના ભાવને અનુભવવો છે, ત્યારે મહેનત કરતાં કરતાં જ્યારે એની સ્ટ્રગલ-(મંથન) ચાલે, કામક્રોધાદિનાં વલણ સામે-ત્યારે એ સ્ટ્રગલમાં કેટલીક વાર એ હારે અને કેટલીક વાર એ જીતે. એમ કરતાં કરતાં એમાંથી એની તટસ્થતા જન્મે. બધી વૃત્તિઓ જન્મતી હોય એવું લાગે ખરું. છતાં એનાથી જુદો રહે એટલે ભાગ ન લે. વૃત્તિઓ જન્મે તો ખરી, કારણ કે એના ચિત્તમાં બધા સંસ્કારો પડેલા છેને ? લોભની વૃત્તિ જાગે, મોહની વૃત્તિ જાગે. એટલે એ વખતે એને લાગે કે આ વૃત્તિ આવી. ત્યારે એનામાં

તટસ્થતા છે, એની સાબિતી તે વખતે એની અંદર એ જોડાય નહિ. પાતળી તટસ્થતા થઈ હોય ત્યારે પોતે જોડાઈ જાય. છૂટો પડે, ભેગો થાય. એવો અનુભવ એને થાય, જ્યારે તટસ્થતા પાકે ત્યારે નદીના કિનારે ઊભો હોય અને પૂરમાં દેખતો હોય-લાકડાં હોય, મરેલાં ઢોર હોય-જુએ ખરો-કિનારે ઊભેલો-તેવી રીતે પોતાનામાં બધું જાગતું હોય એ બધું જાણે ખરો, પણ અંદર વહેવાય નહિ.

તટસ્થતા અને સમત્વમાં શો ફેર ? તટસ્થતા પાકી થાય પછી સમત્વની શરૂઆત થાય. સમત્વ થાય ત્યારે બધી વૃત્તિઓ શમતી જાય. તટસ્થતામાં વૃત્તિઓ અને વલણો શમે નહિ. સમત્વમાં શમી જાય. બૅલૅન્સિંગ પાવર આવી જાય. તટસ્થતામાં બૅલૅન્સિંગ પાવર ન આવે. તટસ્થતા થાય એ ઊર્ધ્વ પ્રકારની પ્રગતિનું લક્ષણ છે. સમત્વની સ્થિતિમાં કામક્રોધાદિના સંસ્કારો હોવા છતાં પ્રબળપણે ઊછળીને આવે નહિ. વૃત્તિઓ શાંત રહે. અને સાક્ષી થાય ત્યારે આત્માની શક્તિમાં બધું લય થઈ જાય. અનુભવવાળો છે એને જ્યારે નિમિત્ત આવે ત્યારે તેવા પ્રકારની વૃત્તિ જાગે ખરી. પ્રકૃતિ અનંતરૂપધારિણી છે, એને શક્તિ પણ કહેલી છે. અને નિમ્ન પ્રકારની વૃત્તિમાં એ પ્રકારે થાય, પણ સાક્ષી હોવાથી એ ભળે નહિ. જ્યારે સમત્વની સ્થિતિ છે, એમાં તો બિલકુલ જઈ શકે નહિ. સમત્વ એ શ્રેયાર્થી માટે ઉત્તમમાં ઉત્તમ સ્થિતિ. આ બધી સ્થિતિ અંદરથી અનુભવાય છે. બધું આંતરિકપણે થાય છે. એક એવી સ્થિતિ આવે છે.

આ એક વાતાવરણ છે. એમાં કેટલા બધા વિચારો રહેલા છે. એ વિચારો જે જે પ્રકારની આપણી ભૂમિકા થઈ, તેવા

તેવા પ્રકારના વિચારોનાં આંદોલનો વાતાવરણમાં હોય તે આપણામાં પેસે છે. એ આપણે બહારથી આવતાં અનુભવી શકીએ છીએ. આપણી સ્થિતિ એવી થઈ હોય, તો ભાવ જાગેલો હોય ત્યારે અંતરમાં પણ લાગે અને બહારના વાતાવરણમાં ગમે તેટલા ડખા હોય, બધાંમાંથી ભાવ લાગતો અનુભવે. બધાંને ભાવવાળી સ્થિતિમાં જુઓ, પણ જ્યારે આત્માનો અનુભવ થઈ જાય ત્યારે એ જેની જેની પ્રકૃતિ હોય છે, એમાં એનું નિમિત્ત હોય તો પ્રકૃતિનો અનુભવ કરે છે. શરીરધારી અનુભવી છે, એ જેની સાથે સંપર્કમાં આવે છે, એની પ્રકૃતિને જાણે છે અને એના ભાવને જાણે છે. અનેક આત્મા છે એવો ઉલ્લેખ છે. આત્મામાં પોતે એક સ્વરૂપ છે. ચેતન એકરૂપે છે. આત્મા અનેક લાગે છે, એ પ્રકૃતિને લીધે લાગે છે, એમ મારી સમજણ છે. આત્મા અનેક નથી. આપણે જે 'આત્મસ્વરૂપ' છીએ. એનો આપણી અંદર અનુભવ થાય છે. અને બહાર જ્યારે દૃષ્ટિ થાય ત્યારે પણ આપણે એવો અનુભવ કરીએ છીએ. બંને અનુભવોની સમતુલા એક જ ભાવમાં, એક જ ડેન્સિટી-(ઘટ્ટતા)માં થયા કરે. તે અનુભવની સ્થિતિમાં પ્રગટ્યા એનું એ લક્ષણ.

ધારો કે લોભ જાગ્યો. લોભ જાગે છે અંદર, પણ એનાં કારણો જડે છે બહાર. એવા જ સંજોગો મળે, પણ જો એવા પ્રકારની વૃત્તિ જ ન હોય તો એ બહારથી સંજોગો કે વાતાવરણમાંથી આવીને સ્પર્શશે નહિ. મૂળ તો અંદર રહ્યું છે.

સમત્વ દસમા પ્રકારની ભૂમિકા પછી આવે છે. તે અગિયાર બારમાં કમ્પ્લીટ-(પૂર્ણ) થાય છે. તેરમી ભૂમિકામાં

આત્માની સ્થિતિમાં પ્રવેશ થાય છે.

**સ્વજન :** મોટા, આપે સહજતાનું લખ્યું, પણ સહજતા આપણા જીવનમાં તો એક ને એક વસ્તુ વારંવાર કરીએ તો સહજ થાય છે.

**શ્રીમોટા :** અનુભવમાં એવું નહિ. જેમ શ્વાસોશ્વાસ લઈએ છીએ એમાં ઍફર્ટ-(પ્રયત્ન) નથી, એમ આ સહજતામાં છે. ત્યારે જ ખરો અનુભવી. એક ને એક વસ્તુ હોય ત્યાંય એ નિત્ય નવું નવું અનુભવે. એનામાં એવી મૌલિકતા હોય. 'હી ઈઝ હીમ સૅલ્ફ એન ઓરિજિનાલિટી'-(એ પોતે જ સ્વયં રચિત છે.)

તા. ૨૩-૬-૧૯૭૫

❑

# (૨૦) અનુભવી અને સ્વપ્ન

અનુભવીનું મોટામાં મોટું લક્ષણ એ કે એના સંસ્કારો બધા દગ્ધબીજ થઈ ગયેલા હોય, અનાજના દાણાને શેકી નાખે પછી એ ઊગે નહિ. ભલે તમે એને વાવો. આખા ને આખા ઘઉં હોય કે મકાઈ હોય પણ શેકાઈ ગયેલાં હોય તો કદી ઊગે જ નહિ. તેવી રીતે એના સંસ્કારો દગ્ધબીજ થઈ જાય તો પછી એને સ્વપ્ન કેવી રીતે આવે ? આવી જ ના શકે, હમણાંનું આ શ્રીઅરવિંદનું અને એમના આશ્રમનું વાંચું છું, એમાં બે ત્રણ વખત સ્વપ્નનો ઉલ્લેખ આવે છે. એમને સ્વપ્ન આવે છે. મારી ગૅડ બેસતી નથી.

**સ્વજન :** (ધીરજબહેન) મોટા, એમના ભક્તો વધારે પડતું ન લખતા હોય ?

**શ્રીમોટા :** તો ઊંચી માન્યતા થાય એવી જાતનું લખે, પણ આ તો સ્વપ્નાંની વાત લખે છે. સ્વપ્ન કેવી રીતે આવે ? અનુભવીને જીવ પ્રકારના સંસ્કારો રહે જ નહિ. દગ્ધબીજ થાય, કારણ કે દ્વંદ્વાતીત-ગુણાતીત થાય છે. કેવી રીતે સંસ્કાર જાગે ? સ્વપ્નમાત્ર સંસ્કારમાંથી આવે. સંસ્કારને લીધે સ્વપ્ન છે. એટલે મારી સમજણની રીતે એને સ્વપ્ન ન હોવું જોઈએ. ઓગણીસો ઓગણચાળીસ પછી મને ક્યારેય સ્વપ્નું આવ્યું નથી. આમ તો ઓગણીસો ચોત્રીસ પછીથી જ સ્વપ્નું આવ્યું નથી.

**સ્વજન :** મોટા, આ **‘સાવિત્રી’**નું લખાણ છે, એ એમણે વારંવાર સુધાર્યું છે. એમાં સહજતા તો ન આવીને ?

**શ્રીમોટા :** ના, સહજતા નહિ આવી. કેટલી બધી વાર ફેરફાર કર્યો છે. એ તો આમાં પણ આવે છે.

અને આપણે શ્રેયાર્થીની કક્ષામાં પણ ત્યારે જ આવીએ કે જ્યારે આપણે ગમે તેની સાથે ભળેલાં હોઈએ, ગળેલાં હોઈએ તોપણ આપણે જાણે તટસ્થ છીએ, એવી તરવરતી સભાનતા રહ્યા કરે, તો નિશ્ચિત માની લેવું કે શ્રેયાર્થી છીએ. આ એનું મુખ્ય લક્ષણ. સર્વ કંઈ કરતો કરાવતો હોય તોપણ એ તટસ્થ છે, એવી સભાનતા જીવતીજાગતી ચેતનાત્મક રહ્યા કરવી જોઈએ.

તટસ્થતાની પરિપક્વ ભૂમિકા થાય પછી સમતા આવવા માંડે. ત્રણ કક્ષાઓ-તટસ્થતા, સમતા અને સાક્ષી. સમતા આવતાં આવતાં એવી સ્થિતિ થાય કે એમાંથી યોગ થઈ જાય. સમતા અમુક કક્ષાની થાય, પછી યોગ થાય. એટલે એનું કોન્સન્ટ્રેશન-(એકાગ્રતા) એની સામે સતત રહે.

❑

# (૨૧) અનુભવીના પ્રકાર

**સ્વજન :** જે અનુભવી કાષ્ઠવત્ હોય છે, લાકડાંની જેમ પડી રહેવા પાછળ એનો હેતુ શો હશે ?

**શ્રીમોટા :** કેટલીક વખત સંપૂર્ણ સ્ટૅબિલાઈઝ-(સ્થિર) થવું હોય ત્યારે એવી સ્થિતિમાં રહેવું પડે. એવી શબવત્ સ્થિતિમાં કંઈ કશું એને સ્પર્શે નહિ. ચેતનતત્ત્વનું જે સ્ટૅબિલાઈઝ થવાપણું છે, રોમેરોમમાં અને બધાં કરણોમાં, એ માટે એને સારામાં સારો અવકાશ મળે છે.

બીજું એ છે કે બાળવત્માં એ સંપૂર્ણ નિર્દોષ છે અને સંકોચમાત્ર નીકળી ગયા છે. એને કંઈ કશું માગતાં કરતાં કશો સંકોચ રહેતો નથી. અને પોતાને એવું હોતું નથી કે 'હું બાળક જેવો થઉં.' પણ એનું વર્તન એવા પ્રકારનું છે, કેમ કે સર્વ પ્રકારે નિરાગ્રહી અને નિઃસંકોચ છે, અનાસક્ત છે. એ જેમ તેમ વર્તે છે. કોઈક વખત ગમે તેમ ગાળ પણ દઈ દે ત્યારે એને પિશાચ જેવો ગણે. હંસ જેમ દૂધપાણી છૂટાં પાડીને દૂધ પી જાય, એવો સંપૂર્ણ વિવેકથી વર્તે અને જેનું તેનું પૃથક્કરણ કરી શકે, તે હંસવત્ કહેવાય.

આ ચારે પ્રકારની સ્થિતિ જુદા જુદા કાળે અનુભવાતી હોય છે.

'હું આ છું' એમ જે કહે છે, તે બધાંની સાથે તાદાત્મ્ય થયેલો હોય છે. અનુભવીને જ્યાં જ્યાં નિમિત્ત છે ત્યાં ત્યાં એ 'તે' રૂપ (તદ્રૂપ) છે. 'હું સાંઈબાબા છું', 'હું અક્કલકોટનો સ્વામી છું'-આ 'છે' 'તે' છે-એમ બધું બોલે-તે ખરી રીતે તેવા ન હોય, પણ એમની સાથે નિમિત્ત એવા પ્રકારનું કે એ

પ્રકારના એનામાં ગુણદોષ આવે છે. તો કહે, 'ગુણ આવે અને દોષ પણ આવે ?' આવે ખરા, પણ એને કશું લાગેવળગે નહિ. એ એના જેવો દેખાય ખરો. દા.ત., ગાંડા જેવું વર્તન કરે પણ એ ગાંડો નથી. એ તો ઉપરથી એવું વર્તન કરતો લાગે. અંદર તો શાંત અને પૂરેપૂરો યોગ્યતાવાળો હોય.

આવા જે મહાન પુરુષો છે, તેમને જેમની સાથે નિમિત્ત હોય ત્યારે એ બધું કહે, એનો અર્થ આપણે એમ સમજવાનો કે આ જે અનુભવી છે, એનું નિમિત્ત આ નામધારી મહાત્મા સાથે છે. એ નિમિત્તના પ્રકારમાં છે. માટે, આમ બોલે છે. દેહરૂપે ન હોય, પણ 'અસલ સ્વરૂપ' રૂપે એ ત્યારે ભાવ આવેલો હોય. એનું બરોબર વર્ણન **'ગીતા'**માં છે.

❑

## (૨૨) ગુણવિમર્શ-સંસ્કારચિંતન

**શ્રીમોટા :** એકલું રજસ હોય ત્યારે જબરજસ્ત પ્રવૃત્તિ થાય. એટલી બધી રજસની શક્તિ છે, પણ એથી કરીને એકલા રજસથી કંઈ કામ નહિ થઈ શકે, કારણ કે એ તમને ક્યાંયનું ક્યાંય લઈ જાય. દિશા વિના ગમે ત્યાં ફેંકી દે. એટલે જોડે તમસ રાખ્યું છે. એટલે એને હળવું કરે. રજસને હળવું કરે અને તમને તમારી બુદ્ધિથી વિચાર આવે કે 'આપણે શું કરવું છે ? ક્યાં જવાનું છે ? કેમ જવાનું છે ?' એ બધું આપણને બતાવે. એકલું રજસ હોય તો બુદ્ધિ પણ એટલી જબ્બર ગતિ કરે. 'બુદ્ધિ ગુણાનુસારિણી.' બુદ્ધિ ગુણ વડે છે. સત્ત્વમાં તમે રહો તો બુદ્ધિ સત્ત્વના આશ્રયે. રજસમાં હોવ તો રજસના આશ્રયે. તમસમાં હોવ તો તમસના આશ્રયે. ત્યારે એકલું સત્ત્વ તો ભાગ્યે જ કોઈકનામાં હોય. એ સાધના કરતો કરતો કોઈક સાધક એ ઉચ્ચ અવસ્થામાં-અગિયાર બારમી ભૂમિકામાં પહોંચે ત્યારે તેનામાં સત્ત્વનો ઉદય થાય, બાકી નહિ. આપણામાં થાય ખરો, પણ કદીક કદીક દિવસમાં કોઈક વખત. કોઈક વખત સત્ત્વનો ઉદય થાય, ત્યારે આપણે કોઈક સારું કામ, સારો થૉટ-(વિચાર) સારું કર્તવ્ય એવું કંઈક કરી નાખીએ. એમાં સત્ત્વ કારણ છે અને 'અન થૉટ ઑફ' એ જે કરીએ તે કર્મ કરીએ-એ કંઈ ઇચ્છા વિના, આશા વિના કરીએ. એની પાછળ કોઈ દુન્યવી હેતુ નથી. સત્ત્વનું કામ કરો તો ઑટોમૅટિક-(આપમેળે) કંઈ પણ અંદરના થિંકિંગ વિના, કોઈ પણ હેતુ વિના, ઉત્તમ પ્રકારનાં ભાગવતીય કાર્ય થાય છે, પણ પેલામાં જ્યારે સત્ત્વ ઊગી જાય છે તેની વાત જુદી છે.

બાકી તો રજસ અને તમસથી માણસ દોરવાય છે.

એકલું રજસ ચાલે નહિ. એ તો તમને ભેખડે ફેંકીને તમારા ભૂકા કરી નાખે. એટલે તમસ તો જોડે જોઈએ જ. તમસ ના હોય તો રજસના વેગનો તો સુમાર નહિ. એનું મૂવમેન્ટ-(હલનચલન), એટલું જબરું કે એને પવન સાથે સરખાવવું હોય તો સરખાવી શકાય. કુદરતે એવી સુંદર રચના કરી કે રજસ કામ કરાવશે ખરો, પણ એવું કામ કરાવશે કે આખરે એને ક્યાંય લઈ જઈ ક્યાંય ને ક્યાંય ભટકાડી દેશે. એટલે જોડે તમસને રાખો. એટલે તમસમાં ખરેખરો પ્રમાદ. બહુ પ્રમાદ. એટલે રજસની જોડે તમસ હોવાથી પેલી ગતિ અટકી જાય. એટલે તે ધાર્યું હોય તેટલું ઝપાટાબંધ કામ ન કરી શકે. ગમે તેટલું ધારે તોપણ એનાથી ઝપાટાબંધ કામ થાય નહિ. પછી ધીરે ધીરે કરે. એ બુદ્ધિ જે એકલા રજસમાં જેવા પ્રકારની હોય તે રજસ અને તમસ ભેગાં થયાં ત્યારે બુદ્ધિનું સ્વરૂપ જુદું. બુદ્ધિ તો એકની એક પણ સત્ત્વની બુદ્ધિ જુદી. સત્ત્વ અને રજસ ભેગાં હોય તેની બુદ્ધિ જુદી. અને એકલું રજસ હોય તો તેની બુદ્ધિ જુદી. અને રજસ અને તમસ હોય તેની બુદ્ધિ જુદી. એટલે બુદ્ધિ એકની એક, પણ જેવો તેનો સંગ થયો તેવો તેનો રંગ થઈ જાય. આવું બધું એનું સ્વરૂપ છે.

ત્યારે આ બધું આવે તે બધું આપણા સૂક્ષ્મ શરીરમાં આવે. આ બધા આપણા અનેક જન્મના સંસ્કારો આ સૂક્ષ્મ શરીરમાં આવે. મન, બુદ્ધિ, પ્રાણ, અહમ્ આ શરીરનું બીઈંગ-સૂક્ષ્મમાં સૂક્ષ્મ બીઈંગ-એટલું નાનામાં નાનું છે-ઍટમ-(અણુ)થીય નાનું છે. એને અંગુષ્ઠ પ્રમાણ કહ્યું છે. માત્ર લંબાઈ-

થિકનેસ-(જાડાઈ) નહિ. તેની અંદર આ બધું છે અને એ એકલું એવું છે કે વાતાવરણમાં રહે છે. અને દરેક જીવને અમુક કાળનું પ્રમાણ નથી. અમુક કાળ જ જીવવું એવું નિર્માણ નથી, પણ હાલ જે જીવે છે, તે જે નિશ્ચય કરે છે અને એ જે નિશ્ચય કોઈ એક દિવસે, એક પળે કર્યો, પા કલાક એણે વિચાર્યું કે મારે આમ કરવું છે, એટલાથી નહિ બને, 'એ થૉટ મસ્ટ બી કન્ટિન્યુઅસ' 'આમ કરવું છે, આમ કરવું છે'-એની કન્ટિન્યુઈટી આવવી જોઈએ. રોજબરોજનાં કામમાં પેલા વિચારની સતત જીવતીજાગતી પ્રધાનતા-કમ્પ્લીટ-ફૂલ-અવેરનેસ થવી ઘટે. તો એવું થવું તદ્દન શક્ય છે.

એટલે આ જે સૂક્ષ્મ શરીર જાય છે, આપણામાંથી નીકળે છે ત્યારે એ પણ ગમે તેમ રખડે છે. અહીં પણ ગમે તેમ રખડતું હતું. અહીં જીવનમાં હતું, આપણે જીવતાજાગતા બધું કામ કરતાં પણ આપણે રખડીએ છીએ. આપણે ધ્યેય વગરના છીએ માટે. કોઈનું અપમાન કરવાનો મારો હેતુ નથી. મારો સમજાવવાનો હેતુ છે. આપણે રખડીએ છીએ, કારણ કે આપણી પાસે કોઈ ધ્યેય નથી, કે જીવન માટેનું કોઈ ક્લૅરિફિકેશન-(ચોખવટ) નથી. જીવન શા માટે મળ્યું છે, તેનું ક્લૅરિફિકેશન નથી. એટલે માત્ર પ્રવૃત્તિ કરવા ખાતર અને કર્યા વિના આપણને ચાલે તેમ નથી-કરવું જ પડે તેમ છે. કોઈ માણસ ઝડપી ગતિથી કરે, કોઈ જરા વધારે ગતિથી કરે, પણ તેને પ્રવૃત્તિ કરવી પડે છે, માટે તે કરે છે. 'ઈન્સ્પાઈટ ઑફ હીમ સૅલ્ફ' તે પ્રવૃત્તિ કરે છે. એટલે એ પ્રવૃત્તિ જે કરે છે, એની પાછળ તેનો હેતુ નથી. એટલે તેનું ફળ મળતું

નથી. ફળ માત્ર સંસ્કાર હોય છે. એટલે એ સંસ્કાર પાછા એ જાતના ગાઢા-એ જ જાતના હેતુ વિનાના છે. આપણે આ જે કર્મ કર્યાં અને જે સંસ્કાર થયા તે અને એ જે સંસ્કાર આપણા ચિત્તમાં પડ્યા અને એ જે સંસ્કાર અત્યારે ને અત્યારે ફલિત થાય એના કરતાં એ સંસ્કાર પછીના જન્મમાં વધારે ગાઢા થવાના. અને તે જ પ્રકારનાં કર્મમાં આપણને વધારે ગાઢ રીતે સંકળાવી દેવાના. એટલે સત્પુરુષોએ એમ કહ્યું કે તમારા ચિત્તમાં એ સંસ્કાર પડવા જ ના દેવા. અને પડે તો સત્વરે ઉકેલી દેજો, પાર પાડી દેજો. એ બહાર નીકળી જાય તેવું કરજો. એ સંસ્કાર થયો તો તે કામ કરી દો. એક વિચાર આવ્યો કે મારે આમ કરવું છે, એટલે કરી દો, એટલે ખલાસ. કંઈ પણ વિચાર આવે કે મારે આમ કરવું છે, તો તે કામ કરી જ દો, કારણ કે આપણે 'જીવ' છીએ. આ જરા એવી વાત છે કે કોઈને મગજમાં ના ઊતરે, પણ વાત સાચી છે.

આપણામાં સારા વિચાર પણ આવશે અને ખરાબ વિચાર પણ આવશે. એની કોઈ ના નહિ પાડી શકે. માણસ છીએ એટલે આપણને સદ્‌વિચાર પણ આવશે અને અસદ્‌વિચાર પણ આવશે. ત્યારે તો સંસ્કાર સંઘરવા નથી એ વાત ચોક્કસ છે. આપણો હેતુ એ છે. બીજા સમજે કે ના સમજે તેની આપણને દરકાર નથી. આપણે નિઃસ્પૃહી છીએ. એ સંસ્કાર ના પડે, ના ટકી રહે માટે જે વિચાર આવે તેનો અમલ કરી દેવો. એમ કરતાં બીજો વિચાર એ આવે કે 'એ તમે કરો તો એ સંસ્કાર તમને પડ્યા કે નહિ ?' એ સંસ્કાર પણ તમને પડ્યા, કારણ કે તમારું ચિત્ત આકાશ જેવું નિર્મળ થયેલું નથી.

એટલે એ સંસ્કાર તમને પાછા પડ્યા એટલે એ સંસ્કારનું તમે શું કરશો ? તમે સારી રીતે વર્ત્યા અને ખરાબ રીતે વર્ત્યા. એના સંસ્કાર તમને પડ્યા. તે સંસ્કારનું શું કરશો ? એને કેવી રીતે કાઢશો ? એ વિચારને ટકવા ના દીધા. એ વૃત્તિને ટકવા જ ના દીધી એ બરોબર. એ ત્યાં સુધી આપણે કબૂલ કરીએ છીએ, પણ એ વૃત્તિને તમે આચરણમાં મૂકી અને એ આચરણ એટલે એના જે સંસ્કાર પડ્યા, તે સંસ્કાર ક્યાં જવાના ? એને કેવી રીતે કાઢવાના તમે ? એના વિશે પણ આપણા લોકોએ વિચાર કર્યો. એ સંસ્કાર પડ્યા માટે એણે આપણને એમ કહ્યું કે 'સકળ કર્મ કરતાં કરતાં ભગવાનના ભાવમાં રહો. પ્રભુનું સ્મરણ કરો. ગમે તે ઉપાય લો, પણ ભગવાનના ભાવમાં રહો.' ભગવાનનો ભાવ એટલે શું ? સત્ત્વ, રજસ અને તમસથી ભાવ પર છે. ભાવમાં કોઈ જાતનું બંધન નથી. જેને સજ્જડ ભાવ થયો, તમે તે વખતે સંપૂર્ણ ભાવમાં રહ્યા તો કોઈ નવો સંસ્કાર તમારા ચિત્તમાં પ્રવેશી નહિ શકે. કોઈ પણ સંસ્કાર-ગમે તેવું હોય તોપણ તમારા ચિત્તમાં પ્રવેશી નહિ શકે. ભાવ જો ત્યાં આગળ સ્થિર થઈને જીવતોજાગતો ચેતનાત્મક રહેલો છે, તો ત્યાં આગળ કોઈ ગુણનો કે પ્રકૃતિનો પ્રવેશ નથી, કેમ કે ભાવ પ્રકૃતિથી પર છે. એટલે પ્રિડૉમિનન્ટલી એટલા માટે આપણા લોકોએ કહ્યું કે આપણામાં આ ભાવ કેળવાય તો આ બધું કરવા છતાં, સંસાર ભોગવવા છતાં પણ તે તમને લાગે નહિ. માટે ભાવ કેળવો.

આપણા ધર્મમાં જોઈએ તેટલા દાખલા આપ્યા. આપણા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ-એ 'થ્રી ફંક્શનિંગ ઑફ ધી ડ્યુટી.'

ભગવાનનાં ત્રણ જાતનાં કર્મ-જન્મ, તેનું પોષણ અને લય. બ્રહ્માને તો પત્ની ન હતી. એ સરસ્વતી પાછળ ગાંડા થઈ ગયેલા એમ લખેલું છે. એનો અર્થ એમ છે કે દરેક માણસ જીવમાત્ર શરીરધારી જીવમાત્ર આને લાયેબલ-(જવાબદાર) છે. એમ એમાંથી આપણે સાર લેવાનો. વિષ્ણુ છે-વિષ્ણુને આપણે સમજવાં જોઈએ. વિષ્ણુ જળ પર સૂતેલા છે. આપણે પાંચ તત્ત્વ ગણ્યાં. આકાશ, તેજ, વા, જળ અને પૃથ્વી. જળ ઉપર સંપૂર્ણ સૂતેલા છે. ત્યાં કંઈ હિલચાલ કરતા નથી. પૃથ્વી ઉપર જળ છે ખરું. તે જળ ઉપર સૂતા છે ખરા, પણ કમ્પ્લીટ નિષ્ક્રિય છે. લક્ષ્મી તેમના પગ બગ દબાવે છે, તે ખરું, પણ કમ્પ્લીટ નિષ્ક્રિય છે. એટલે જળ અને પૃથ્વીમાં એ ભગવાન જાગૃત નથી. આ બધા સંસ્કારો લઈ આપણે સૂક્ષ્મમાં જઈએ છીએ. ત્યાં વાતાવરણમાં ગયા પછી સૂક્ષ્મ પડી નથી રહેતું. આપણે બુદ્ધિથી તો એટલું સમજીએ કે દરેક ગતિમાન છે. ગતિવાળું છે. ગતિ વગરનું કશું જ દુનિયામાં નથી. દરેક ગતિવાળું છે. તે તેને પણ ત્યાં આગળ ગતિ છે. તો તે સૂક્ષ્મ શરીર ત્યાં આગળ શા ધંધા કરે છે ? ત્યાં આગળ પણ આવાં સૂક્ષ્મ શરીરો-જ્યાં ત્યાં એકબીજા સાથે સંકળાયેલાં છે, જેમ આપણે દુનિયામાં સગપણની રીતે, વહેવારની રીતે, વેપારની રીતે બીજા કોઈ સંજોગોને લીધે એકબીજા સાથે આપણે આ દુનિયામાં સંકળાયેલાં છીએ. એ તો આપણી બુદ્ધિ સ્વીકારે તેવી હકીકત છે. તેવી રીતે ઉપર જે સૂક્ષ્મ શરીરો છે, તે સૂક્ષ્મ શરીરો-સૂક્ષ્મ રીતે બીજાની સાથે ત્યાં પણ સંકળાયેલાં છે. એટલે એ જે સૂક્ષ્મ રીતે એકબીજા સૂક્ષ્મ શરીરો સાથે

સંકળાયેલાં છે, તેમનો વહેવાર છે. તે વહેવાર ત્યાં ચાલ્યા કરે છે. એ વહેવારમાં આપણે પણ આવી જઈએ છીએ. આપણે એટલે અત્યારે શરીરથી દેખાઈએ છીએ એ નહિ. આપણું સૂક્ષ્મ શરીર થયું છે તે. તે વહેવારમાં જે આપણે ત્યાં આવી ગયા અને જ્યાં નિકટનો ગાઢ પરિચય થયો તે પણ આપણી સાથે આવશે. આ જન્મમાં પણ જે જે ઠેકાણે આપણને ઘણું જ એટેચમેન્ટ છે, તે આપણી સાથે આવવાનું. લોભ, કામ, મોહ, વેર એ બધાં જ બીજા જન્મમાં આપણી સાથે આવવાનાં. અને ઉપર સૂક્ષ્મની અંદર પણ જે લીલા થઈ અને જે બધાંની સાથે આપણે એકાકાર થયાં, તે બધાં આપણી સાથે-આપણે જે શરીર ધારણ કરીશું, તેવી રીતે તે લોકો પણ શરીર ધારણ કરશે. આપણે તેની સાથે રહેવાનાં. તે લોકો આપણી સાથે રહેવાનાં. તે પછીથી પાછા આપણે જો હેતુ માટે સજાગ થઈએ, જિંદગી વિશે વિચારીએ, મનનચિંતવન કરીએ કે આ લાઈફ શેને માટે છે ? આ જીવન શેને માટે છે ? મનુષ્ય શેને માટે છે ? આપણા જીવવાનો શો અર્થ છે ? એના વિશે આપણે વિચાર કરતાં થઈએ, એના વિશે મનનચિંતવન કરતાં થઈએ, તો એમાંથી આપણને નવો ફણગો ફૂટે. એ નવો ફણગો ફૂટે અને ખરેખરો સજીવન થયો, તો આપણી સાથે સંકળાયેલાં સૌથી સૂક્ષ્મ જીવો જે હતા તે સૂક્ષ્મ જીવોને પહેલું સ્પર્શશે. આપણા શાસ્ત્રમાં કહ્યું કે એ માણસો જો ખરેખરા સદ્ભાવથી સત્કર્મો કરે છે, તો તે સત્કર્મ કેટલાયને સ્પર્શે છે. એ વાત પહેલાં મને સમજાતી ન હતી. હવે મને સમજાય છે. એ વાત સાચી છે. એક માણસ પૂરેપૂરા સદ્ભાવથી કોઈ સત્કર્મ કરે તો એ સત્કર્મ

કેટલાયને સ્પર્શ કરે છે. સ્થૂળ રીતે તો કરે જ છે, પણ સૂક્ષ્મ રીતે પણ કરે છે, કારણ કે તેને સદ્‌ભાવથી સત્કર્મ કર્યું તે સમાજની સાથે કર્યું છેને ? એણે એકલાએ થોડું કર્યું છે ? સત્કર્મ બીજાને સ્પર્શે છે. સાથે બીજા કેટલાયને સ્પર્શતું હોય છે. જે ઇન્ડિવિડ્યુઅલ છે તે ઇન્ડિવિડ્યુઅલ 'એકલો' નથી. લાગે કે હું 'મોટો' છું પણ એ 'મોટો' એકલો નથી. આ શરીરની સાથે કેટલાય સંકળાયેલા છે. એકધારા સંકળાયેલા છે. એટલે મને સંસ્કાર સ્પર્શ્યા, તે સંસ્કાર નંદુભાઈને પણ સ્પર્શે છે, કારણ કે તે મારી સાથે બહુ જોડાયેલા છે. એટલે એવા જે બહુ જોડાયેલા હોય, તેવાને પણ એ સંસ્કાર સ્પર્શે છે. એટલે એકને થયું તે ઘણાંને થાય. એટલે સૂક્ષ્મ શરીર વખતે જે આપણે પ્રવૃત્તિ કરીએ છીએ, આંતરિક પ્રવૃત્તિ આપણા સંસારવહેવારમાં કરીએ છીએ, તે એ જાતની નથી હોતી. એ પ્રવૃત્તિ માત્ર આપણે એમ કહીએ કે આ બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ પ્રકારની પણ નથી, કારણ કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ પ્રકૃતિની સાથે જોડાયેલાં છે. વધારે વળગેલાં છે. એનો થોડો ઘણો અંશ ચેતનની સાથે છે ખરો. બેઉની સાથેનો સંબંધ છે, પણ ચેતનની સાથે નહિવત્ જેવો છે. વધારે સંબંધ પ્રકૃતિ સાથે છે. એટલે પ્રકૃતિ પરત્વેનું વલણ વધારે છે, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ ગ્રહણ કરે છે ખરાં, પણ એની દિશા આ પ્રકૃતિ તરફ છે. એટલે ઉત્તમ પ્રકારની સૂક્ષ્મની પ્રવૃત્તિનો આધાર પ્રકૃતિ થઈ જાય છે. સૂક્ષ્મ કર્તવ્યનાં જે ધોરણો છે, તે ધોરણો તે 'લોઅર ડાઉન' કરી દે છે. કોણ ? મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્-કારણ

કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ જ્યારે બહારની ભૂમિકામાં આવે છે ત્યારે પૃથ્વીની પકડમાંથી છૂટાં થાય છે, એ સિવાય નહિ, તે સિવાય તો પૃથ્વીની પકડમાં જ રહે છે. એટલે એ બધા બનાવોને 'લોઅર ડાઉન' કરે છે. આ પ્રકૃતિની સાથે આવે છે. એટલે પેલો બિચારો કેટલું મથ્યો હોય ? કેટલું ઊંચે ચડ્યો હોય ? તોય પ્રકૃતિની સાથે જ સંકળાયેલો રહે છે. એટલે આપણામાં એમ કહેલું કે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ને સતત ભગવાનની સાથે જોડેલાં રાખો. 'સાતત્ય'નું કહ્યું છે. આપણી **'ગીતા'**માં પણ 'સાતત્ય'નું કહ્યું છે. સાતત્યનો ગુણધર્મ કહ્યો છે. સાતત્ય એટલે કન્ટિન્યુઅસ-એક પળ પણ બાકી નહિ, તો જ ભગવાનનું તમે દર્શન પામી શકો અથવા તેના ગુણધર્મો પામી શકો.

આપણા લોકો દર્શનનો અર્થ માત્ર રૂપ કરે છે. તે અર્થ મને બરાબર નથી લાગ્યો. મેં કશું વાંચ્યું નથી. મારા મનથી સમજેલો છું. તેના આકારમાં શું બળ્યું છે ? એના ગુણધર્મ આપણામાં પ્રગટે તે ખરું. ચેતનના ગુણધર્મ છે, તે આપણા જીવનમાં પ્રગટે તે દર્શન છે. દર્શન તો આ કહેવાય. રૂપ જોઈએ તે દર્શન નહિ. એ તો આકાર. એ દર્શન નથી, પણ એના જે ગુણધર્મ, એની શક્તિ, તે બધું આપણામાં પ્રકાશ પામે તે દર્શન છે. કોઈ ઠેકાણે શાસ્ત્રમાં હોય કે ના હોય તેની મને પરવા નથી, પણ મને ખરું લાગ્યું છે કે ખરું દર્શન તો આ જ છે. ભગવાનના ગુણધર્મ અને તેની કળાઓ બધી તે આપણા જીવનમાં ઊતરે અને પાછી સક્રિય થાય. ઊતરે તો ખરી પણ અંદર ને અંદર પડી ના રહેવી જોઈએ. સક્રિય થવી

જોઈએ., એટલું જ નહિ, પણ 'વી મસ્ટ બી અવેર ઑફ ઈટ.'-(તેનાથી આપણે જાગૃત રહેવું જોઈએ.) આપણે કામ કરીએ છીએ તે વિશે બહુ 'અવેર' નથી હોતાં. સાધારણ જરૂર જેટલું હેતુનું જ્ઞાન હોય છે, ત્યારે આપણને તે કર્મનો ખ્યાલ રહે છે, પણ એવું ના હોય તો સાધારણ કર્મ કર્યા જ કરીએ છીએ.

એકલું માત્ર કર્મ કર્યા જ કરીએ તે નહિ ચાલે, કર્મ શેને માટે ? એનું ઉદ્ભવ સ્થાન શું ? કરતી વખતે તે કોની સાથે સંકળાયેલું છે ? વળી, તેની સભાનતા ભગવાનની સાથે સંકળાયેલ-અવેરનેસ પેલા અનુભવીને હોવી જોઈએ. અને તે અવેરનેસ જીવતીજાગતી હોવી જોઈએ. પ્રયત્નથી નહિ. સહજમેળે જાગીને રહે ત્યારે ખરું. સૂક્ષ્મમાંથી આવો પ્રયત્ન કરતાં કરતાં પછી પેલા કારણ શરીરમાં પ્રવેશી શકે, નહિતર પછી શું થાય કે સૂક્ષ્મમાં ગયેલો જીવ પાછો પ્રકૃતિમાં આવે. સૂક્ષ્મમાં જઈને પણ આ થયા કરે, તો પછી કારણ શરીરમાં જઈ શકે.

**સ્વજન :** મોટા, તમે કહ્યું કે આ સૂક્ષ્મમાં જ્યારે આપણે હોઈએ ત્યારે આપણામાં સંસ્કાર ના પડે, ત્યારે આપણે ભાવમાં રહેવું જોઈએ. એટલે ભગવાનને સમર્પણ કર્યા કરવાથી ભાવમાં અવાય ?

**શ્રીમોટા :** ના, એમ નહિ. દા.ત., આપણે કશું કામ કરીએ છીએ. તમે અહીંથી મુંબઈ ગયા. મુંબઈમાં તો ચાલતા હોવ તોપણ સતત ગતિમાં જ હોવ છો, પણ તે સાથેનો સતત તમારો ભાવ, તમારા હેતુનો ભાવ, એ ખંડિત થતો નથી. એ કાયમ રહે છે જ. એવી રીતે સ્થૂળ શરીરમાંથી સૂક્ષ્મમાં ગયા.

સ્થૂળ હતા ત્યારે તો જ્ઞાન જ આપણને ન હતું. સૂક્ષ્મમાં જે થાય ત્યારે આ બધું ઓછું થતું જાય છે, એની મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની જે શક્તિ છે, તે સૂક્ષ્મમાં ઑર પ્રકારની જીવંત બને છે. 'કારણ'માં તો વળી ઑર પ્રકારની. આ એકની એક જ શક્તિ-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્-સ્થૂળમાં જુદી, સૂક્ષ્મમાં જુદી, કારણમાં જુદી. ત્યારે આપણે આ સ્થૂળમાં જે કરેલું છે, એ સૂક્ષ્મમાં તમે નહિ કરી શકો. સ્થૂળમાં જો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ને આપણે ભગવાનની સાથે ભગવાનના ભાવમાં એકાકાર કરી શકીએ, તો પછી સૂક્ષ્મમાં આગળ આપણાથી જવાય. એ ભૂમિકા આ શરીરમાં આપણે નહિ કેળવી હોય તો સૂક્ષ્મમાં આ કેળવવી અશક્ય છે. એટલે પાછા તમારે અહીં જ આવવું પડે, એટલા માટે જ આપણાં શાસ્ત્રોએ, અનુભવીઓએ, બધાંએ કહ્યું કે 'મોક્ષ માટે એક મનુષ્યજાત જ યોગ્ય છે. બીજી કોઈ યોનિમાં તમને મોક્ષ નહિ મળે.' કોઈ કહે, 'તો આપણે ક્યાં મોક્ષ મેળવવો છે ? તો કંઈ વાંધો નહિ. તું તારી મેળે રખડ્યા કર.' 'અમે ક્યાં રખડીએ છીએ. અમે આ બધું કામકાજ કરીએ છીએ. અમે કંઈ કામ કરનારા રાખ્યા નથી.' એમ કહેનારા અમે જાણ્યા છે. તો 'ભલે, તું ના રખડતો હોય તો.'- એવા જીવો પણ સદ્‌વિચારવાળા, સત્કર્મવાળા, સદ્‌ભાવવાળા, સદ્-ચેતનાવાળા, સદ્‌શક્તિવાળા એવા પુરુષોની સાથે સમાગમમાં આવે, પણ સમાગમ બે ચાર દિવસ નહિ. આપણે સાઠ વર્ષ જીવ્યાં અને પચાસ વર્ષ તેની સાથે ગાળ્યાં હોય તો પચાસ વર્ષ જેની સાથે ગાળ્યાં, તેના લીધે જે આપણને સત્સંગ થયો,

તેના પણ સંસ્કાર છે, એના લીધે આપણે સૂક્ષ્મ શરીરમાં આ પ્રક્રિયાને આપણે ચાલુ રાખી શકીએ છીએ અને ત્યાં આ પ્રક્રિયા સત્સંગને લીધે ચાલ્યા કરે છે. આપણે પોતે કંઈ કશું ના કર્યું હોય, કોઈ સાધન કર્યું ના હોય, કોઈ ક્રિયા ના કરી હોય અથવા તો ભગવાનને રીઅલી ભજ્યા ના હોય, ભજન ના કર્યું હોય, માત્ર વ્યાવહારિક રીતે તમારો સંબંધ હશે, તે આમાં નહિ ચાલે, પણ સાથે પ્રેમભાવ હોવો જોઈએ. ભાવ તો ના કરો પણ પ્રેમ, લાગણી તો વિશેષપણે રાખો. દુનિયાદારીમાં પતિપત્ની હોય છે, તેના કરતાં પણ વિશેષપણે લાગણી એની સાથે હોય, અને એવો સંબંધ એની સાથે, આટલો કાળ ચાલ્યો હોય, તો એ સંબંધ પણ આપણને તારનારો છે. એ વાત પણ ચોક્કસ છે. હકીકતની વાત છે.

રૅશનલી-(તાર્કિક રીતે) સમજાવું કે શાથી એમ છે ? તો પેલાની સાથે આપણો એટલો બધો મેળ છે કે પત્ની, મિત્ર, ભાઈ આ બધાંય કરતાં પેલાને વધારે ચાહીએ છીએ. એટલે એના હૃદયની સાથે, એનાં મન, બુદ્ધિ, ચિત્તની સાથે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત વધારે મળેલાં છે. એટલે બેનું થોડું ઘણું તાદાત્મ્ય છે. એટલે આની અસર પેલા ઉપર છે અને પેલાની અસર આના ઉપર છે. એકબીજાની અસર એકબીજાની સાથે વણાયેલી રહે છે. એટલે એ જ્યારે શરીર છોડે અથવા પેલો શરીર છોડે ત્યારે આને મૂકી દઈ શકતું નથી. જીવશાસ્ત્રમાં પણ એવું છે કે કોઈ કોઈને મૂકી દઈ શકતું નથી. આવો જેનો અત્યંત મોહ હોય, એટેચમેન્ટ એટલું બધું હોય ત્યારે એની સાથે જન્મવાનો જ. એનું પણ એવું જ છે. એવી રીતે આવા

પ્રકારનો જે માણસ છે કે જેને બીજાં બધાં સગપણ કરતાં પેલાની સાથે વધુ વહાલ છે, તેની સાથે તે જોડાયેલો છે. એની સાથે એક રીતે રમમાણ છે, તો એના સંસ્કારો છે, તે પેલામાં પડેલા છે અને એના સંસ્કારો આપણામાં પડેલા છે. પછી એને સંસારમાં ગમે નહિ. પછી આખરે એ પણ જાય છે અને સૂક્ષ્મમાં બંનેની મૈત્રી ઑર જામે છે. અને સૂક્ષ્મમાં બંને કામ કરતાં થઈ જાય છે. અને પાછા પૃથ્વી ઉપર મનુષ્યરૂપે આવીને સાથે આ જાતનો અભ્યાસ કરે છે. એટલે માત્ર તમે ભગવાનને માનો કે ના માનો પણ માત્ર તમે સત્સંગ કરો. સત્સંગ કરો એટલે ભગવાનનું નામ લો એમ નહિ, પણ આવા પ્રકારના જે માણસો છે કે જેને તમે જાણતા હોવ કે તમારા અંગત માણસે તમને કહેલું હોય તેની સાથે તમે જો આવો કોઈ સંગ કરી દીધો તોય આપણા જીવનનો ઉઠાવ સારો થાય છે. એ વાત પણ ઘણા લોકોએ અનુભવેલી છે. અને આપણા દેશમાં શ્રીમદ્ રાજચંદ્ર હમણાં જ થઈ ગયા. એમણે આ સત્સંગનો મહિમા બહુ જ ગાયો છે. આમાં ભગવાનની વાત વચ્ચે નથી આવતી. લોકો માને કે ના માને એ સવાલ નથી. માનવાથી નહિ પણ અનુભવવાથી જ પત્તો ખાય. નહિ તો અનુભવ થતાં કાળના કાળ વહી જાય. એના કરતાં આ રીત સારી કે 'ચાલો આપણે કરતાં તો થાવ.' એમ કરતાં કરતાં આપણાથી એવી સ્થિતિમાં આવી જવાય.

**સ્વજન :** (જ્યોતિબહેન) મોટા, તમે કહ્યું છે કે આ જે ઊંચા 'જીવ'ની સાથે સંપર્કમાં આવીએ એટલે આપમેળે....

**શ્રીમોટા :** ઊંચા જીવની સાથે આપણે સંપર્કમાં આવીએ એટલે આપમેળે આપણી ઊર્ધ્વગતિ થાય. 'આવીએ'નો અર્થ

આપણે આમ મળ્યાં એમ નહિ, પણ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એની સાથે મળવાં જોઈએ. અને તે એક વખત નહિ પણ સતત દિવસમાં આપણું મનનચિંતવન ચાલતું હોય અને ઘણાં વર્ષો સુધી આપણો સંબંધ રહે તો. આપણી કોન્શ્યસનેસ એનામાં હોવી જોઈએ. અને એ ઊંચો જીવ જો હોય તો એની કોન્શ્યસનેસ તો આપણામાં રહે જ, પણ આપણી પણ રહેવી જોઈએ.

**સ્વજન :** (જ્યોતિબહેન) હમણાં હું જે વાંચું છું એમાં એવી થીઅરી આવે છે કે પહેલાં હ્યુમન ફૉર્મ હતું, પણ બીજું બધું ઍનિમલ-(પ્રાણી) ટાઈપનું હતું. પછી હાયર ઈન્ટેલિજન્સ બીજી પૃથ્વી ઉપરથી આવીને આપણામાં સૂક્ષ્મ પ્રકારનું મૂક્યું. અને એમાંથી આપણું ડેવલપમેન્ટ-(વિકાસ) થયું.

**શ્રીમોટા :** ઘણાં કહે છે કે બીજી પૃથ્વી ઉપરથી આપણે આ પૃથ્વી ઉપર પહેલ વહેલા જીવો આવેલા. જીવને વસવા લાયક પૃથ્વી થઈ ત્યારે બીજી પૃથ્વી ઉપરથી આ બધા જીવો અહીં આવેલા એમ કહે છે. એ તો વાત જવા દો. આજે પણ એ ક્રિયા બની રહી છે. બીજી પૃથ્વી ઉપરથી કોઈ જીવ અહીં આવે છે. આપણી પૃથ્વી ઉપરથી કોઈ જીવ ઉપરની બીજી પૃથ્વી ઉપર જાય છે. મદદ કરવા માટે કે કેમ-આજે તે આપણે નક્કી કહી શકીએ. આપણા મનથી માનવું હોય તો માની લો, પણ નક્કી ના હોય. તે તો એ જ જાણેને ! તે શા માટે આવ્યો છે ? તેનો હેતુ તો એ જ જાણે. અથવા તો એવી સ્થિતિમાં આપણે ત્યાં પહોંચ્યાં હોઈએ તો માનીએ. બહુ બહુ તો આપણે તે બુદ્ધિથી માની લઈએ કે કોઈક આપણો ઉદ્ધાર કરવા આવેલો

છે, ઉદ્ધાર થવાની આપણી અવેરનેસ જ ના જાગી હોય તો કોઈ દિવસ ના થાય. ભગવાન તમારી સાથે આવીને રહ્યો હોય તોય ઉદ્ધાર ના થાય. અવેરનેસ એ મુખ્ય. એ જાગેલી હોવી જ જોઈએ. અવેરનેસ જાગેલી ના હોય-દિવસમાં એકબે મિનિટ જાગીએ એ નહિ ચાલે. અવેરનેસની કન્ટિન્યુઇટી જોઈશે, તો પત્તો ખાય. એ ક્રિયા આજે ચાલી રહી છે. અહીંથી ઉત્તમ પ્રકારના માણસો ઊર્ધ્વગતિમાં જાય છે. નિમ્ન પ્રકારના માણસો બીજે જાય છે. પણ આ તો મારા મોઢે નથી કહેતો, **'ગીતા'**ના આધારે કહું છું. આજે પણ એ પ્રક્રિયા ચાલુ જ છે. કોઈક કોઈક આપણે ત્યાં આવે છે પણ ખરા. આપણે ઓળખી શકતાં નથી. કોઈ ઓળખી શકતાં નથી. ક્યાં ઊતરતો હશે ? અને ક્યાં રહેતો હશે ? અને ક્યાં રમતો હશે ? શું કરતો હશે ? એની આપણને કાંઈ ખબર નથી. અને અત્યાર સુધી કોઈએ ખબર આપી નથી. શાને માટે અહીં આવ્યો તે તો તે જ જાણે. આપણે અનુમાન કરીએ તે નહિ ચાલે.

તા. ૯-૧૦-૧૯૭૪

**સ્વજન :** મોટા, સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ-આ ત્રણ ભાગ પાડ્યા-'કારણ' નામ શાથી ?

**શ્રીમોટા :** 'કારણ' નામ એટલા માટે કે દરેક જે કંઈ એગ્ઝિસ્ટન્સ-(અસ્તિત્વ) છે, તેની પાછળ કોઈ ને કોઈ કારણ છે. તે આપણા બધાંથી સ્વીકારાય એવી હકીકત છે. આ જે બ્રહ્માંડનું એગ્ઝિસ્ટન્સ છે, એની પાછળ કંઈ કારણ છે. એ કયું કારણ છે એ મનુષ્યો, શાસ્ત્રો, વિદ્વાનો, પ્રોફેસરો શોધી શક્યાં નથી. કોઈ શોધી શક્યાં નથી. ઈશુ ભગવાન પણ એમ કહે

છે કે 'ધેર વૉઝ એ વર્ડ'. એ 'વર્ડ' એટલે આપણે બોલીએ છીએ તે નહિ. આકાશ. આકાશનું એગ્ઝિસ્ટન્સ સૌથી પહેલું હતું. આપણાં શાસ્ત્રોમાં પણ એવું આવે છે ખરું, પણ શાથી આ બ્રહ્માંડ અને બધું ઉત્પન્ન થયું છે ? એનું મનન બહુ આવતું નથી. એ વિશે શો વિચાર કરવો ? એના વિશે વિચાર કરીએ એવી કોઈ આપણી માનસિક પરિસ્થિતિ નથી, કે જેથી નક્કી કરી શકીએ કે આ શાને કારણે છે ? જ્ઞાન તો ભર્યું પડ્યું હતું, પણ જેનું એગ્ઝિસ્ટન્સ છે નહિ, તેના પરત્વેના જ્ઞાનની જરૂર શી ? તેના વિશે કહો કે બોલો તો એ સાચું છે કે ખોટું એ પુરવાર કરી આપવા માટેનાં કારણો આપણી પાસે હોય નહિ. આપણા લોકોએ એમ જ કહી દીધું કે 'અનંત' છે. અંત જ નથી. અનંત છે. એનું બિગિનિંગ-(આદિ) પણ નથી અને એનો અંત પણ નથી. બસ એમ કહ્યું.

**સ્વજન :** (જ્યોતિબહેન) હું એમ પૂછવાની હતી કે 'વ્હાય' શાને માટે આ એગ્ઝિસ્ટન્સ છે ?

**શ્રીમોટા :** મારી વાત સાંભળ. એમ માનો કે આ માત્ર 'સુપર્ફિસ્યલ આઈડીઆ'-(ઉપરછલ્લો વિચાર) છે. એની પાછળ પડીને શોધવાની આપણને ખાંખત ક્યાં છે ? સતત એની પાછળ પડીને, સતત એને શોધવા માટેનું મનનચિંતવન જે હોવું જોઈએ તે આપણામાં ક્યાં છે ? એટલે પછી મળે જ નહિ. એટલે જે કહે તે સાંભળવાનું. એ સિવાય બીજું કંઈ ન મળે. આપણે પોતે જાતે જે સત્ય શોધવું હોય તે સત્યને દાખલ કરવું જોઈએ. અને એનું જે કંઈ મનનચિંતવન ઘણા કાળથી જે રહે તેમ કરવા છતાં એ જડે કે કેમ ? આમાં કાળની વાત

નથી. મંડ્યા રહો તો જડશે. સતત એકધારા મંડ્યા રહેશો તો એક કાળે એ તમને જડશે. એવી શોધ કરવી તો છે નહિ, પછી શું કરવા માથાઝીક કરવી ? જે વસ્તુ આપણાથી બની શકે તેમ છે નહિ, તેને વિચારવાનું નકામું. એમ નકામા નકામા મનમાં ઘણા વિચારો કરીએ છીએ. પછી વિચારો આપણને બાંધે છે, એની આપણને ખબર નથી. એટલે જેટલા નકામા વિચારો ના થાય, નકામું વિચારવાનું ના થાય, તેટલું આપણા માટે બહુ ઉત્તમ છે. મનમાં જે વિચારો થયા કરે અને વ્યક્ત થયા કરે એ બંનેમાં ફરક છે. મનમાં જે વિચારો થયા કરે એ જે સર્જન કરશે અને જે બોલેલા શબ્દ છે, બોલેલા વિચારો છે એ જે સર્જન કરશે એ ચિત્તમાં જે સંસ્કારો પાડશે-એ બંનેમાં ફરક પડે છે. જ્યારે બંને પ્રગટ થાય, બંનેની જ્યારે ભૂમિકા જાગે અને પ્રગટ થાય ત્યારે બંનેમાં આસમાન જમીનનો ફરક હોય છે. એ શાસ્ત્રનો વિષય છે. એટલે આપણે ગમે તેવું ન વિચારીએ-ન બોલીએ એ બહુ જરૂરનું છે. બીજાને માટે નહિ, પણ આપણા પોતાના વિકાસને માટે જરૂરનું છે. એટલું બધું જરૂરનું છે કે એ તો અનુભવી હોય તે જ સમજે. જે કામ કરવાનું આવે ત્યારે જરૂર એ વિશે વિચારીએ. એવી ટેવ પડી જાય. જ્યારે કામ કરવાનું આવ્યું ત્યારે તરત એનો ઉકેલ આપણને જડે. આપણે એવી રીતે જીવન જીવીએ તો ભયંકરમાં ભયંકર મુશ્કેલીવાળું કામ આવ્યું ત્યારે તરત જ આપણાથી એનો સામનો થઈ જાય છે. એટલે 'ના બોલ્યામાં નવ ગુણ' કહેલા છે, તે બહુ સાચી વાત છે, પણ એટલું નક્કી કરવું જોઈએ કે આપણે કેમ સાચું નથી બોલતાં ? બધાંનો હેતુ

રાખીએ. હેતુ વગરનું જે કંઈ કરીએ તે અર્થ વગરનું હોય છે. તેનો કંઈ ભલીવાર થાય નહિ.

આકાશ માટે જે કહ્યું એ આકાશ મારા કન્સેપ્શન-(વિચાર)માં નહિ આવેલું, પણ અનુભવ થયા પછી આવ્યું. આ જે આકાશ દેખાય છે, તેમાં અનેક બ્રહ્માંડો છે એ આકાશ નહિ, પણ જેમાં આ બધું કંઈ કશું જ નથી, એવી જાતનું જે તત્ત્વ છે તે આકાશ. જેમાંથી આ બધું છે તે આકાશ ખરું. જેનો કોઈ આકાર નથી. જેનો કોઈ રંગ નથી. જે કંઈ પાતળું નથી, જાડું નથી, માત્ર અનંતાનંત વિસ્તાર પામેલું છે. કોઈ જગ્યા એવી નથી કે જ્યાં આકાશ નથી. આ આકાશને બ્રહ્મની સાથે સરખાવી શકાય. 'ભગવાન' છે એમ પણ કહી શકાય. એવી સ્થિતિવાળું જે આકાશ છે. આ બધું કંઈ નથી. બ્રહ્માંડ જે કહીએ છીએ તે કંઈ જ નથી, જેમાંથી એ બધાં થયાં છે. આકાશમાંથી બધાં થયાં છે તે વાત સાચી. ગ્રહો, તારાઓ, આ બધું આ-તે-જે તે બધું થયું છે, તે બધું આકાશમાંથી થયું છે, એને આપણે આકાશ કહીએ છીએ.

અનુભવ થઈ ગયા પછી શરીર જીવતું હોય છે, ત્યારે પણ 'આ બધું છે' એમ કહે છે, પણ આખો દિવસ એ જે કંઈ કરે છે તેમ છતાં તે જ સ્વરૂપે તે નથી. આ શંકરાચાર્યે કહ્યું કે આ બધું છે ખરું પણ મિથ્યા છે. એટલે આ બધું અસલ સ્વરૂપમાં નથી. અસલ સ્વરૂપમાં આત્મા છે. એ આત્માના સ્વરૂપમાં ક્યાં છે બધાં ? એટલે આ મિથ્યા છે. એ અર્થમાં એમણે કહ્યું છે. અત્યારે આપણે માનીએ કે ના માનીએ, પણ આપણે આકાશમાં જ છીએ, આકાશથી જ છીએ અને

આકાશમાં, આકાશથી અને આકાશના. આ ત્રણે ત્રણથી આપણે છીએ. એટલે એ આકાશ વિશે સતત વિચાર કરી શકીએ એવી આપણી માનસિક સ્થિતિ નથી. અથવા તો કરી શકાય તેમ નથી. તેથી આપણાં શાસ્ત્રો-અનુભવીઓ એમ કહે છે કે 'તમે ભગવાનનું નામ લો' કબીરજીએ કહ્યું છે કે ભગવાનનું નામ લો. **'જપજી'** નામની એમણે ચોપડી લખી છે. જેટલાં જેટલાં સંતમહાત્મા થઈ ગયાં, આપણા એકલાના ધર્મના નહિ બૌદ્ધ, જૈન, મુસલમાન અને ખ્રિસ્તી ધર્મના પણ-બધાંએ જપ ઉપર ભાર મૂક્યો છે. એ કૉમન ફૅક્ટર છે. એ કૉમન ફૅક્ટર સાચું છે. દરેક ધર્મમાં માળા હોય છે. જૈનમાં છે. માળા એ દરેકમાં કૉમન ફૅક્ટર છે. માળા ના હોય અથવા માળાને કાઢી નાખો તોપણ જપ એ કૉમન ફૅક્ટર છે. એ કૉમન ફૅક્ટર હોય તે સાચું હોવાની શક્યતા ખરી. એટલે જે રીતે ભગવાનનું નામ લઈ શકતા હોઈએ, ભલે આપણે બુદ્ધિથી ના કરતાં હોઈએ, પણ બુદ્ધિથી મનાય એવું છે. અત્યાર સુધી એના ઘણા પ્રયોગો થયા. ઐતિહાસિક દાખલા આપણે જાણેલાં. અનુભવ જ્યારે થાય છે ત્યારે દુનિયાનું, આ બ્રહ્માંડનું ભાન આપણને એ રીતે થતું નથી. બહુ બહુ તો એટલું સમજે કે ક્રીએશન ઑફ લૉર્ડ-(ઈશ્વરની રચના)બહુ બહુ તો એટલું સમજે છે. એમાં ઊંડા ઊતરવાનું-'આ શું હતું ? શું છે ? શાથી થયું ? એ બધું કદી એને વિચારવાનું મન થતું નથી. એને સમાધાન થઈ જાય છે.

દરેક વસ્તુનું કારણ તો હોવું જ જોઈએ. કારણ વિના તો કશું જ બને નહિ. કશું નીપજી ના શકે. કશું હોઈ ના શકે.

દરેકનાં મૂળમાં કારણ તો છે જ. કશાનું એગ્ઝિસ્ટન્સ કારણ વિના ના હોય. કદાપિ નહિ. આપણે બુદ્ધિથી વિચારીએ છીએ. પણ બુદ્ધિથી ન વિચારો તોપણ 'કારણ' છે. એ કંઈ વિચાર કર્યો તો કંઈ કારણ હોય તો જ વિચાર કર્યો. જે કંઈ બને છે, તે કારણને લીધે જ બને છે. એમ ને એમ કશું બનતું નથી.

આખા બ્રહ્માંડના ત્રણ ભાગ પાડ્યા. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. સ્થૂળ તો આપણે જોઈ શકીએ છીએ. આંખથી દેખાય છે. સ્થૂળની પાછળ સૂક્ષ્મ રહેલું છે. તે પહેલાં કોઈ માનતા ન હતા. પણ આજે તો એવા કૅમેરા નીકળ્યા છે કે સૂક્ષ્મનાય ફોટા પડે છે. હું હમણાં મુંબઈ ગયેલો ત્યારે સૂક્ષ્મની વાત કરતો હતો. ત્યારે એણે કહ્યું કે 'એના ફોટા પણ પડે છે. બહુ મોટા કીમતી કૅમેરા નીકળ્યા છે. માણસ સૂક્ષ્મ સ્વરૂપને સમજે.' મેં કહ્યું, 'એ તો જોયા વિના મનાય તેમ નથી. જોઈએ તો માન્યામાં આવે.'

હવે, સૂક્ષ્મના પણ ફોટા પડે છે. એટલું જ નહિ પણ ભૂતપ્રેતના પણ ફોટા પડે છે એમ એ માણસ કહેતો હતો. એનું કેટલું સાચું છે, એ તો ભગવાન જાણે ! દિવસે પણ લાગે છે. દેખાય તેવા પણ છે અને ના દેખાય તેવા પણ છે. એનાય ફોટા પડે છે. એટલે એક કાળ એવો આવે કે હકીકત સાચી હોય. આ સૂક્ષ્મ છે તેના આવી રીતે માણસો ફોટા પાડે છે અને તરત જોઈ શકાય છે. તો કાલ ઊઠીને આપણે એ દુનિયાને પણ જોઈ શકીએ, એ દુનિયાને જાણી શકીએ, અનુભવી શકીએ, એવી માનસિક પરિસ્થિતિ આપણી થાય ખરી. આ જો સાચું હોય તો એમ માનવામાં આપણી પાસે પૂરતું કારણ

છે. સૂક્ષ્મને આપણે પકડી શકીએ. એ સૂક્ષ્મ પકડીને સૂક્ષ્મનો ઉપયોગ કરીએ તો આપણને પછી 'કારણ'ને સમજતાં વાર લાગવાની નહિ. એટલે જો કારણને સમજ્યા તો બધું સમજ્યા. અત્યારે એવા લોકો બહુ ઓછા છે. આ સૂક્ષ્મને વિશે આપણા આ જ્ઞાની લોકો જે વાત કરે છે, એમને અનુભવ ખરો. આ ફોટા પાડી સૂક્ષ્મને બતાવી શક્યા છે. એવી રીતે અનુભવ કોઈને થયા નથી. એમને પોતાને માનસિકપણે થયેલા એ બધી વાત સાચી. એની ના પડાય નહિ. આ બહેને જે વાત કરી એ સૂક્ષ્મ ફોટાથી પણ એને જાણી શકાય છે અથવા સમજી શકાય છે. એ જો સમજી શકાય છે કે આ સૂક્ષ્મ છે કે નહિ, તો આગળ જતાં જ્ઞાન ઘણું આગળ વધે. જ્ઞાન હંમેશાં કંઈ અટકતું નથી. જે કંઈ શોધ થઈ તે શોધ વપરાશમાં આવતાં આવતાં ઘણી આગળ વધે છે. એ થયા પછી ઠરી જતી નથી. એ હંમેશાં ઉપયોગમાં આવતી જ રહે છે અને જેમ જેમ ઉપયોગમાં આવતી જાય, તેમ તેમ એ ખીલતી જાય, તેમ તેમ તેનો ઉપયોગ વધતો જાય. અને એમાંથી નવું નવું નીકળ્યા કરે છે. એવી રીતે એક સ્થિતિ આવે છે કે સૂક્ષ્મનો આપણે ઉપયોગ કરતાં થઈએ. એ સૂક્ષ્મમાંથી આકાશનું સનાતન જ્ઞાન જતે દિવસે મળે ખરું.

કરાંચીમાં એક ફકીર ફૂટપાથ ઉપર બેસી રહેતો હતો. હું એમની પાસે બેસી રહેતો. મારે અને એને જરા સારો સંબંધ થયેલો. પેલા મૅનેજર મારા ઉપર ગુસ્સે થાય. મને કહે, 'સાધુ પાસે બેસીને મારી આબરૂ બગાડો છો !' કંઈકથી કંઈક જવાની વાત કરે. મને કહે, 'ચાલ આપણે સાથે જઈએ.'

આવું કોણ કરી શકે છે ? કાળ ભગવાન પણ જેની સાથે છે, તેવો તો કોઈક જ જવલ્લે જ. સામાન્યપણે તો એમ જ કહેવાય કે આપણે તેનાં રમકડાં છીએ. કાળ ભગવાન તો ભગવાનની અંદર જ સમાઈ ગયેલો છે. એટલે તેનાં આપણે રમકડાં છીએ.

**સ્વજન :** જેણે માસ્ટરી મેળવી હોય, તે કાળથી પર જઈ શકે ?

**શ્રીમોટા :** આપણા મહાભારતમાં એવો દાખલો આપ્યો છે કે ભીષ્મપિતામહ કાળને થંભાવી રાખે છે. કહે છે કે ‘હમણાં નહિ. ઉત્તરાયણ કે દક્ષિણાયન એવું કંઈક કહે છે, એમાં જઈશ. ત્યાં સુધી બાણશય્યા ઉપર સૂવે છે. બાણશય્યા ઉપર સૂવે છે, એ પણ સિમ્બૉલિક-(પ્રતીક) છે. એટલે જીવનનાં અનેક કાળનાં અનેક સંભારણાંઓ, અનેક જન્મનાં સંભારણાંઓ તે વખતે પ્રગટે છે. એની ઉપર તે નિશ્ચિંતતાથી, શાંતિથી સૂઈ જાય છે. ભીષ્મપિતામહ તો જ્ઞાની પુરુષ હતા, અનુભવી હતા. એટલે બાણશય્યા ઉપર સૂવે છે, તે બતાવે છે કે અનેક જન્મોનાં આવાં સંભારણાંઓ છે, જે સુખદ નથી.

**સ્વજન :** બાણશય્યા ઉપર સૂવે એ હિસાબે-અનેક જન્મોના સંસ્કાર પડેલા....

**શ્રીમોટા :** અનેક જન્મોના સંસ્કાર જાગે છે. જ્યારે શરીર મરવાનું થાય છે ત્યારે એ સંસ્કારો જાગે છે. કોઈક અકસ્માત થાય અને ક્ષણમાં મરી જાય છે, અને એ ક્ષણમાં પણ એ સંસ્કારો લાખો હજારો વાર જન્મી શકે છે.

તા. ૭-૧૦-૧૯૭૪

**॥ હરિ:ૐ ॥**

॥ હરિઃૐ ॥

# સૂચિપત્ર


અક્કલકોટના સ્વામી-૧૦૭
અનુભવીની ઇંદ્રિયો-૯૦
-ની ઓળખ-૧૦૮
-ની જાણકારી-૨૨
-ને કાળ-૯૭, ૯૮
-અને ભગવાન-૨૩, ૨૪
-ની ભાષાની જાણકારી-૫૨
-ની પર્સનાલિટીનો કાળ-૮૪
-નો ભાવ-૧૩
-સાથે સોબત-૧૫
-ની મહેચ્છા-૭૫
-નું મિસ્ટિસિઝમ-૮૦, ૮૧
-વિકારરહતિ-૭૯, ૮૦
-અને વિજ્ઞાન-૬૨
-સાથે સમાગમ-૧૧૯
-સાથે દિલનો સંબંધ-૯૧
-ની સોબતમાં પ્રક્રિયા-૧૨૨
-ને સ્વપ્ન-૧૦૫
અનંતાનંત જીવન-૧૦
અન્ય ગ્રહોમાં પ્રવેશ-૧૯, ૨૦
અભ્યાસ-૭૦
અમદાવાદ-૪૯
અમેરિકા-૫
અસ્તિત્વનો આનંદ-૯૯
અહમ્-આનંદ ભોગવતાં-૩૮
આત્માનો અનુભવ-૧૦૩
-ની સ્વાતંત્ર્ય શક્તિ-૧૮
આનંદનો અનુભવ-૨૯
નિરાકારમાં-૩૬, ૩૭
ભગવાનનું રૂપ (દૃષ્ટાંત)-૩૨
આફ્રિકા-૫
ઇજિપ્ત-૬
ઇઝરાયલ-૪
ઉદ્ધાર માટે અવેરનેસ-૧૨૨
ઉપરછલ્લા વિચારો-૧૨૪
'ઉપરામણું એટલે'-૨૮
ઋગ્વેદ-૩૦
કબીર (સંત)-૮૬, ૧૨૭
કરાંચી-૩૨, ૩૪, ૧૨૯
-માં ફકીર (પ્રસંગ)-૧૨૯
કચ્છ-૪
કર્મ કરતાં-૬૯, ૭૦
-પ્રભુપ્રીત્યર્થે-૮
કર્વે-૪૬
'કારણ'-૧૧, ૩૩, ૫૯, ૧૧૮, ૧૨૩, ૧૨૮
કાવેરી (નદી)-૪૮
કાઠિયાવાડ-૧૪
કાળથી પર-૧૩૦
કાંતાબહેન (ડૉ.)-૫૪

કુબેરદાસ-૪૪
કુંભકોણમ્-૪૮, ૫૪
કેશવાનંદજી (ધૂણીવાળા દાદા, શ્રીમોટાના ગુરુ)-૫૨
કૃષ્ણમૂર્તિ (જે)-૩૪, ૩૫
-નું પ્રવચન (શ્રીમોટાનો અનુભવ)-૩૬
ગતિનું પૃથક્કરણ-૧૧૪, ૧૧૫
ગિરીશચંદ્ર-૧૫, ૧૬
ગુણોનું પૃથક્કરણ-૧૦૯
ગોપાલદાસ (પ્રસંગ)-૫૩, ૫૪
ગુરુમહારાજનો હુકમ (ચોરી કરવાનો)-૫૯
ગ્રીસ-૬
ચીન-૬
ચંદુભાઈ પટેલ-૫
જ્યોતિબહેન-૧૨૧, ૧૨૨, ૧૨૪
જળચરયોનિ-૯૮
જીવ શરીર છોડે ત્યારે-૯૯
ટાગોર (શ્રી રવીન્દ્રનાથ)-૩૪
ઠક્કરબાપા-૮૩
તટસ્થતા-૧૦૨
-અને સમત્વ-૧૦૩, ૧૦૬
તુલસી (સંત)-૨૦
'દર્શનનો અર્થ'-૧૧૭
દાન (પ્રસંગ)-૬૩
-નો મહિમા-૬૩
દુઃખથી યાદ-૪૭
દેશના આદિમાનવ-૨૯
ધીરજબહેન-૧૪, ૫૩, ૫૪, ૬૦, ૬૧, ૧૦૫
નડિયાદ-૫
-આશ્રમ-૪૪
'નર્મદાષ્ટક' (શંકરાચાર્ય)-૩૬
નમ્રતાની કેળવણી-૬૭
નરસામાં આનંદ-૨૭
નરસિંહ મહેતા-૨૮, ૩૯
નવસારી-૮૫
નવો જન્મ-૧૦૦
નંદલાલ-નંદુભાઈ-૪૩, ૪૪, ૪૮, ૪૯, ૫૦, ૫૪, ૬૩, ૧૧૬
-ના મામા (ગોપાળદાસ)-૪૩
નાનુભાઈ-નિત્યાનંદ (પ્રસંગ)-૪૯
નામી કરતાં નામ-૫૪
નારાયણ સ્વામી-૭૬
'નિમિત્ત'- ૯૨ થી ૯૬
નિમિત્ત પરંપરા-૫૮
નૈતિકતા-૮૮
નૈરોબી-૫
નોઆઝા-૧૪
'પિંડે તે બ્રહ્માંડે'-૬૭
'પુરુષ' એટલે-૩૭
પૈસા (દૃષ્ટાંત)-૬૪
પ્રકૃતિ-આત્માનું રૂટિન-૧૮, ૩૦
પ્રલયની સમજ-૧૩
પ્રાર્થના (શ્રીમોટાની)-૭૪

પ્રેમને લીધે-૫૬
બધાંનું મૂળ-પોતાનામાં-૩૮
બાળયોગી-પ્રત્યક્ષ (શ્રીમોટાના ગુરુ)-૮૨
બ્રહ્માનંદ-૭૭
બ્રહ્મા-વિષ્ણુ-મહેશ-૧૧૩, ૧૧૪
ભગવાન-૨૨, ૨૩
-ને લીધે-૨૭
-ની વ્યાખ્યા-૨૪
-નું અવતરણ-૩૨
-નું નામ-૧૨૭
-નો ભાવ-૩૬
'ભગવાન કરે તે'-૬૫
ભટ્ટ સાહેબ (પ્રો. એ.જી.ભટ્ટ)-૯૩
ભયમાંથી મુક્તિ-૬૬
ભાવ એટલે ?-૮૫
-જાગે ત્યારે-૧૦૧
-માં આવવાની રીત-૧૧૮
ભીષ્મપિતામહ (દૃષ્ટાંત)-૧૩૦
મનન ચિંતવન-૪૦, ૧૨૨
મરણ સ્થિતિ-નવો આનંદ-૪૮
મરણ સમયે-૧૩૦
-નામસ્મરણ-૪૨, ૪૩, ૪૪
મુક્તાબહેન (ડૉ.)-૫
મુશ્કેલીથી વિકાસ-૭૧
મુંબઈ-૧૧૮, ૧૨૮
**'મોટા'**નું બહુરૂપ-૧૧૬
-ના શરીરની વેદના-૪૯
-ની ભૂમિપૂજનવિધિ-૫૫, ૫૬
-ને ભાવસમાધિ-૮૬
મોક્ષ માટે માનવદેહ-૧૧૯
મૌનએકાંત-૬૬
મૃત્યુના અનુભવની જરૂર-૭૭, ૭૮
યુરોપ-૫
રખડપટ્ટી ('જીવ'ની)-૧૧૧
રમણ મહર્ષિ-૭૬, ૭૮
રમણભાઈ (અમીન)-૫૪
રશિયા-૬
રંગ-ચામડીના-૫
રાજચંદ્ર (શ્રીમદ્)-૧૨૧
રામકૃષ્ણ (પરમહંસ)-૧૫, ૧૬, ૭૬
-અને ગિરીશ ઘોષ (પ્રસંગ)-૧૫
રામચંદ્ર (ભગવાન)-૨૧
રામનવમીનો અનુભવ-૧૨
રામભાઈ (પટેલ)-૫૪
રાસલીલાનો મર્મ-૧૨
રોમ-૬
લગ્ન પ્રસંગ (શ્રીમોટાનો)-૧૦
લૂગડાની પોટલીમાં દાગીના (પ્રસંગ)-૪૯
વજુભાઈ જાની-૪૪
વિચાર અને શબ્દ-૮૭
-થી સંસ્કાર-૧૧૨
વિવેકાનંદ-૭૭
વિજ્ઞાન-ભગવાન-૩૧, ૩૨
વેદના (શ્રીમોટાની)-૪૮

-માં આનંદ-૭૬
-થી યાદ-૪૭
શક્તિપાત-૪
શરીરધારી-અનુભવી-૫૭
શરીરમાં ‘સેલ’-૮૭
શંકરાચાર્ય-૩૬, ૫૪, ૧૨૬
‘શ્રીસદ્‌ગુરુ’ (ગ્રંથ)-૮૭
શ્રેયાર્થીનાં વિકાસ લક્ષણ-૧૦૧, ૧૦૨
સચ્ચિદાનંદ-૨૬, ૨૭
સર્જન ક્યારે ?-૩
સત્સંગ-સોબત-૪૧
સમર્પણ-પછી મંથન-૮૩
સરસ્વતી-૧૧૪
સહજ સમાધિ-૮૬
‘સહજતા’નો મર્મ-૧૦૬
‘સંપર્કમાં આવવું’-૧૨૧
સંસ્કાર-૪૦, ૧૧૦, ૧૧૨
સંસ્કૃતિ વિશે-૫, ૬
સાકારમાંથી નિરાકાર-૩૬
સાધનામાં સ્વાદવૃત્તિ-૬
સાયલા-૪૫
સાયલાનાં રાણી (પ્રસંગ)-૪૫
‘સાવિત્રી’ (શ્રીઅરવિંદનું મહાકાવ્ય)-૧૦૫
સાંઈબાબા-૧૦૭
સિંધિયા સ્ટીમ નૅવિગેશન-૩૪
સુરત-૧૬
-આશ્રમ-૬૩
-ના મહાત્મા (દૃષ્ટાંત)-૧૬, ૧૭
સુરેશભાઈ-૭૯
સૂર્યમાળાનું વાતાવરણ-૨૦
સૂક્ષ્મ શરીર-૯
-ની ગતિ-૮૨
-નો અનુભવ-૮૯
-ના ફોટા-૧૨૮
સૌંદર્યની વ્યાખ્યા-૨૬
હરિજન આશ્રમ-૪૬
હિંદુસ્તાન-૨૯
હેમંતભાઈ-૮૬
હોવાપણાની સભાનતા-૨૪

•

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

એ જો શરીરધારી છે તો એને નિમિત્ત છે. ભગવાનને નિમિત્ત નથી. ભગવાન સર્વત્ર પ્રસરેલો છે. એ શરીરધારી મનુષ્ય સર્વત્ર પ્રસરેલો હોઈ શકતો નથી. ત્યારે ભગવાનમાં કોઈ કાળ નથી. ભૂત નથી, ભવિષ્ય નથી, વર્તમાન નથી-કંઈ નથી. શરીરધારીને છે. એટલે એક રીતે તપાસીએ તો તો, ભગવાનની જે અનંત શક્તિ છે, તેટલા પ્રમાણમાં તે શરીરધારીને હોતી નથી. ત્યારે બધી રીતે વિચારીએ, તો શરીરધારી ગમે તેટલો મહાન હોય, પણ ભગવાનની તોલે નહિ આવી શકે, પણ આજે બધા લઈ મંડ્યા છે, કે આ જ ભગવાન છે. તો લઈ મંડવા દો ! શું કરીશું આપણે ?

- શ્રીમોટા

*'એકીકરણ સમીકરણ', ત્રીજી આ., પૃ. ૨૨*

કિંમત : રૂ. ૧૫/-